بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**અહલે સુન્નત વ જમાઅત**

# برکاتِ خواجہ

# બરકાતે ખ્વાજા

**માસિક**

ચા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧-એપ્રિલ-૨૦૦૮**

**રબીઉલ અવ્વલ-રબીઉલ આખર**

**હિજરી સન : ૧૪૨૯**

**વર્ષ : ૦૫, અંક : ૦૪, સળંગ અંક : ૫૨**



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧**

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)**


## કયા મહકતે હૈં મહકનેવાલે !

કયા મહકતે હૈં મહકને વાલે
બૂ પે ચલતે હૈં ભટકનેવાલે
જગમગા ઉઠી મેરી ગોર કી ખાક
તેરે કુર્બાન ચમકનેવોલે
મહ બે દાગ કે સદક઼ે જાઉં
યું દમકતે હૈં દમકનેવાલે
ગુલે તૈબા કી ષના ગાતે હૈં
નખ્લે તૂબા પે ચમકનેવાલે
આસિયો થામ લો દામન ઉન કા
વો નહીં હાથ ઝટકને વાલે
સુન્નીયો ઉન સે મદદ માંગે જાઓ
પળે બકતે રહેં બકનેવાલે
મૌત કહતી હૈ કે જલ્વા હૈ ક઼રીબ
એક ઝરા સો લે બિલકનેવાલે
જબ ગિરે મુંહ સૂએ મૈખાના થા
હોશ મેં હૈં યે બહકનેવાલે
શમ્એ યાદે રૂખે જાના ન બુઝે
ખાક હો જાએં ભળકનેવાલે
કફે દરયાએ કરમ મેં હૈ **'રઝા'**
પાંચ ફવ્વરે છલકને વાલે

**જરૂરી નોંધ :** બરકાતે ખ્વાજા (માસિક) થકી ચાલતી લેખ હરીફાઈ કેવળ દારુલ ઉલૂમ કે મદરસાના તલબા તથા દીની શોખ ધરાવતા સ્કૂલના વિદ્યાર્થીઓ માટે જ છે. જેથી દારુલ ઉલૂમના ઉસ્તાદ તેમજ વડીલ મિત્રો તલ્બા તથા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી જાતે લખવા પ્રોત્સાહિત કરે. લખાણ શુદ્ધ ગુજરાતીમાં જ મોકલવું.

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**web. : www.barkatekhwaja.net**

**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

**બરકાતે ખ્વાજા (માસિક)** **એપ્રિલ-૨૦૦૮**

**વર્ષ : ૦૫** **અંક : ૦૪** **સળંગ અંક : ૫૨**


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **દેવબંદને ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો આપવાની જરૂર કેમ પડી ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૦ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૨ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૪ |
| ૦૬. | વાહ કયા મર્તબા અય ગ઼ૌષ હૈ બાલા તેરા ! | **અઝ** : હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી<br>**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૧૬ |
| ૦૭. | ઈસ્લામ તારી ઉચ્ચતાને કોઈ આંબી નહીં શકે ! | **રજૂકર્તા** :મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી<br>*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* | ૨૦ |
| ૦૮. | **અર્રિસાલા** (Message) **ફિલ્મ વિશે શરીઅતનો સ્પષ્ટ હુકમ...** | **કાર્યાલય** | ૨૩ |
| ૦૯. | અમેરિકી જંગલીપણાના પ્રદર્શનનું સૌથી મહાન સ્થળ ઈરાક! | **કાર્યાલય** | ૨૫ |
| ૧૦. | અખ્લાકી ગંદકીના કીચડમાં ધસી રહેલો દેશ ઈઝરાઈલ ! | **રજૂકર્તા** : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી<br>(સદર મુદર્રિસ : દા. ઉ. બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ) | ૨૭ |
| ૧૧. | **ડો. ઝાકિર નાયક વર્તમાનકાળમાં નાસિબીની ઉઠેલી ચળવળનો લીડર** | **અઝ** : મૌલાના અન્વાર અહમદ બગ઼દાદી<br>**અનુવાદક** : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ | ૩૦ |
| ૧૨. | **૧૮૫૭માં ઉલમાએ દેવબંદ શું હતા? હિંદના ગદ્દાર કે વફાદાર ?!** | **અઝ** : મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (મુબારકપુર)<br>**અનુવાદક** : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ | ૩૬ |
| ૧૩. | ઈસ્લામમાં હલાલ રોજીનું મહત્વ અને આપણે | **રજૂકર્તા** : મુહમ્મદ અલ્તાફ બાપુમિયાં બુખારી | ૪૨ |
| ૧૪. | **ASSIGNMENT** | *-Mahmood Ekhlas* | ૪૫ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |
| ૧૬. | લેખ હરીફાઈનું પરિણામ...... | **કાર્યાલય** | ૪૮ |

# ત્રાસવાદનું મૂળ ક્યાંથી છે ? તથા દારુલ ઉલૂમ દેવબંદને ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો આપવાની જરૂર કેમ પડી ?!

તંત્રી લેખ

**મુકર જાને કા ક઼ાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ**
**હર એકસે પૂછતા હૈ કે ઈસકો કિસને માર ડાલા હૈ**

આજથી બરાબર ૧૭ મહિનાઓ અગાઉ સપ્ટે. ૦૭માં દારુલ ઉલૂમ દેવબંદ ઈલેક્ટ્રોનિક તથા પ્રિન્ટ મીડિયામાં ખૂબ જ ગાજ્યું હતું પણ ત્યારે પોતાની **'કુખ્યાતિ'**ના માટે ગાજેલું ! અને જગતભરમાં દરેક જાતિના લોકોએ 'શરમ ! શરમ !'ની પોકારો કરેલી. એ શું હતું ?! કે **દારુલ ઉલૂમ દેવબંદના પ્રમુખ (સદર) એટલે ટોચના મુફતી હબીબુર્રહમાન રંગે હાથે લાંચ લઈને ફત્વા આપતાં પકડાયેલા** અને કેમેરામાં લાંચ લેતાં કેદ થઈ ગયેલા જેનાં દશ્યો જગતભરના લોકોએ જોયાં. એટલું જ નહીં પણ મેરઠ તથા દિલ્હી ....વગેરે સ્થળોના **ડઝનબંધી દેવબંદી ગ્રૂપના મુફતીઓ લાંચ લઈને ફત્વા આપતાં કેમેરામાં કેદ થઈ ગયા હતા.** જેમને તે સમયે આબરૂ બચાવવા દેવબંદી ગ્રૂપના લીડરોએ નોકરીમાંથી સસ્પેન્ડ કર્યા હતા અને વર્તમાનપત્રોમાં કહેવાયું હતું કે તેમની વિરુધ્ધ તપાસ ચલાવી તેમનો ગુનો પુરવાર થતાં શિક્ષા થશે. જો કે ગુનો તો જગ જાહેર પુરવાર થઈ ગયેલો જેને જગતભરના લોકોએ ટી.વી. પર નિહારેલો ! પછી શું તેમની નિષ્પક્ષ તપાસમાં નીકળ્યું અને શિક્ષા થઈ કે સન્માન સાથે ફરી ફત્વાના હોદ્દે લાગી ગયા તે જાહેર નથી થયું !

એ જ દારુલ ઉલૂમ દેવબંદ ફરીથી ફેબ્રુ. ૦૮ના અંતમાં મીડિયામાં ચમકી ઉઠયું. ત્યારે પણ ફત્વા આપવાના કારણે ચમકી ઉઠેલું પણ ત્યારે લાંચ લઈને ફત્વા આપવાના કુકર્મના કારણે કુખ્યાત થયેલું જ્યારે હાલમાં (વિના લાંચે) ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો જાહેર કરવાના કારણે નામના કમાવા માટે ચમક્યું ! અન્ય વર્તમાન પત્રો કરતાં 'ગુજરાત ટુ ડે' દૈનિક કે જેણે ઉપરોક્ત પ્રથમ સમાચારોથી તદ્દન અજાણ હોય તેમ લાંચ લેવા વિશેનો શબ્દ પણ ત્યારે છાપ્યો ન હતો ! તેણે અત્યારે જાણે દારુલ ઉલૂમ દેવબંદનું વકફ દૈનિક પત્ર હોય અને તેના પ્રતિ પોતાની વફાદારી નિભાવતું હોય તેમ તેની પ્રશંસામાં ખૂબ જ સમાચારો તથા લેખ છાપ્યા. ગુજરાત ટુ ડેના તા. ૨–૩–૦૮ના 'રૂબરૂ' લેખમાં દારુલ ઉલૂમ દેવબંદના એ ફત્વા વિશેની ચર્ચાના શરૂમાં લખ્યું છે કે દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપ્ના શાથી થઈ અને તેનો હેતુ શું હતો એ વિશે પણ ઐતિહાસિક સાક્ષીઓથી વિપરિત લખાણ લખાયેલ છે. તો એના સંબંધે આ જ અંકનો લેખ '૧૮૫૭માં ઉલમાએ દેવબંદ શું હતા ?' વાંચી જશો એટલે સત્ય સ્પષ્ટ થઈ જશે. પણ અહીં ચર્ચા એ કરવી છે કે દારુલ ઉલૂમ દેવબંદને હાલમાં ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો આપવાની જરૂર શાથી પડી ?

જ્યારે કે **'ઈસ્લામ'** શબ્દનો અર્થ છે **શાંતિ, અમ્ન, સલામતી.** Islam means Peace. અને ગૈરો પણ જાહેરમાં ઈસ્લામની શાંતિ પ્રિયતાના, અમ્નના પયગામની પ્રશંસા કરતા રહે છે, ઈસ્લામના શાંતિ સલામતીવાળા બંધારણની તારીફ કરતા રહે છે. ક઼બૂલે પણ છે કે, "વિશ્વશાંતિ જો દુનિયા ચાહતી હોય તો ઈસ્લામી ક઼ાનૂનોના સાયા હેઠળ આવી જાય !" જો કોઈ તમારી સાથે લડે તો એ હાલતમાં પણ

હદથી વધીને દુશ્મન સાથે પણ જુલ્મની ઈસ્લામ ના પાડે છે. ઈસ્લામ સંબંધે અમુક વિરોધીઓના ખોટા આક્ષેપોના જવાબમાં અવાર નવાર ઉલમાએ ઈસ્લામનાં નિવેદનો, લેખો સતત જાહેર થતા રહ્યા છે. 'ઈસ્લામ' અને 'ત્રાસવાદ' બંને વિરોધાભાસી પર્યાયો છે, એ આટલુ જગ મશ્હૂર છતાં છેક અત્યારે દેવબંદને ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો આપવાનો 'શો' કરવાની જરૂર કેમ પડી ? તો એનું એક કારણ એ છે કે...

## ત્રાસવાદી સંગઠનોમાં કોઈ સુન્ની નથી !

જગતભરમાં ત્રાસવાદી તરીકે કુખ્યાત થયેલા કહેવાતાં મુસ્લિમ સંગઠનો ચાહે તે **'અલ ક઼ાયદા'** હોય કે **'જૈશે મુહમ્મદ'** કે **'સિપાહે સહાબા'** કે **'હરકતુલ મુજાહિદીન'** હોય કે **'લશ્કરે તયબાહ'** હોય કે **'તાલિબાન'** હોય, એઓ **સૌનો છેડો વહાબિયત દેવબંદિયતને જઈને મળે છે. દુનિયાનું કોઈ પણ અહલે સુન્નત વ જમાઅત (સુન્ની) સંગઠન ત્રાસવાદ સાથે સંકળાયેલ નથી એ જગ જાહેર હક઼ીક઼ત છે.** આ અમે નથી લખતા પણ સર્વ મુસ્લિમો પર બારિક નિરીક્ષણ રાખતી યૂરોપ તથા અમેરિકી ગવર્નમેન્ટોનું તારણ છે અને યૂરોપી જ્ઞાની પબ્લિકમાં પણ જાહેર છે. જેમ કે માજી પાકિસ્તાની ક્રિકેટર અને વર્તમાન રાજકરણી ઈમરાનખાનની પૂર્વ પત્ની, લંડનના યહૂદી ગોલ્ડ સ્મિથની પુત્રી જેમીમાખાને ઈસ્લામ વિશે યૂરોપિયનોના નકારાત્મક વલણની રદમાં ચર્ચા કરતાં **Sunday Telegraph** લંડનમાં જઝબાતી અંદાઝમાં કહ્યું કે, ".....તમો પશ્ચિમવાસીઓ કયા ઈસ્લામના વિરોધની વાત કરો છો ? **સૂફી ઈસ્લામ ? (એટલે સુન્ની) જેનું વલણ અતિ કક્ષાનું સંયમવાળુ, મધ્યમવર્ગી તથા શાંતિ પ્રિય રહ્યું** છે. અખંડ ભારતનો સંસ્કારિક રીતે પ્રભાવિત ઈસ્લામ ? તા'લીમ પામેલ તથા **કટ્ટરવાદી (ઉગ્રવાદી) વહાબી ઈસ્લામ ?** કે લશ્કરી કાર્યવાહી પસંદ જેહાદી ઈસ્લામ ?" જેમીમાખાને છેવટમાં કહ્યું કે ઈસ્લામ એક સંપૂર્ણ જીવન બંધારણ છે અને જિંદગીનો ક઼ાનૂન છે, લોકો એનાથી કઈ રીતે ફાયદો હાંસલ કરવા ચાહે છે અથવા પોતાની જિંદગીમાં વસાવવા ચાહે છે એ તેમની આખેરતની ફિકર તથા કાર્યપદ્ધતિ પર આધારિત છે.

ઉપરોક્ત લખાણ પુરવાર કરે છે કે અંગ્રેજ ખાતૂન જેમીમાખાન વહાબિયત (દેવબંદિયતનું મૂળ તેને જઈને જ મળે છે) ઉગ્રવાદી હોવાનું કાયદેસર રીતે જ્ઞાન ધરાવે છે. **વહાબિયત પોતાના હેઠળ ચાલતી ચળવળરૂપ સંસ્થા 'તબ્લીગી જમાઅત'ના થકી સઊદી તથા નજ્દી અક઼ીદાઓને પૂરી રીતે દુનિયામાં ફેલાવવાની જે પ્રકારે કોશિશ કરી રહેલ છે તે પશ્ચિમી પ્રચાર માધ્યમોથી જરાય છુપુ નથી.** જોઈ લો ! ડેઈલી ટેલીગ્રાફ લંડન, ૧૧–૭–૨૦૦૭નો રિપોર્ટ. આ વર્તમાનપત્રમાં દક્ષિણ એશિયાના પ્રખ્યાત લેખક ફિલિપ જોનસ્ટોન લખે છ :–

"વૈશ્વિક ઈસ્લામી તબ્લીગી (મિશનરી) ત્રાસવાદીઓના પ્રભાવ હેઠળ ઉભરી રહેલ છે જે બ્રિટનને પોતાનું નિશાન બનાવી રહેલ છે. **તબ્લીગી જમાઅત એ દક્ષિણ એશિયામાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ અને ગુનાહિત કૃત્યોમાં પ્રવૃત્ત રહેતું એક વિશાળ ભરાવદાર વટવૃક્ષની જેમ છે** જેને એક શાંતિમય રીતે ઈસ્લામનો પ્રચાર કરતી હોય એવી જમાઅતનું બિરૂદ પ્રાપ્ત થયેલ છે કે જે મસ્જિદે મસ્જિદે ફરીને ઈસ્લામ અને કુર્આનનો પ્રચાર કરે છે. **પણ (વાસ્તવમાં) એમાં વધુ પ્રમાણમાં ઉગ્રતાવાદી મુસ્લિમ નવયુવાન જોડાયેલા છે.** તબ્લીગી જમાઅતની સ્થાપ્ના ઈ.સ. ૧૯૨૭માં દેવબંદી ગૃપના સુન્ની ઈસ્લામમાં થઈ અને ત્યારબાદ ૭૦ વરસ પછી 'તાલિબાન' દળ અસ્તિત્વમાં આવ્યું." *(અશ્રફિયહ્ મંથલી, માર્ચ–૦૭, મુબારકપુર)* "મુસ્લિમ આતંકવાદીઓના આગેવાન અને પ્રેરણા

આપનાર અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના તાલિબાનો છે.... તાલિબાનો એટલે ચુસ્ત આતંકવાદી અને ધર્મ ઝનુની અને રૂઢિચુસ્ત મુસલમાનો. આ તાલિબાનોનું પ્રેરણા સ્થળ અને શિક્ષણશાળા આ દેવબંદ ગણાય છે...." *(ગુજરાત સમાચાર, ૧૪-૩-૨૦૦૮, પેજ-૬, કોલમ : નેટવર્ક)*

ઉપરોક્ત લખાણોની રોશનીમાં એ વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ કે પશ્ચિમી તથા ભારતના જ્ઞાની તથા વિદ્વાન લોકો વહાબી દેવબંદી ખયાલોના પ્રચાર તથા પ્રસારના બારામાં દેવબંદી મિશનરી અને તેના તરીક઼ાથી કેટલા અંશે વાકે઼ફ છે.

## વહાબી ત્રાસવાદની ભયાનક દાસ્તાન !

અને આ દેવબંદનું મૂળ જ્યાં જઈને મળે છે તે વહાબી નજ્દીઓનો જન્મ જ ત્રાસવાદમાંથી થયો છે તેના ઈતિહાસની ઝલક પણ જોઈ લો. તેમના પેશ્વા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજ્દી જેની કિતાબ "કિત્તાબુત્તૌહીદ'નો ઉર્દૂ તર્જુમો હિંદમાં મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તક઼વિયતુલ ઈમાન" રૂપે કર્યો જેમાં નબી વલીઓની તૌહીનથી ભરપુર લખાણોએ અખંડ ભારતમાં મુસ્લિમોમાં અસંખ્ય ઝઘડાઓ તથા ટુકડાઓ કરાવ્યા. અને ત્યારથી આજ સુધી મુસ્લિમ ક઼ૌમ લડાઈ તથા ઝઘડાની તથા વિખવાદની આગમાં સળગી રહી છે. જેના સમાચારો અવાર નવાર અખ્બારોમાં પણ આવતા રહે છે. તે દીની પેશ્વા તરીકે મુહમ્મદ ઈબ્ને વહહાબ નજ્દીએ તથા રાજકીય લીડર તરીકે ઈબ્ને સઊદે મળીને અંગ્રેજોના બળે તુર્કી ઉષ્માની સુન્ની હુકૂમત સામે મેદાને પડીને કેવો ત્રાસવાદ ફેલાવ્યો હતો અને સુન્ની મુસલમાનોની કેવી કત્લેઆમ કરી હતી તેની કલંકિત દાસ્તાનનો ઈતિહાસ ચીસો પાડી પાડીને તેમના ત્રાસવાદી હોવાની સાક્ષી પૂરે છે.

એક ઈરાકી આલિમ અલ્લામા જમીલ આફંદી સિદીકી઼ ઝહારવી આ નજ્દીઓની નિર્દયતા, ક્રૂરતા, ઈલ્મે દીન તથા આલિમે દીનથી અદાવતનું વર્ણન કરતાં લખે છે કે, "ઈબ્ને અબ્દુલવહહાબનાં કુકર્મોમાંથી **એક** એ પણ છે કે તેણે પુષ્કળ સંખ્યામાં ઈલ્મી **કિતાબોને સળગાવી** દીધી. **બીજું** એ કે પુષ્કળ **આલિમોને ક઼ત્લ** કરી નાખ્યા. એ જ પ્રમાણે આમ તથા ખાસ લોકોમાંથી અગણિત **નિર્દોષોના નાહક઼ ખૂન** વડે પોતાના હાથોને રંગીન કર્યા. તેણે **મુસલમાનોના ક઼ત્લને હલાલ** તથા **માલને લૂટવો જાઈઝ** ઠરાવ્યો હતો. **ત્રીજુ** બદ્તરીન કુકર્મ એ છે કે તેણે **ઔલિયાની ક઼બ્રોને ખોદાવી નાખી** અને **ચોથુ** એનાથી પણ બદ્તરીન કુકર્મ એ કે **'અહસા'માં ઔલિયાએ કિરામની ક઼બ્રોને જાજરૂમાં ફેરવી દીધી !** દલાઈલુલ ખૈરાત તથા અન્ય વિર્દો તથા ઝિક્રોથી મના કરતો હતો. એ જ રીતે મીલાદ શરીફ તથા મસ્જિદના મિનારાઓમાં અઝાન પછી દુરૂદ શરીફ પઢવાથી રોકતો હતો. જે મુસલમાન આ મુબારક તથા મુસ્તહસન કામ કરતો તેને **ક઼ત્લ કરાવી નાખતો.** નમાઝ પછી (અલ્લાહથી પણ) દુઆ માંગવાને રોકતો ! અંબિયા તથા ઔલિયાના વસીલાથી દુઆ માંગવાને ઉઘાડુ કુફ્ર ઠરાવતો હતો તથા કહેતો હતો કે જે કોઈને 'મૌલાના' કે 'સૈયદેના' કહે તે કાફિર છે.

વહાબીઓના બદ્તરીન ત્રાસવાદમાંથી એ પણ છે કે તેમણે તાઈફ પર કબજો મેળવીને ત્યાંના **મુસલમાનોની ક઼ત્લેઆમ કરી** એટલે સુધી કે **વૃદ્ધોને પણ નથી છોડયા**, માં સમક્ષ તેના **દૂધ પીતા બાળકને ક઼ત્લ કરી દેતા !** એક જગાએ **કુ઼ર્આન પઢી રહેલા લોકો**ને એ જ હાલતમાં **ક઼ત્લ કર્યા**, મસ્જિદોમાં નમાઝીઓને અયન **નમાઝની હાલતમાં શહીદ કર્યા**, કોઈને ક઼યામની હાલતમાં, કોઈને રુકૂઅની હાલતમાં, કોઈને સજદાની હાલતમાં. એક દિવસમાં ૨૭૦ મુસલમાન ક઼ત્લ કર્યા, બીજા

દિવસે પણ એટલા જ લોકોને કત્લ કર્યા અને ત્રીજા દિવસે પણ તાઈફવાળાઓને ધોકો આપીને બોલાવ્યા અને તેમને અમાન આપવાના બહાને તેમનાં સર્વ હથિયારો લઈ લીધાં પછી તેમને **બર્ફીલા મેદાનમાં** લઈ ગયા, **પુરૂષો-સ્ત્રીઓને સર્વ કપડાં ઉતરાવીને નગ્ન તડપતાં છોડીને ચાલ્યા ગયા,** તે લોકોની સર્વ **માલમત્તા લૂટી લીધી** અને કિતાબોને સરે આમ ફેંકી દીધી જેમાં કુર્આને કરીમના પણ નુસ્ખા હતા, સહીહ બુખારી તથા હદીષની અન્ય કિતાબો પણ હતી, નજદીઓએ મુકદસ કિતાબોમાં વરકોને કચડતા રહ્યા, પછી **તાઈફના ઘરોને આગ લગાડી.''** (અલ્ ફજરુસ્સાદિક, પેજ-૧૯, ૨૦, અઝ : જમીલ ઈરાકી)

## હરમૈન શરીફૈનમાં પણ ત્રાસવાદ ન મૂક્યો !

જયારે મક્કા શરીફ પર નજદી વહાબીઓએ અંગ્રેજોના પીઠબળે હુમ્લો કર્યો તો મક્કાના રહેવાસી પુરૂષો સ્ત્રીઓ ઘરોને છોડીને પહાડો પર ચઢી ગયાં, કેટલાક મસ્જિદે હરામને શરણ સ્થાન સમજી શરણ લીધું. નજદી વહાબી અધર્મીઓએ **મસ્જિદે હરામ (કે જ્યાં કીડી મારવી હરામ)માં ઘુસીને તે લોકો કે જેઓ કા'બાના ગિલાફમાં છુપાયેલા હતા તથા ઝમઝમના કુબ્બા તથા હતીમ તથા મકામે ઈબ્રાહીમમાં દબાયેલા હતા તેમને પણ ન છોડયા, અને કત્લ કર્યા.** અને લૂટ ચલાવી....એ જ પ્રમાણે મદીના શરીફમાં ખૂના મરકી, લૂટમાર કરી. જેનો ઈતિહાસ રુંવાટાં ખડાં કરી આપે તેવો છે. લખાણ ન લંબાવતાં આટલે જ અટકું છું, વધુ માટે ઈતિહાસની કિતાબો વાંચો. *(સૈફુલ જબ્બાર, પેજ-૯૩, તારીખે નજદો હિજાઝ)*

## કબ્રવાળા પણ વહાબી ત્રાસવાદથી ન બચ્યા !

મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીએ તેના નવા અધર્મ વહાબીને આધાર બનાવી હુઝૂર ﷺ તથા સહાબાના સમયની કેટલીયે બરકતવંત મસ્જિદો તોડી પાડી તે ઉપરાંત હુઝૂર ﷺની સાહબઝાદીઓનાં, હુઝૂર ﷺની પાક બીવીઓ એટલે ઉમ્મતની માંઓનાં મઝારો, અહલે બયતે અત્હારનાં મઝારો, હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ સહિત મશ્હૂર સહાબા તથા તાબઈનનાં મઝારો તોડી પાડયાં. હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનું મઝાર તોડી રોડ બનાવી કાઢયો એવાં અસંખ્ય મઝારો બુલડોઝરો થકી તોડી પાડયાં. ઈ.સ. ૧૯૨૫ પહેલાં ૧૩૦૦ વરસોથી ઈસ્લામના પાકબાઝ બુઝુર્ગો તથા સુન્ની બાદશાહો થકી યથાવત રહેલી સર્વ યાદગારોને જુલ્મના જોરે અંગ્રેજોના પીઠબળથી તોડી પાડી ખેદાન મેદાન કરી નાખી. હજી પણ તે જૂની તસ્વીરો ઉપલબ્ધ છે, તેને જુઓ અને હાલનું જન્નતુલ બકીઅ તથા જન્નતુલ માલા જુઓ તો તમારું ઝમીર કકડી ઉઠશે કે આ જાલિમોએ તો કેવો ત્રાસવાદ કબ્રવાળાઓ પર આચર્યો છે. *(તારીખે નજદો હિજાઝ)*

આશ્ચર્ય તો એ છે કે હાલ જે દેવબંદે ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો કાઢવાનો શો કર્યો છે, પણ ઉપરોક્ત જુલ્મી ત્રાસવાદી કારસ્તાન માટે એક સમયે **દેવબંદી જમાઅતના ઉલમાએ સઊદી સુલ્તાન ઈબ્ને સઊદને મુબારકબાદીનો તોહફો અર્પણ કર્યો હતો** અને એમની પાસે પોતાનો ખાસ એલચી મોકલી **સંતોષ** તથા **અનહદ આનંદ વ્યક્ત કર્યો** હતો. તો શું એ ત્રાસવાદ ન હતો ?! એ ત્રાસવાદીઓની પીઠ શાથી થાબડી હતી ?! *(વાંચો : તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં)*

હરમૈન શરીફૈનમાં ત્રાસવાદ તથા જુલ્મો સિતમની સીમા પાર કરી આપનાર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીની પ્રશંસા સર્વ દેવબંદી પેશવાએ કરી છે બલ્કે દેવબંદી વિચાર શ્રેણીના દારુલ ઉલૂમ અરબિય્યહ્–ભરૂચ (કંથારીયા)થી પ્રસિદ્ધ થયેલ ગુજરાતીમાં 'તક્વિયતુલ ઈમાન' કિતાબના પેજ નં. ૧૬ ઉપર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીને વિખ્યાત સુધારક, સુન્નતને નવજીવન આપનાર તેમજ તુર્કોની ઉષ્માની (સુન્ની) સત્તાને ફેંકી આપનાર કહીને તેનાં વખાણ કર્યાં છે.

હે ઈન્સાફ પ્રિય વાંચકો ! જરા ઠંડા કલેજે ઉપરોક્ત લખાણોને ફરી ફરી વાંચો અને વિચારો કે **હાલમાં જે ત્રાસવાદ તથા બોમ્બ ધડાકા થઈ રહ્યા છે તે આ તેમના આગલા પેશ્વાઓનું અનુસરણ નથી ? એ બોમ્બ ધડાકાઓ જેમાં નિર્દોષ લોકો, સ્ત્રીઓ, દૂધ પીતાં બાળકો પણ જાન ગુમાવી રહેલ છે તે આગલી ક્રૂરતાનું રિહર્સલ નથી જણાતું !** જ્યારે કે ઈસ્લામે કોઈ હાલતમાં નિર્દોષ સ્ત્રીઓ તથા બાળકોના કત્લની ઈજાઝત નથી આપી. પણ જેમ કે કહેવાય છે કે اَلشَّيْئُ يَرْجِعُ اِلٰى اَصْلِهٖ એટલે કે, "દરેક વસ્તુ પોતાની અસલ તરફ પલટે છે." અને અહીં અસલ એ છે કે, વહાબી નજદી પેશ્વાના **સઊદી લશ્કરે કત્લ કરવામાં બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ કોઈને નથી છોડયાં, એટલું જ નહીં પણ હરમ શરીફમાં કા'બાના ગિલાફમાં છુપાયેલા સાદાતે કિરામ, અહલે બયતે અત્હાર તથા સુન્ની ઉલમાએ કિરામને કત્લ કર્યા હતા કે જ્યાં જંગલી જાનવર પણ તેનો શિકાર હરમ શરીફની હદમાં પહોંચે તો છોડી દે છે !** તેવા સ્થળે આ **જંગલી જાનવરોથીય વધારે ખુંખાર નજ્દી, વહાબી સઊદીઓએ કેવો ત્રાસવાદ આચર્યો હતો** એટલું જ નહીં તેમણે તો **કબ્રવાસીઓને પણ નથી છોડયા !** તેના ઈતિહાસની અહીં તો કેવળ ઝલક જ વર્ણવી છે ! ટૂંકા લેખમાં સઘળુ સમાવવું શક્ય નથી. એ ત્રાસવાદ આચરનારાઓની ઉપર દર્શાવ્યું તેમ પીઠ થાબડવામાં આવી તથા તેમની પ્રશંસા આજે પણ આ ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો જાહેર કરનારા કરી રહ્યા છે ! તો ત્રાસવાદ પ્રતિ આવી દોરૂખી પોલિસી શા માટે છે ?

## દેવબંદનો પોતાની છબી સુધારવાનો પ્રયાસ !

સારાંશ કે વર્તમાનકાળમાં લેખના પ્રારંભમાં વર્ણવ્યાં તે સર્વ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોનો છેડો પણ વહાબિયત દેવબંદિયતને જઈને જ મળે છે, અને જગતભરમાં તેની ચર્ચાઓ તથા નોંધ થઈ છે, વિવિધ દેશોના વિધ્વાનો તથા પશ્ચિમી તેમજ અમેરિકન ગવર્નમેન્ટો થકી રિમાર્કો વાગવા લાગી. વળી હાલમાં જ પાકિસ્તાનની લાલ મસ્જિદ જેને ત્રાસવાદનું કેન્દ્ર બનાવીને જે દેવબંદી ગૃપના મૌલ્વીઓ તથા તલબા થકી ત્રાસવાદનું પ્રદર્શન કરાયું જેણે સમગ્ર જગતમાં મુસ્લિમોને બદ્નામ કરી મૂક્યા, તથા જગતભરમાં અન્ય ત્રાસવાદના બનાવોની કડી પણ વહાબી દેવબંદી ગૃપને જઈને મળતી જાહેર થવા લાગી તો પોતાને બદ્નામીથી બચાવવા આ ત્રાસવાદ વિરુદ્ધ ફત્વો જાહેર કરવાનું સંમેલન ભરી પોતાની છાપ સુધારવાનો પ્રયાસ દેવબંદ થકી કરવામાં આવ્યો છે. ભલે દેવબંદી મસ્લક ધરાવનારાઓ ત્રાસવાદી સંગઠનો બનાવતા હોય, હિંદ સિવાય પાકિસ્તાન વગેરેમાં લાલ મસ્જિદ જેવા સ્થળોએ દેવબંદી ખયાલના ઉલમા, તલબા ભલે ત્રાસવાદ સાથે સંકળાયેલ હોય પણ આ ફત્વો જાહેર કરી દેવબંદે પોતાની સફાઈ પેશ કરવાનો પ્રયાસ કર્યો છે. જેથી તેમના મદ્રસાઓ પર ગવર્નમેન્ટ થકી જે ત્રાસવાદ સંબંધે છાપા મારવામાં આવી રહ્યા છે તેનાથી મુક્તિનો માર્ગ નીકળી શકે, તો આ ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો બહાર પાડવાનો "શો" સ્વબચાવ માટે જ છે.

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَاذْكُرُوا اللّٰهَ فِيْٓ اَيَّامٍ
مَّعْدُوْدٰتٍ ؕ فَمَنْ تَعَجَّلَ فِيْ يَوْمَيْنِ فَلَآ اِثْمَ
عَلَيْهِ ۚ وَمَنْ تَاَخَّرَ فَلَآ اِثْمَ عَلَيْهِ ۙ لِمَنِ اتَّقٰى ؕ
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ اِلَيْهِ تُحْشَرُوْنَ ۝٢٠٣
وَمِنَ النَّاسِ مَنْ يُّعْجِبُكَ قَوْلُهٗ فِي الْحَيٰوةِ
الدُّنْيَا وَيُشْهِدُ اللّٰهَ عَلٰى مَا فِيْ قَلْبِهٖ ۙ وَهُوَ اَلَدُّ
الْخِصَامِ ۝٢٠٤ وَاِذَا تَوَلّٰى سَعٰى فِي الْاَرْضِ لِيُفْسِدَ
فِيْهَا وَيُهْلِكَ الْحَرْثَ وَالنَّسْلَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ
الْفَسَادَ ۝٢٠٥ وَاِذَا قِيْلَ لَهُ اتَّقِ اللّٰهَ اَخَذَتْهُ الْعِزَّةُ
بِالْاِثْمِ فَحَسْبُهٗ جَهَنَّمُ ؕ وَلَبِئْسَ الْمِهَادُ ۝٢٠٦

**તર્જુમો** : અને ખૂબ યાદ કરી લો અલ્લાહ તઆલાને એ દિવસોમાં જે થોડાક જ છે[૨૫૩]. અને જે જલ્દી કરીને બે દિવસોમાં જ ચાલ્યો ગયો તો તેના પર પણ કોઈ ગુનોહ નથી, અને જે થોડીકવાર ત્યાં રોકાયેલો રહ્યો તો તેના પર પણ કોઈ ગુનોહ નથી (એ શર્તે કે) તે ડરતો રહ્યો હોય. અને ડરતા રહો અલ્લાહથી અને (સારી પેઠે) જાણી લો કે તમને તેની બારગાહમાં એકત્ર કરવામાં આવશે. અને (હે સાંભળનાર !) લોકોમાંથી[૨૫૪] એ પણ છે કે પસંદ આવે છે તને તેની વાતચીત દુનિયાની જિંદગીના બારામાં અને તે ગવાહ બનતો રહે છે અલ્લાહને એના પર જે એના દિલમાં છે. જ્યારે કે (હક્ક઼નો) સખ્તતરીન[૨૫૫] દુશ્મન છે. અને જ્યારે તે હાકેમ બની જાય છે[૨૫૬] તો ભરપુર કોશિશ કરે છે કે મુલ્કમાં ફસાદ ખડો કરી આપે, અને તબાહ કરી આપે ખેતીઓને અને માનવ વંશને, અને અલ્લાહ તઆલા ફસાદને કદી પણ પસંદ નથી કરતો. અને જ્યારે કહેવામાં આવે તેને કે (ભાઈ !) ખુદાથી તો ડરો ! તો ઔર ઉશ્કેરે છે તે ઘમંડ ગુનાહ માટે[૨૫૭]. તો એના માટે જહન્નમ પૂરતી છે અને તે ઘણુ જ બુરુ ઠેકાણું છે.

**તફસીર...............**

**૨૫૩.** દસમી રાત તો પસાર થઈ મુઝદલ્ફામાં. વહેલી પરોઢે અંધારામાં ફજરની નમાઝ અદા કરી અને ત્યાંથી મિનામાં આવીને ક઼યામ કર્યો. ત્યાં આવીને જ માથું મૂંડાવ્યું અથવા વાળ કપાવ્યા, કુર્બાની આપી, એહરામની પાબંદીથી આઝાદ થયા અને કપડાં બદલ્યાં. આ કાર્યો ઉપરાંત અમુક ખાસ સ્થળોએ પથ્થર પણ મારવા પડે છે. અને ઝીલ હજ્જની ૧૦, ૧૧, ૧૨, ૧૩ તારીખ સુધી ત્યાં જ રોકાણ કરે છે. ૧૨મીના દિવસે પથ્થર માર્યા બાદ માણસ જો મક્કા પરત આવી જાય તો પણ દુરુસ્ત છે અને તેરમીની રાત ત્યાં રોકાણ કરે અને દિવસે શૈતાનને કાંકરીઓ માર્યા બાદ પરત થાય તો પણ જાઈઝ છે. પરંતુ હઝરત ઈમામ સાહબની નજીક અફઝલ બીજી સ્થિતિ છે. મિનામાં જેટલા દિવસ રોકાણ કરે અલ્લાહ તઆલાની તસ્બીહ તથા

તેહલીલ તથા હમ્દો ષનામાં લાગેલો રહે, અને પોતાના અંતરની સફાઈ (સુધારણા) પ્રતિ સંપૂર્ણપણે ધ્યાનિત રહે.

**૨૫૪.** અહીંથી મુનાફિકોની હાલતોનું વર્ણન છે કે જ્યારે સામે આવે છે તો ઘણી મીઠી વાતો કરે છે, પોતે મુસલમાન હોવાના લાંબા લાંબા દાવા કરે છે અને એના પર અલ્લાહની કસમો પણ ખાય છે. પરંતુ હકીકત એ છે કે ઈસ્લામના સૌથી મહાન ઝઘડાળુ દુશ્મન એઓ જ છે. જ્યારે તેઓ તમારી પાસે પરત આવે છે અથવા જ્યારે તેમને કાંઈક સત્તા મળે છે તો તેમની બુરાઈ પસંદ પ્રકૃતિ જાહેર થાય છે અને ફિત્ના ફસાદ તથા ખૂના મરકીનું બજાર ગરમ કરી આપે છે. કહેવામાં આવ્યું છે કે આ આયત અખ્નસ બિન શરીક ષકફીના બારામાં નાઝિલ થઈ, પરંતુ એનો હુકમ (આમ) સામાન્ય છે. સર્વ મુનાફિકોની આ જ આદત છે, આ જ એમની કાર્યપદ્ધતિ અને આ જ અંજામ છે.

**૨૫૫.** ઘણી જ સખત અદાવત રાખવામાં ઝઘડાળુને اَلَدّ કહે છે.

**૨૫૬.** اذ بر وانصرف عنك وقيل اذ اغلب وصار واليًا ના બે અર્થો છે : વાલી બનવું તથા પીઠ ફેરવવું. કાઝી બયઝાવી એની તફસીર ફર્માવે છે : અહીં બંને અર્થો મુરાદ હોય શકે છે. એટલે કે જો તેમને સત્તા મળે છે તો ફિત્ના ફસાદ ખડો કરે છે અને લૂટફાટ શરૂ કરી આપે છે, અથવા જ્યારે મુસલમાનો પાસેથી ઉઠીને ચાલ્યો આવે છે તો પછી તે જ મુનાફિકપણુ જાહેર કરવા લાગે છે.

**૨૫૭.** અખનસ અને તેના સર્વ સમજાતિવાળાઓનો એક જ ઢંગ છે. જ્યારે તેમને તેમની ફિત્નાખોરીઓથી રોકવા માટે અલ્લાહનો ખૌફ અપાવવામાં આવે છે તો ગુસ્સાથી તેમનાં નસ્કોરાં ફૂલી જાય છે અને તેને તેઓ પોતાની અંગત પ્રતિષ્ઠા તથા અંગત ઈજ્જતનો મસ્અલો બનાવી લે છે. તે સમયે ન તેમને ખુદાનો ડર રહે છે અને ન તેના દર્દનાક અઝાબનો. તે પોતાની સર્વ શક્તિઓ પોતાની જૂઠી પ્રતિષ્ઠાને સલામત રાખવાના માટે ખર્ચી કાઢે છે. ચાલો ! તે ગયા મરી ગયા ! પણ આપણો શો હાલ છે ?! શું આપણે તો હક્કની સમક્ષ માથુ ઝુકાવવાને શરમ નથી અનુભવતા ને ?! અને આપણે નાહક્ક વાત પર અડી રહેવામાં આપણી ઈજ્જત નથી સમજતા ?!

**આપ હી અપને ઝરા તર્ઝે અમલ કો દેખેં**
**મૈં અગર અર્ઝ કરુંગા તો શિકાયત હોગી !**

## અમલ વિનાના ઈલ્મ વિશે ગૌષ પાક رضی اللہ عنہ નું ફર્માન

ઈલ્મ છાલ (કવચ) છે અને અમલ મગજ (મીજ) છે. છાલની રક્ષા એટલા માટે કરવામાં આવે છે કે મીજ સલામત રહે અને મીજની રક્ષા એટલા માટે કરવામાં આવે છે કે તેમાંથી તેલ કાઢવામાં આવે. તે છાલ શું કામની જેમાં મીજ ન હોય અને તે મીજ બેકાર છે જેમાં તેલ ન હોય. ઈલ્મ વેડફાઈ ચૂક્યો છે કેમ કે ઈલ્મ પર અમલ ન રહ્યો તો ઈલ્મ પણ બેકાર થઈ ગયો. અમલ વિના ઈલ્મનું પઢવું પઢાવવું શું ફાયદો આપશે ? હે આલિમ ! જો તું દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહે છે તો ઈલ્મ પર અમલ કર અને લોકોને ઈલ્મ શીખવાડ. *(ફતહે રબ્બાની, પેજ–૧૦૬, અહલે સુન્નત કી આવાઝ, હિ.સ. ૧૪૨૮)*

## ઈલ્મ વિનાની ઈબાદત મરદદૂ થશે !

ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે : મને તારી પ્રશંસા કે બુરાઈ, આપવા કે ન આપવાની ફિકર નથી. તારી ભલાઈ કે બુરાઈ તથા તારા ધ્યાન કરવા ન કરવાની પણ ચિંતા હું નથી કરતો. તું જાહિલ છે અને જાહિલની પરવા કરવામાં નથી આવતી. જો તને મોકો મળે અને તું અલ્લાહ તઆલાની ઈબાદત કરે તો તારી ઈબાદત મરદૂદ (Rejected) થશે, કેમ કે એ ઈબાદત જેહાલત પર આધારિત છે અને જેહાલત સર્વ ફસાદ (ખરાબીઓ)નો સબબ છે.

*(ફત્હે રબ્બાની, પેજ–૭૦)*

## ★ હદીષ : ૬૦ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે અલ્લાહે હઝરત આદમ عليه السلام ને પેદા કર્યા તો તેમની પીઠ પર હાથ (દસ્તે કુદરત) ફેરવ્યો તો તેમની પીઠેથી કયામત સુધીની તેમની ઔલાદની રૂહો નીકળી જેમને અલ્લાહ પેદા કરનાર છે અને તેમાંથી દરેક માણસની બે આંખોની વચ્ચે નૂરની ચમક આપી[૧]. પછી તેને આદમ સમક્ષ રજૂ કરી. તે બોલ્યા, હે રબ ! આ કોણ છે ? ફર્માવ્યું, તમારી ઔલાદ[૨] ! તેમાં એક શખ્સને જોયો તો તેની આંખોની વચ્ચેની ચમક પસંદ આવી[૩]. બોલ્યા, હે રબ ! આ કોણ છે ? ફર્માવ્યું, હઝરત દાઊદ ! બોલ્યા, હે રબ ! તેમની ઉમર કેટલી નિશ્ચિત કરી છે ? ફર્માવ્યું, સાઈઠ વરસ[૪]. અર્ઝ કરી, મૌલા ! મારી ઉમરમાંથી ૪૦ વરસ એમનામાં વધારી આપ[૫]. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જ્યારે આદમ عليه السلام ની ઉમર એ ૪૦ સિવાયની પૂર્ણ થઈ તો તેમની ખિદમતમાં મૌતનો ફરિશ્તો હાજર થયો[૬]. આદમ બોલ્યા, શું હજી મારી ઉમરના ૪૦ વરસ બાકી નથી ? ફર્માવ્યું, શું તમે તમારા ફરઝંદ દાઊદને નથી આપી ચૂક્યા ?![૭] આદમે નકાર કર્યો, જેથી તેમની ઔલાદ નકાર કરવા લાગી[૮]. હઝરત આદમ ભૂલમાં ઝાડથી ખાઈ ગયા જેથી તેમની ઔલાદ પણ ભૂલવા લાગી. હઝરત આદમે ખતા કરી તો તેમની ઔલાદ પણ ખતાઓ કરવા લાગી[૯]. *(તિર્મિઝી શરીફ)*

### સ....મ....જૂ....તી....

**૧.** ફિતરી નૂર એટલે સારી પ્રકૃતિનું નૂર ચહેરા પર જાહેર થયું. યાદ રાખશો કે 'સકત' એટલે પડી ગયેલો ગર્ભ એમાં દાખલ નથી, કેમ કે એમાં રૂહ ફૂંકવામાં જ નથી આવી. જે બાળકમાં રૂહ ફૂંકવામાં આવે તે દેખાડવામાં આવ્યું. આ સર્વ કાર્યવાહી હઝરત આદમને માહિતગાર કરવા માટે કરવામાં આવી. રબ તઆલા તો હમેશાંથી અલીમો ખબીર (ઈલ્મવાળો જાણનારો) છે.

**૨.** આ પરથી જાણવા મળ્યું કે આદમ عليه السلام એ પોતાની સઘળી ઔલાદને જોઈ પણ લીધી, ઓળખી પણ લીધી અને તેમના પરિણામની જાણકારી પણ પામી લીધી કે ફલાણો જન્નતી અને ફલાણો જહન્નમી.

**૩.** એના પરથી જાણવા મળ્યું કે તેમની ચમકો વિવિધ પ્રકારની હતી અને હઝરત આદમને દાઊદ عليه السلام ની ચમક પસંદ આવવાના કારણે એ જરૂરી નથી થતું કે એમની ચમક આપણા હુઝૂર ﷺ ની ચમકથી વિશેષ કે અફઝલ હોય. ખરેખર સુંદરતા ઔર ચીજ છે અને પસંદ આવી જવું ઔર ચીજ છે. લૈલાથી વધીને ખૂબસૂરત સ્ત્રીઓ મૌજૂદ હતી પણ આશિક્ની આંખ એનાથી જ પ્રભાવિત હતી. (અશિઅતુલ લમ્આત)

**૪.** જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલા પોતાના મક્બૂલોને પોતાના ખાસ ઈલ્મો અતા ફર્માવે છે,** કેમ કે ઉમરની માત્રા ઉલૂમે ખમ્સા (પાંચ ઈલ્મો)માંથી છે જે રબ તઆલાએ સૈયદના આદમના પૂછવા પર બતાવી આપ્યું.

**૫.** આદમ عليه السلام ની ઉમર એક હજાર વરસની

હતી. આપે અર્ઝ કરી, મારી ઉમર ૯૬૦ વરસ કરી આપ અને હઝરત દાઊદ عليه السلامની ઉમર પૂરા ૧૦૦ વરસ. આ દુઆ રબે કબૂલ ફર્માવી લીધી. જાણવા મળ્યું કે દુઆ વડે ઉમરો ઘટી વધી જાય છે. તેમની શાન તો ઘણી જ ઉચ્ચ છે પણ શૈતાનની દુઆથી તેની ઉમર વધી ગઈ ! કે તેણે અર્ઝ કરી હતી : **اَنۡظِرۡنِیۡۤ اِلٰی یَوۡمِ یُبۡعَثُوۡنَ**

રબ તઆલાએ તેની દુઆ કબૂલ કરતાં ફર્માવ્યું : **ف** ની **فَـاِنَّكَ** અહીં **فَاِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ** الآية થી માલૂમ થાય છે કે આ ઉમરનો વધારો તેની દુઆથી થયો. રહી તે જ આયતે કરીમા **اِذَا جَآءَ اَجَلُهُمۡ فَلَا يَسۡتَاۡخِرُوۡنَ سَاعَةً وَّلَا يَسۡتَقۡدِمُوۡنَ** એ આ હદીષની વિરુધ્ધ નથી, કેમ કે આયતમાં ‘ તક઼દીરે મુબરમ’નું વર્ણન છે અને અહીં ‘તક઼દીરે મુઅલ્લક’ના લખાણનો ઉલ્લેખ છે. અથવા આયતનો મતલબ એ છે કે કોઈ શખ્સ પોતાના અધિકારથી પોતાની ઉમર ઘટાડી વધારી નથી શકતો, અને હદીષનો મતલબ એ છે કે બંદાઓથી દુઆથી ઉમરમાં રબ ઘટાડો વધારો કરી આપે છે. છેવટે ઈસા عليه السلام મુડદાંઓને જીવંત કરતા હતા, તો તેમને આપની દુઆથી નવી જિંદગી મળી જતી હતી. સાચું છે કે દુઆથી તક઼દીર પલટાઈ જાય છે.

**૬.** એટલે કે જ્યારે આપના નવસો સાઈઠ વરસ પૂર્ણ થયાં તો હઝરત ઈઝરાઈલ عليه السلامએ હાજર થઈને આપને મૌતનો પયગામ સંભળાવ્યો ? જાણવા મળ્યું કે અંબિયાની વફાત આપણા જેમ કહ્યા વિના એકદમ નથી થતી, બલ્કે મૌતનો ફરિશ્તો જાહેરી રૂપમાં હાજર થાય છે અને તેમની રજાથી રૂહ કબ્ઝ કરે છે. તેમની વફાત ઈખ્તિયારી છે.

**૭.** જાણવા મળ્યું કે આદમ عليه السلامને પોતાની ઉમરની જાણ હતી કે કુલ આટલી થશે. આ ઉલૂમે ખમ્સા (પાંચ ઈલ્મો)માંથી છે. એ પણ જાણવા મળ્યું કે અંબિયાએ કિરામની વફાત તેમની રઝામંદીથી સમજાવી બુઝાવીને થાય છે. આપણી સાથે મૌતનો ફરિશ્તો કદી હિસાબ કિતાબ નથી કરતો.

**૮.** એટલે કે આદમ عليه السلام પોતાનું એ અર્પેલું ભૂલી ગયા એના લીધે કહ્યું કે મને મારું એ અર્પણ કરેલું યાદ નથી. યાદનો નકાર છે ન કે આપવાનો નકાર. રબની ખબરનો નકાર કુફ્ર થઈ જાય છે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી. અંબિયાએ કિરામની ભૂલ પણ રબના તરફથી થાય છે જેમાં હજારો હિકમતો છે.

**૯.** આદમ عليه السلامથી ઝાડને નિશ્ચિત કરવામાં ઈજતેહાદી ખતા થઈ અને એવું સમજ્યા કે રબે ખાસ બે ઝાડના ફળથી મના કર્યું છે અને હું બીજા ઝાડથી ફળ ખાઈ રહ્યો છું. જ્યારે કે મનાઈ ઝાડની જાતિથી હતી. (મિક઼ાર્ત) અથવા એવું સમજ્યા કે મને ખાવાથી મના નથી કરવામાં આવ્યું બલ્કે નજીક જવાથી, જે પણ હોય પણ થયો ધોકો જ. એ જ ખતા તથા ભૂલવાનું આજ સુધી માણસોમાં ચાલ્યું આવ્યું છે. આ હદીષમાં એ નથી બતાવવામાં આવ્યું કે પછી ફૈસલો શું થયો, જાહેર એ છે કે આદમ عليه السلامને પણ હજાર વરસની ઉમર આપવામાં આવી અને દાઊદ عليه السلامને પણ ૧૦૦ વરસ, આપની વાણી ખાલી ન થઈ. જો આદમ عليه السلام આમ પણ ફર્માવી આપત કે મને હજાર વરસ અધિક દુનિયામાં રહેવું છે તો આપની વાત સ્વીકારી લેવામાં આવત, જેમ કે મૂસા عليه السلامની વફાતના બનાવ પરથી જાણવા મળશે.

**★ રબીઉલ આખરના નફ્લ ★**

**આ મહિનાની પહેલી, પંદરમી તથા ૨૯મી તારીખોમાં જે કોઈ ચાર રકાત નફ્લ પઢે. અને દરેક રકાતમાં અલ્હમ્દુ શરીફના પછી કુલહુવલ્લાહુ અહદ પાંચ પાંચ વાર પઢે. તો તેના માટે એક હજાર નેકીઓ લખવામાં આવે છે, અને એક હજાર ગુનાહો તેના માફ થાય છે અને તેના માટે ચાર હૂરો પેદા થાય છે.**

***(હવાલો : બારા માહકે ફઝાઈલ)***

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## સંસ્કાર અને શિષ્ટાચાર હદીષોના પ્રકાશમાં

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં ઈબ્ને હાલા رضی اللہ عنہاથી સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلمની વાત કરવાની રીતની ખૂબીઓ જાણવા માંગી ત્યારે તેમણે બતાવ્યું કે, નબી કરીમ صلی اللہ علیہ وسلم ખાસ કરીને ગમગીન અને ફિકરમાં હોય તેવા નજર આવતા હતા. આપને આરામ અને રાહતથી કોઈ સંબંધ ન હતો જેથી જરૂર વિના કદી વાતચીત કરતા નહીં અને ખાસ કરીને મૌન જ રહેતા. વાતચીતની શરૂઆત અને અંતમાં વધારે સ્પષ્ટતા કરતા. અર્થપૂર્ણ શબ્દો સાથે સ્પષ્ટીકરણ કરતી વાત પણ કરતા પરંતુ વાતચીતમાં વધારે અને જરૂરત વગરનો એક પણ શબ્દ નહોતો અને કોઈ પણ શબ્દના વધારાની જરૂરત પણ ન રહેતી.

નબીએ કરીમ صلی اللہ علیہ وسلم બદ્‌મિજાઝ ન હતા પરંતુ નરમ તબિયતના હતા. કોઈને તુચ્છ ગણતા નહીં. નેઅમતની કદર કરતા ભલે કે તે થોડી હોતી અને તેની નિંદા કરવાથી સંપૂર્ણપણે ઉપેક્ષા કરતા હતા. ખાવા પીવાની ચીજોની કદીયે પ્રશંસા કરતા નહીં, કેમ કે તે લાલચની નિશાની છે અને બુરાઈ પણ કરતા નહીં. જો કોઈ અલ્લાહના હક્કોથી વિરૂધ્ધ કરતો (એટલે અલ્લાહ તઆલાની કાયમ કરેલી હદને તોડતો) ત્યારે આપનો ગુસ્સો ત્યાં સુધી દૂર ન થતો જ્યાં સુધી તેનો બદલો ન લઈ લેતા, પરંતુ પોતાની જાતના માટે ક્યારેય ગુસ્સામાં આવ્યા નથી.

ઈશારો પૂરી હથેળીથી કરતા જાહેર આશ્ચર્ય પ્રગટ થતું ત્યારે હથેળીને ઉપર નીચે કરતા અને જ્યારે વાતચીત કરતા ત્યારે તેને ભેગી કરી દેતા અને જમણા અંગુઠાને ડાબી હથેલી પર મારતા. જ્યારે નારાજ થતા ત્યારે નૂરાની ચહેરાને ફેરવી લેતા, ખુશ થતા ત્યારે નજર નીચી કરી લેતા. આપનું હસવું કેવળ સ્મિતની હદ સુધી રહેતું. જ્યારે વાતચીત કરતા ત્યારે એવો અનુભવ થતો કે આબેહૂબ રહમતની વર્ષા નાઝિલ થઈ રહી છે.

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ફર્માવે છે કે, જ્યારે મેં સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلمના હુલીયા મુબારક (રૂપ)ને કેટલાક સમય માટે ગુપ્ત રાખ્યા પછી મારા ભાઈ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہથી બયાન કર્યું ત્યારે મને જાણવા મળ્યું કે, મારા બતાવવાના પહેલાંથી જ તેઓ જાણી ગયા હતા. કેમ કે તેમણે વાલિદે મુહતરમ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના ઘરમાં તશરીફ લઈ જતાં અને આવતાં અને આપના પોશાક, મજલિસ અને ચહેરાના વિશે જાણ્યું હતું. ત્યારે તેમણે દરેક વાત વિગતવાર બતાવી દીધી હતી.

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં મારા વાલિદ મુહતરમથી પૂછયું હતું કે, ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلمપોતાના મકાનમાં કોઈપણ રીતે તશરીફ લાવ્યા કરતા હતા. તેઓએ બતાવ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું મકાનમાં તશરીફ લાવવું આપની મરજી પર આધારિત હતું. જેટલો વખત ત્યાં તશરીફ રાખવાનું ઈચ્છતા રહેતા. તેના ત્રણ ભાગ પાડેલા હતા એક ભાગ અલ્લાહ તઆલાની ઈબાદત માટે બીજો ભાગ અહલો અયાલ (બાળ બચ્ચા)ના માટે ત્રીજો ભાગ પોતાની જાત માટે હતો. પછી આ ત્રીજા ભાગને પણ પોતાના અને લોકોના વચ્ચે વહેંચી દીધો હતો. આમ ઉપર ખાસને પ્રાધાન્ય આપતા પરંતુ કોઈને પણ રોકતા નહીં. ઉમ્મતના હક્કમાં આપની આદતે કરીમા હતી કે દયાવાળાને પ્રાધાન્યતા આપતા અને દીનની પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખી જરૂરિયાતવાળાઓને

વહેંચી દેતા હતા. તેમનામાંથી કેટલાક જરૂરિયાતવાળા, કેટલાક બે જરૂરિયાતવાળા, કેટલાક અસંખ્ય આવશ્યક્તાવાળા હોતા તો તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખતા. તેમના સાથે વાતચીતમાં મગ્ન થઈ જતા અને આપનું આ ઉત્તેજન તેમને દિલાસો અને સાંત્વનના માટે રહેતું. લોકોની હાલત પૂછતા અને જે તેમના લાયક હોતું તેની સલાહ પણ આપતા અને ફર્માવતા કે, હાજર રહેલાઓ અમારી આ વાતો તે લોકો સુધી પહોંચાડી આપે જેઓ અહીં મૌજૂદ નથી. લોકો પોતાની જરૂરિયાતો અમારી બારગાહ સુધી પહોંચાડવાથી લાચાર હોય તો બીજાઓ આવા લોકોની જરૂરિયાતો અમારા સુધી પહોંચાડે. કેમ કે જે શખ્સ કોઈ વિવશની હાલત બાદશાહ અથવા હાકિમો સુધી પહોંચાડે છે ત્યારે અલ્લાહ તઆલા ક઼િયામતના રોજ તેને સાબિત કદમ રાખશે. આપની બારગાહમાં જરૂરી વાતો સિવાય બીજી કોઈ વાતની ચર્ચા થતી ન હતી, ન આપ કોઈ બિન જરૂરી વાતને પસંદ કરતા હતા. (આ બારગાહે રિસાલતના શિષ્ટાચાર હતા.) સુફયાન બિન વકીઅ رضی اللہ عنہથી રિવાયત છે કે, લોકો બારગાહે રિસાલતમાં ખાલી હાથે હાજર થતા અને ઈલ્મની દૌલતથી એવા માલમાલ થઈને જતા કે ફક઼ીહ (ઈસ્લામ ધર્મનો શાસ્ત્રી) બની જતા હતા.

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં પૂછયું કે, મકાન બહાર રસૂલલ્લાહ صلى الله عليه وسلمની હાલત કેવી રહેતી હતી ? આપે ફર્માવ્યું કે, રસૂલલ્લાહ صلى الله عليه وسلم જરૂરિયાત સિવાય વાતચીત કરતા ન હતા. લોકોને એકબીજાથી મેળવવાના પ્રયત્ન કરતા અને વેરવિખેર થવા દેતા નહીં. દરેક ક઼ૌમના સરદારની ઈજ્જત કરતા હતા અને તેને તે લોકો પર વાલી (ગવર્નર) બનાવી દેતા. આમ લોકોથી અલગ રહેતા પરંતુ કોઈનાથી મોં ફેરવી લેતા ન હતા. સારા કામને પ્રોત્સાહન આપતા અને બુરા કામને નાપસંદ કરતા હતા.

આપના નિત્ય ક્રમમાં મધ્યમાર્ગીપણુ મતભેદનો અભાવ હતો. ગફલત (બેદરકારી) અને આળસને નજીક પણ આવવા દેતા ન હતા. જેથી આપને જોઈને બીજાઓ ગાફેલ (બેદરકાર) બની ન જાય અને સુસ્ત ન બને. દરેક કામમાં મધ્યમ માર્ગ પસંદ હતો. કોઈના હક્ક઼માં કમી કરતા નહીં અને અપાત્રને અવજ્ઞા કરવા દેતા. જે હઝરાત આપનો જે રીતે નજદીકી પ્રાપ્ત કરી લેતા તેવી જ રીતે બીજાથી શ્રેષ્ઠ અને મહાન થતા. લોકોના સાથે સારો વર્તાવ કરવાવાળાને આપની બારગાહમાં મહાન ગણવામાં આવતા હતા. પછી તેમણે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની મજલિસ વિશે પૂછયું, ત્યારે તેમણે ફર્માવ્યું કે, હબીબે પરવર દિગાર صلى الله عليه وسلم ઉઠતાં બેસતાં અલ્લાહ તઆલાના ઝિક્રમાં મગ્ન રહેતા હતા અને પોતાના બેસવાના માટે કોઈ જગ્યા નક્કી કરતા ન હતા અને બીજાઓને પણ નક્કી કરવાની મનાઈ ફર્માવતા હતા. જ્યારે બીજી ક઼ૌમની મજલિસમાં તશરીફ લઈ જતા ત્યારે મજલિસના અંત ભાગમાં બેસી જતા અને બીજાઓને પણ આવું જ કરવાની તાકીદ કરતા હતા. પોતાના સાથીઓને ઉચ્ચ મર્તબા આપતા રહેવું આપનો નિત્યક્રમ હતો જેના કારણે મુક઼ર્રબ બારગાહમાં એ જ કયાસ થતો કે આક઼ાએ દો જહાં صلى الله عليه وسلمની ખાસ નઝરે કરમ મારી જ હાલત પર છે. જે શખ્સ બારગાહે રિસાલતમાં હાજર થતો અથવા કોઈ જરૂરિયાતના માટે તેને આવવું પડતું ત્યારે જ્યાં સુધી કામથી પરવારીને ચાલ્યો ન જતો આપ તેના પાસે જ તશરીફ રાખતા. જેણે બારગાહે રિસાલતમાં પોતાની જરૂરિયાત રજૂ કરી આપે તેની જરૂરિયાત જરૂર પૂરી કરી. જો તે પૂરી કરવા યોગ્ય ન હોય તો તેને સમજાવીને તેને સંતોષી બનાવી દેતા હતા.

આપની કરમ નવાઝી અને સુંદર વર્તાવનું વર્તુળ લોકોની વચ્ચે ઘણી વિશાળ હતું. આપ બધા જ માટે મહેરબાન બાપના જેવા હતા અને તેઓ બધા આપના નજીક હક્ક઼ના લેહાઝથી એકબીજાના નજીક અને તક઼વાના લેહાઝથી એકબીજા પર ફઝીલતવાળા હતા.

હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

નમાઝની ત્રીજી શરત એટલે

## સમયનું બયાન

**ફજરનો વખત** : સુબ્હ સાદિકથી લઈને સૂર્યના કિરણો ચમકવા સુધી છે.

**સુબ્હ સાદિક઼** : એક રોશની છે જે સૂર્ય નીકળતા પહેલાં સૂર્યની ઉપર આકાશના પૂર્વ કિનારાઓમાં દેખાય છે અને વધતી જાય છે ત્યાં સુધી કે પૂરા આકાશમાં ફેલાઈ જાય છે અને અજવાળુ થઈ જાય છે. આ રોશની શરૂ થતાં જ સેહરીનો વખત પૂરો થઈ જાય છે અને ફજરનો સમય શરૂ થઈ જાય છે. આ રોશનીથી પહેલાં આકાશની વચમાં એક લાંબી સફેદી પૂર્વથી પશ્ચિમ તરફ વધતી દેખાય છે જેની નીચે આખા આકાશનો કિનારો કાળો દેખાય છે. સુબ્હ સાદિક઼ એની નીચેથી પ્રગટ થઈ ઉત્તર–દક્ષિણ બંને તરફ ફેલાયને ઉપર તરફ વધે છે. લાંબી સફેદી સુબ્હ સાદિક઼ની સફેદીમાં છુપાય જાય છે આ લાંબી સફેદીને સુબ્હ કાજિબ કહે છે. એનાથી ફજરનો સમય નથી થતો. *(કાઝીખાન, બહારે શરીઅત)*

**ફાયદો** : સુબ્હ સાદિક઼ની રોશની તે શહેરોમાં કે જે ૨૭,૨૮ અક્ષાંશ અથવા તેની નજીક પર છે. (જેમ કે બરેલી, લખનવ, કાનપુર વગેરે) ટૂંકા દિવસોમાં સૂર્યોદય પહેલાં સવા કલાક અને લાંબા દિવસોમાં (ગરમીમાં) દોઢ કલાક (લગભગ જાહેર થાય છે.)

**મસ્અલો** : ફજરની નમાઝનો સમય શરૂ થવા માટે સુબ્હ સાદિક઼ની સફેદી ચમકીને જરા ફેલવી શરૂ થાય તેનો ખાસ એતેબાર કરાશે. અને ઈશા પઢવા માટે તેમજ શહેરી ખાવા માટે સુબ્હ સાદિક઼ના ઉગવાને તદ્દન શરૂઆતનો વખત ગણત્રીમાં લેવાશે. અર્થાત ફજર ત્યારે પઢવી કે સુબ્હ સાદિક઼ની રોશની સારા પ્રમાણમાં ફેલાય જાય જ્યારે કે ઈશા અને સહેરી ખાવાનો સમય તે જ વખતે પૂરો થયો સમજવો કે જ્યારે સુબ્હ સાદિકની જરાક પણ સફેદી થઈ જાય. *(આલમગીરી)*

**ઝોહરનો વખત** : ઝવાલ એટલે સૂર્ય નમવાથી લઈને કોઈ પણ ચીજનો પડછાયો તેના મૂળ પડછાયાથી બમણો થઈ જાય ત્યાં સુધી છે. દા.ત. બરાબર બપોરના કોઈ ચીજનો પડછાયો ચાર આંગળ હતો અને તે ચીજ આઠ આંગળની છે તો જ્યારે તેનો પડછાયો ૨૦ આંગળ થઈ જાય ત્યારે ઝહોરનો ટાઈમ પૂરો થયો સમજવો.

**ફાયદો** : અસલી પડછાયો (મૂળ પડછાયો) તે ગણાય કે જે બરાબર બપોરે હોય છે. જ્યારે સૂર્ય બરાબર આસ્માનની વચ્ચે હોય છે. પૂર્વ અને પશ્ચિમનું અંતર બિલકુલ બરાબર હોય એ જગ્યાથી જરાક પશ્ચિમે નમે કે ઝોહરનો સમય શરૂ થાય છે.

**ફાયદો** : સૂર્ય નમવાની નિશાની એ છે કે જમીન ઉપર એક લાકડી બિલ્કુલ સીધી ઉભી લગાડવી, પૂર્વ પશ્ચિમે જરા પણ નમેલી ન હોય. સૂર્ય જેટલો આસ્માનમાં ઊંચે જશે તેટલો લાકડીનો પડછાયો ટૂંકો થશે, જ્યારે ટૂંકો થવાનું અટકી જાય તો એ બિલકુલ બપોર (ઝવાલ) છે. એ અસલી (મૂળ) પડછાયો છે. એ પછીથી પડછાયો વધવો શરૂ થશે. એ એ વાત બતાવે છે કે સૂર્યનો ઝવાલ પૂરો થયો અને ઝહોરનો સમય શરૂ થયો.

**જુમ્આ** : નો પણ એક જ સમય છે જે ઝોહરનો છે.

**અસરનો સમય** : ઝહોરનો સમય પૂરો થતાં જ અસરનો સમય શરૂ થઈ જાય છે. અને સૂરજ

આથમતાં સુધી રહે છે.

**ફાયદો** : તે શહેરોમાં (જેનું વર્ણન ઉપર થયું તે એટલે ૨૭/૨૮ અક્ષાંશ કે તેની નજીકના) અસરનો વખત શિયાળામાં ઓછામાં ઓછો દોઢ કલાક અને વધુમાં વધુ બે કલાક (કંઈક મિનિટો ઓછી વત્તી) એટલે કે નબવેમ્બરથી ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયા સુધી લગભગ પોણા ચાર મહિના લગભગ દોઢ કલાક રહે છે. અને આ અસરનો લગભગ ટૂંકામાં ટૂંકો સમય છે. એપ્રિલ મે માં લગભગ પોણા બે કલાક (જુદી જુદી તારીખોમાં અમુક મિનિટો વધઘટ થશે.) તેમજ મેના છેલ્લા દિવસો તથા જૂનમાં બે કલાક લગભગ રહેશે. (અમુક તારીખોમાં થોડીક મિનિટોમાં ઓછો વત્તો ફરક થશે.) પછી ઓગષ્ટ, સપ્ટેમ્બરમાં લગભગ પોણા બે કલાક અને ઓકટોબરના છેવટ સુધીમાં દોઢ કલાક લગભગ થઈ જાય છે.

**ચેતવણી** : આ જે ટાઈમ લખ્યા છે જુદા જુદા શહેરો અને જુદી જુદી તારીખોના આધારે બે–ચાર મિનિટ ઓછી વત્તી પણ થાય, આ એક સામાન્ય નિયમને ધ્યાનમાં રાખી અંદાજ લખેલ છે. જે ભાઈઓને દરેક જગ્યા અને દરેક તારીખોનો બિલકુલ સચોટ ટાઈમ જાણવો હોય તો અમારી કિતાબ "અલ–અવકાત"નો અભ્યાસ કરવો. *(લેખક)*

**મગરિબનો સમય** : સૂર્ય આથમ્યા પછીથી શફક જતા સુધી છે. શફક એટલે તે સફેદી કે જે સૂર્યાસ્ત પછી આકાશમાં જે લાલી રહે છે. તે ગયા પછી પશ્ચિમે સુબ્હ સાદિકની સફેદીની જેમ ઉત્તર દક્ષિણ ફેલાય છે. (હિદાયા–આલમગીરી) આનો સમય ઉપર જણાવેલા તે શહેરો માટે ઓછામાં ઓછો સવા કલાક અને વધુમાં વધુ દોઢ કલાક લગભગ છે.

**ફાયદો** : દરરોજ જેટલો ટાઈમ ફજરનો હોય છે એટલો જ મગરિબનો પણ હોય છે.

**ઈશાનો વખત** : શફકની સફેદી જતી રહ્યા પછીથી લઈને સુબ્હ સાદિક઼ શરૂ થાય ત્યાં સુધી છે.

શફકની સફેદી ગયા પછી એક લાંબી સફેદી પૂર્વ–પશ્ચિમ ફેલાએલી પણ હોય છે તેને કોઈ ગણત્રીમાં લેવાની નથી, તે સુબ્હ કાજિબની જેવી છે. એનાથી પહેલાં જ મગરિબનો વખત પૂરો થઈ જાય છે. અને એ લાંબી સફેદી હોય તો પણ ઈશાનો વખત શરૂ ગણાય છે.

**વિત્રનો વખત** : પણ તે જ છે જે ઈશાનો છે. પરંતુ ઈશાની નમાઝથી પહેલાં પઢી શકાતી નથી. કેમ કે એમાં તરતીબ ફર્ઝ છે. જો જાણી બુઝીને ઈશાની નમાઝના ફર્ઝ પહેલાં વિત્ર પઢી લીધા તો વિત્ર અદા ન થાય. ઈશાની નમાઝ (ફર્ઝ) પછીથી ફરીથી પઢવા પડશે. હા, જો ભૂલથી વિત્ર પઢી લીધા અથવા તો વિત્ર પઢયા પછી યાદ આવ્યું કે ઈશાની નમાઝ (ફર્ઝ) વુઝૂ વિના પઢી છે અને વિત્ર વુઝૂથી પઢી છે તો વિત્ર નમાઝ થઈ ગઈ. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલો** : જમીનના જે ભાગ ઉપર જે દિવસોમાં ઈશાનો વખત થતો જ નથી ત્યાં તે દિવસોમાં ઈશા અને વિત્ર કઝા પઢવી. *(બહારે શરીઅત)*

**સાચો સૂફી કોણ ?** **ગૌષ પાકના ફર્માનની દૃષ્ટિએ**

તારા દિલને હલાલ રોજીના થકી સાફ કરી લે તો તને અલ્લાહની મઅરેફત હાંસલ થઈ જશે. તું તારા કોળિયાને, તારા લિબાસ તથા દિલને સાફ કર તો તને સફાઈ મળી જશે. "તસવ્વુફ" સફાથી બન્યું છે, હે ઉનનો લિબાસ પહેરનાર ! "તસવ્વુફ"માં સાચો સૂફી તે છે જે પોતાના દિલને પોતાના મૌલા (રબ)ની સિવાયથી પાક કરી લે, અને આ મક઼ામ રંગબેરંગી કપડાં પહેરવાથી, ચહેરાઓને પીળા કરી લેવાથી અને ખભાઓને ઝુકાવી લેવાથી, ઔલિયાએ કિરામના વાક઼િઆ મોઢા પર સજાવી લેવાથી અને તસ્બીહ તથા તેહલીલ સાથે આંગળીઓને હલાવ્યા કરવાથી હાંસલ નથી થતો ! આ મક઼ામ મૌલા તઆલાને સાચા દિલથી તલબ કરવાથી, દુનિયાથી બેપરવા થવાથી (દુનિયાની લાલચ ત્યજવાથી), મખ્લૂક઼ને દિલથી કાઢી નાખવાથી અને પોતાના મૌલા સિવાયનાથી અલગ થલગ થઈ જવાથી હાંસલ થાય છે. *(ફત્હે રબ્બાની, પેજ–૯૦, અહલે સુન્નત કી આવાઝ–હિ.સ. ૧૪૨૮)*

غوث اعظم گونه آ'ઝમ رضی اللہ عنہ

# વાહ ક્યા મર્તબા અય ગૌષ હૈ બાલા તેરા !

અઝ : હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ | સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**વાહ ક્યા મર્તબા અય ગૌષ હૈ બાલા તેરા–ઉંચે ઉંચોં કે સરોં સે હય કદમ આ'લા તેરા**
આલા હઝરત رضی اللہ عنہ

કુત્બુલ અક્તાબ, ફર્દુલ અહબાબ, ગૌષે આ'ઝમ, શૈખુશ્શોયૂખે આલમ, ગૌષુષ્ષકલૈન, ઈમામુત્ તાઈફતૈન, શૈખુત્તાલિબીન, શૈખુલ ઈસ્લામ, મોહિયુદ્દીન અબૂ મુહમ્મદ સૈયદ અબ્દુલકાદિર જીલાની, અલ હસની વલ્ હુસૈની બગદાદી رضی اللہ عنہની વિલાદત હિ.સ. ૪૭૦ કે ૪૭૧માં થઈ. આપની ઉમ્ર મુબારકના પ્રારંભિક ૩૩ **વર્ષો દર્સો તદરીસ તથા ફત્વા** આપવામાં ગુજરી. અને **૪૦ વરસ મખ્લૂકે ખુદાની રુશ્દો હિદાયત** તથા નસીહતમાં ગુજર્યા અને નેવુ વરસની ઉમર પામીને હિ.સ. ૫૬૧માં આપનો વિસાલ થયો.

હિ.સ.૪૮૮માં જ્યારે આપની ઉમર મુબારક ૧૮ વર્ષની હતી ત્યારે આપ બગદાદમાં તશરીફ લાવ્યા અને તે સમયના શયખો, ઈમામો, બુઝુર્ગાને દીન તથા મુહદ્દિષોની ખિદમતમાં રહ્યા. પ્રથમ તો કુર્આનને રિવાયતો દિરાયત તથા તજવીદો કિરાઅતના અસ્રારો રુમૂઝ (રહસ્યો)ની સાથે હાંસલ કર્યું અને સમયના મહાન મુહદ્દિષો અને ફઝ્લો કમાલવાળા બુઝુર્ગો તથા મુસ્તનદ ઉલમાએ કિરામથી હદીષો સાંભળીને ઈલ્મોની પ્રાપ્તિ કરી ત્યાં સુધી કે તમામ ઉસૂલી, ફુરૂઈ, મઝહબી તથા અખ્લાકી ઈલ્મોમાં બગદાદના ઉલમાથી નહીં બલ્કે તમામ ઈસ્લામી મુલ્કોના ઉલમાથી આગળ નીકળી ગયા અને આપને **સર્વ ઉલમામાં અગ્રતા હાંસલ થઈ ગઈ** અને સૌમાં આપને કેન્દ્રનું સ્થાન મળી ગયું. અને સર્વ મખ્લૂકમાં આપની મકબૂલિયત ઘર કરી ગઈ.

એક દિવસ આપને જામા મસ્જિદમાં છીંક આવી તો ચારેવ તરફથી લોકોએ **યર્હમુકલ્લાહ** !નો અવાજ બુલંદ કર્યો. સમયનો ખલીફા મુસ્તનજિદ બિલ્લાહે જે મસ્જિદના મેહરાબમાં બેઠો હતો તેણે પરેશાન થઈને ફર્માવ્યું, આ શાનો શોર છે ?! લોકોએ જવાબ આપ્યો, હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہને છીંક આવી હતી, જેના પર લોકોએ તેમને દુઆ આપી છે.

### ★ ઈલ્મી કમાલનો દરજ્જો ! ★

એક દિવસે આપના ઈજતેમામાં કોઈ કારીએ કુર્આને કરીમની એક આયત પઢી. આપે તેની એક તફસીર બયાન કરી, પછી બીજી, પછી ત્રીજી એટલે સુધી કે હાજરજનોના ઈલ્મો પ્રમાણે ૧૧ તફસીરો બયાન કરી, પછી બીજી તફસીર શરૂ કરી ત્યાં સુધી ૪૦ તફસીરો બયાન કરી.... ત્યારબાદ ફર્માવ્યું, હવે આપણે 'કાલ'ને છોડીને 'હાલ'માં આવીએ છીએ, પછી આપ કલ્મો પઢયા. એ કલ્માએ તૌહીદ જીભેથી નીકળતાં જ હાજરજનોનાં દિલમાં અજંપો તથા હલચલ મચી ગઈ અને તેઓ કપડાં ફાડીને જંગલની તરફ નીકળી ગયાં.

### ★ ૪૦ વર્ષ ઈશાના વુઝૂથી ફજર ! ★

એકવાર આપે ફર્માવ્યું કે ૨૫ વરસો સુધી દુનિયાથી સંબંધ કટ કરીને હું ઈરાકના રણો અને વિરાનાઓમાં એ રીતે ચક્કર કાપતો રહ્યો કે ન હું કોઈને ઓળખતો હતો અને ન મને કોઈ. રિજાલુલ્ ગયબ અને જિન્નાતની મારી પાસે આવજા રહેતી હતી અને હું તેમને રાહે હક્કની તા'લીમ આપ્યા કરતો હતો. ૪૦ વરસ સુધી મેં ફજરની નમાઝ ઈશાના વુઝૂથી પઢી.

અને ૧૫ વર્ષો સુધી ઈશાની નમાઝ બાદ કુર્આન મજીદ એ રીતે શરૂ કરતો કે એક પગ પર ઉભો રહી જતો અને એક હાથ વડે દીવાલની ખૂંટી પકડી લેતો અને આખી રાત એ જ હાલતમાં રહેતો, ત્યાં સુધી કે સવાર સુધીમાં કુર્આને કરીમ ખત્મ કરી આપતો. ત્રણ દિવસથી ૪૦ દિવસ સુધી ઘણીવાર આવું થયું કે ન ખાવા માટે કાંઈ મળ્યું ન સૂવાનો મોકો મળ્યો.

### ★ ગૌષે આ'ઝમ અને વાયદાની પાબંદી ★

હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે એકવાર સફરમાં એક શખ્સે મારી પાસે આવીને કહ્યું કે એ શરતે મને તમારી સંગાથે લઈ લો કે સબ્ર પણ કરશો અને હુકમની વિરુધ્ધ કાંઈ ન કરશો. એકવાર તેણે મને એક જગાએ બેસાડયો અને એ વાયદો લીધો કે જ્યાં સુધી આવું નહીં તમે અહીંથી જશો નહીં, અને ચાલ્યો ગયો. હું એક વરસ સુધી તેના ઈંતેઝારમાં બેઠેલો રહ્યો પણ તે શખ્સ ન આવ્યો. એક વરસ બાદ આવીને મને તે જ જગાએ બેઠેલો જોયો અને પછી એ જ વાયદો કરીને ચાલ્યો ગયો. ત્રણવાર એ જ પ્રમાણે થયું. છેલ્લી વખતે તે પોતાની સાથે દૂધ તથા રોટલી લાવ્યો, અને કહ્યું કે હું ખિઝર છું અને મને હુકમ છે કે આપની સાથે બેસીને આ ખાણુ ખાઉં, જેથી અમે ખાવા ખાધું. ફારિગ થયા બાદ હઝરત ખિઝરે ફર્માવ્યું, હવે ઉઠો સૈરો સિયાહત ખત્મ કરો અને બગદાદમાં જઈને બેસી જાવ. લોકોએ પૂછયું કે એ ત્રણ વરસોમાં ખાવા પીવાની શું સ્થિતિ રહી ? ફર્માવ્યું, દરેક સામાન આપોઆપ પેદા થઈને જમીન પર પડેલો મળી જતો હતો.

### ★ આપના પર શૈતાનનો હુમ્લો ! ★

હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہના સાહબઝાદા શૈખ ઝિયાઉદ્દીન અબૂ નસ્ર મૂસાનું બયાન છે કે મેં પોતાના વાલિદે મુહતરમથી પોતે સાંભળ્યું, ફર્માવતા હતા કે એક સફરમાં હું એવા જંગલમાં પહોંચ્યો જ્યાં તદ્દન પાણી ન હતું. અમુક દિવસો ત્યાં રોકાયો પણ પાણીનો પત્તો ન લાગ્યો. જ્યારે ખૂબ જ તરસ લાગી તો અલ્લાહ તઆલાએ વાદળનો એક ટુકડો મોકલ્યો જેણે મારા ઉપર છાંયડો કર્યો અને અમુક ટીપાં વરસાવ્યાં જેને પીધા બાદ થોડોક આરામ મળ્યો. ત્યાર પછી એકાએક એક પ્રકાશ ઉભરાઈ આવ્યો જેણે સંપૂર્ણ આકાશને ઘેરી લીધું અને તેમાંથી એક અજીબ શક્લ જાહેર થઈ અને અવાજ આવ્યો કે, "હે અબ્દુલ કાદિર ! હું તારો પરવરદિગાર છું ! બીજા પર મેં જે કાંઈ હરામ કર્યું તે તારા માટે હલાલ છે માટે દિલ જે ઈચ્છે તે કરો અને જેની ઈચ્છા કરે તે લઈ લો !" મેં કહ્યું, "અલ્લાહની પનાહ શૈતાન મરદૂદથી ! હે મલઊન ! દૂર થઈ જા ! શું બકી રહ્યો છે ?" એકાએક પ્રકાશ અંધકારમાં બદલાઈ ગયો અને તે શક્લ ધુમાડો બની કહેવા લાગી કે, હે અબ્દુલ કાદિર ! તમે અલ્લાહના અહકામના જાણકાર હોવાના કારણે મારાથી બચી ગયા ! નહીં તો આવા ચક્કરો ચલાવી મેં ૭૦ અહલે તરીકતને એવા ગુમરાહ કર્યા કે ક્યાંયના ન છોડયા ! વળી આ તે કેવું જ્ઞાન તથા હિદાયત છે જે અલ્લાહ તઆલાએ આપને અતા ફર્માવ્યું છે. મેં કહ્યું, કે આ અલ્લાહનો ઉપકાર છે, તે જ શરૂ તથા અંતમાં હિદાયત આપનાર છે.

### ★ આપની મેહફિલનો જલ્વો ★

આપની વાઅઝની મજલિસમાં ૪૦૦ લોકો કલમ તથા ખડીયો લઈ બેસતા અને જે કાંઈ સાંભળતા તેને લખી લેતા. આપે ફર્માવ્યું કે શરૂઆતના દિવસોમાં મેં હુઝૂર صلی اللہ علیہ وسلم તથા મૌલા અલી کرم اللہ تعالی وجہہ الکریم ને સ્વપ્નમાં જોયા જેઓ મને વાઅઝ કરવા માટે હુકમ ફર્માવી રહ્યા હતા અને મારા મોઢામાં તેઓએ પોતાનું થૂંક મુબારક આપ્યું અને ત્યારથી જ મારા માટે ઈલ્મનાં દ્વારો ખુલી ગયાં.

મશાઈખથી નકલ કરવામાં આવ્યું છે કે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ જ્યારે વાઅઝ ફર્માવતી વખતે 'અલ્હમ્દુલિલ્લાહ !' કહેતા તો દુનિયામાંના દરેક ગાયબ તથા હાજર વલી શાંત થઈ જતા. આથી જ આપ 'અલ્હમ્દુલિલ્લાહ !' બે વાર કહેતા અને આ દરમિયાન થોડી વાર ચૂપ રહેતા. (બંને અલ્હમ્દુલિલ્લાહ દરમિયાન) અને અવલિયા અલ્લાહ તથા ફરિશ્તાઓની આપના મજમામાં ભીડ લાગી જતી. આપની મજલિસમાં જેટલા લોકો જોવામાં આવતા એથી અધિક રિજાલુલ ગયબ એટલે એવા લોકો હાજર રહેતા જે જોઈ ન શકાતા.

આપના સમયના એક બુઝુર્ગ ફર્માવે છે કે એકવાર મેં જિન્નતાની હાજરી માટે વઝીફો કર્યો પણ કોઈ

જિન્નાત હાજર ન થયો અને નક્કી થયેલ સમય કરતાં મોડુ કર્યું. મને ઘણો જ અચંબો થયો કે મોડુ શા માટે કર્યું ?! પછી તેમાંના અમુક જિન્નાત હાજર થયા. મેં મોડુ થવાનું કારણ પૂછયું તો કહેવા લાગ્યા કે હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર વાઅઝ ફર્માવી રહ્યા હતા અને અમે સૌ ત્યાં હાજર હતા. અત્યાર પછી અમને એવા સમયે ન બોલવાશો જ્યારે અમે હઝરત શૈખની બારગાહમાં વાઅઝ સાંભળવામાં હાજર હોય, નહીં તો અમને મોડુ થશે જ ! મેં કહ્યું કે તમે પણ તેમની મજલિસમાં હાજર થાવ છો ?! કહેવા લાગ્યા કે ઈન્સાનોની ભીડ કરતાં અમારી ભીડ ત્યાં વધુ હોય છે ! અમારામાંના વધુ પડતા કુટુંબો આપના હાથ પર ઈસ્લામ લાવી અલ્લાહ તરફ મુતવજજેહ થયા છે. (સુબ્હાનલ્લાહ !)

પાંચસોથી અધિક યહૂદ તથા નસારા (ઈસાઈ) અને લાખોથી અધિક અન્ય લોકો આપના હાથ પર તૌબા કરી ચૂક્યા અને પોતાના કુકર્મોથી દૂર થઈ ગયા હતા, તો મખ્લૂકે ખુદાના અન્ય લોકોના બારામાં શું કહી શકાય છે.

## ★ આપની વિલાયતનો મક઼ામ ★

એકવાર લોકોએ આપને અર્ઝ કરી કે તમને કઈ રીતે ખબર પડી કે તમે અલ્લાહ ﷻ ના વલી છો ?! ફર્માવ્યું, દસ વરસની ઉમર હતી તો જ્યારે હું મદરસે જતો તો માર્ગમાં ફરિશ્તાઓને મારી આસપાસ ચાલતા જોતો, અને જયારે મદ્રસામાં પહોંચી જતો તો ફરિશ્તાઓને એ વાત બાળકોને કહેતાં સાંભળતો, હે બાળકો ! વલીના માટે જગા છોડી આપો ! એક દિવસે મને એવો શખ્સ જોવા મળ્યો જે પહેલાં કદી જોયો ન હતો. તેણે એક ફરિશ્તાને પૂછયું, આ બાળક કોણ છે જેની તમો આટલી તા'ઝીમ કરો છો ?! તેણે જવાબ આપ્યો, આ અલ્લાહનો વલી છે જેનો ઘણો જ મહાન મર્તબો થશે..... ચાલીસ સાલ પછી મેં ઓળખ્યો કે તે શખ્સ પોતાના સમયનો અબ્દાલ હતો.

ગ઼ૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે કે હું નાનો હતો ત્યારે એક રોજ અરફાના દિવસે શહેરની બહાર આવ્યો અને ખેતીવાડીના એક બળદની પૂછડી પકડીને ભાગવા લાગ્યો. બળદે પાછા ફરીને મને જોયો અને કહ્યું, ''હે અબ્દુલ ક઼ાદિર ! તમને આ કામના માટે પેદા કરવામાં નથી આવ્યા ! ન આ કામનો હુકમ આપ્યો છે.'' (હું ગભરાતો કાંપતો) મારા ઘરે પરત થયો અને મકાનની છત પર પહોંચી ગયો તો ત્યાંથી લોકોને અરફાતના મેદાનમાં ઉભેલા જોયા. બસ, હું મારાં વાલિદાની ખિદમતમાં આવીને કહેવા લાગ્યો, મને ઈલ્મ પ્રાપ્તિની તથા અવલિયાની ઝિયારતના માટે બગદાદ જવાની રજા આપો.

## ★ ગ઼ૌષ પાકના ઉચ્ચ અખ્લાક઼ મુબારક ! ★

આપના અખ્લાક઼ انك لعلى خلق عظيم નો નમૂનો અને انك لعلى هدى مستقيمના જેમ હતા. આપના આટલા મહાન મર્તબાવાળા, ઈલ્મવાળા, શાનો શૌક઼તવાળા હોવા છતાં ગરીબોમાં કમજોરોમાં બેસતા. ફક઼ીરો સાથે નમ્રતાથી વર્તતા, મોટાઓની ઈજ્જત નાનાઓ પર હેત, સલામ કરવામાં પહેલ, તાલિબે ઈલ્મો તથા મહેમાનો સાથે ઘણો સમય બેસતા.... વગેરે ખૂબીઓના આપ માલિક હતા.

એકવાર આપ હજ્જના ઈરાદાથી નીકળ્યા. જ્યારે બગદાદની નજીક એક જગા જેનું નામ હલ્લા હતું ત્યાં પહોંચ્યા તો હુકમ આપ્યો, અહીં એવું ઘર શોધો જે સૌથી વિશેષ તૂટેલું ફૂટેલુ અને ઉજ્જડ હોય, ત્યાં આપણે રોકાઈશું. જો કે ત્યાંના માલદારોએ સારામાં સારાં મકાનો આપને રોકાવા માટે પેશ કર્યા પણ આપે ના પાડી. ઘણી શોધખોળને અંતે એક એવું મકાન મળી ગયું જેમાં વૃદ્ધ, વૃદ્ધા અને એક બાળકી હતી. આપે વૃદ્ધ પુરૂષથી રજા લઈને રાત તે મકાનમાં પસાર કરી અને તે તમામ નઝરાણા તથા હદિયા જે નક઼દ, જણસ અને પ્રાણીઓના રૂપમાં આપને પેશ કરવામાં આવ્યાં તે વૃદ્ધને આપી દીધાં. હાજરજનોએ પણ આપના અનુસરણમાં સઘળો માલ તે વૃદ્ધને આપી દીધો. અલ્લાહ તઆલાએ આપના સદક઼ામાં તે વૃદ્ધને આપના ક઼દમોની બરકતથી એવી દૌલત અતા કરી કે એની આસપાસમાં કોઈને ન મળી.

## ★ આ છે ગ઼ૌષે આ'ઝમનો કમાલ ! ★

એક નાનકડો કાફલો જીલાનથી રવાના થઈ ઈલ્મ તથા વિદ્યાના સેન્ટર બગદાદ તરફ કૂચ કરી રહ્યો હતો. અનેક મંઝિલો પાર કરી કાફલો હમદાનથી થોડોક આગળ તઝ નામના સ્થળે પહોંચ્યો જ હતો કે ડાકૂઓનો

હુમલો થયો. ડાકૂઓ સાઈઠની સંખ્યામાં હતા. તેમણે ખૂબ જ બેદર્દીથી માલ લૂટી એક જગ્યાએ એકઠો કર્યો. બધા જ લોકો ડરના માર્યા સ્તબ્ધ હતા પરંતુ ૧૮ વર્ષનો એક નવ યુવાન પણ તેમાં હતો ગજબની શાંતિ તેના મુખે ઉભરાઈ રહી હતી, બિલકુલ શાંત એક ખૂણામાં ઉભો હતો. એક ડાકૂએ તેની પાસેથી પસાર થતાં અમસ્તુ જ પૂછયું કે તારી પાસે પણ કાંઈ છે ? નવયુવાને જવાબ આપ્યો કે મારી પાસે ૪૦ દીનાર છે જે મારી બંડીની બગલના નીચલા ભાગમાં સીવેલા છે. ડાકૂ સમજ્યો કે જવાન મઝાક કરી રહ્યો છે, નહીં તો ડાકૂને પોતાનો છુપાયેલ માલ વિશે કોણ બતાવે ?! બીજો એક ડાકૂ પણ પસાર થયો તેણે પણ તે જ સવાલ કર્યો અને તેને પણ સરખો જવાબ મળ્યો. બીજો ડાકૂ પણ પહેલાની જેમ પસાર થઈ ગયો.

ડાકૂઓનો સરદાર એક ટેકરી ઉપર બેસી લૂટેલો માલ વહેંચી રહ્યો હતો, એક ડાકૂએ સરદારને પેલા નવયુવાનના જવાબ વિશે કહ્યું તો સરદાર ચોંકી ઉઠયો. તેણે અવિશ્વાસભરી નજરે પોતાના સાથીઓ તરફ જોયું અને કહ્યું કે જ્યારે દરેક માણસ પોતાના જાનની ફિક્રમાં છે, ખૌફ તથા ગમગીનીનો માહોલ છે, તેવામાં આ કોણ માણસ છે ?! સરદારે મજબૂર થઈ પોતાના સાથીઓને કહ્યું કે તે નવયુવાનને અહીં હાજર કરવામાં આવે. જ્યારે તે નવજવાનની તલાશી લેવામાં આવી તો ખરેખર ૪૦ દીનાર નીકળ્યા. ડાકૂઓનો સરદાર એક પળ માટે આશ્ચર્યના સમંદરમાં ડૂબી ગયો અને પૂછયું, તને કઈ ચીજે આ સચ્ચાઈ માટે ઉભાર્યો ? ફર્માવ્યું, ઘરેથી રવાનગી વખતે મારી માંએ મને સત્ય બોલવાની શીખ આપી હતી, જેથી મારા ઝમીરને એ હરગિઝ માન્ય ન થયું કે કેવળ ૪૦ દીનાર માટે હું મારી માંને આપેલો વાયદો તોડી કાઢું ! આ શબ્દોનો સમૂહ ડાકૂના સરદારના દિલની આરપાર થનાર તીર બની નીકળી ગયો, તેની આંખો ખુલી ગઈ ! તે રડતાં કાંપતાં કહેવા લાગ્યો, સાહબઝાદા ! તમે તમારી માંને કરેલા વાયદાનું આટલી હદે આવી મુસીબતમાં પાલન કરો છો ! અને અમે અલ્લાહની સાથે કરેલા વાયદામાં ગદ્દારી કરી રહ્યા છીએ ! તે તરત જ આપના હાથ પર તૌબા કરી લે છે અને તેને જોઈ તેના સર્વ સાથીઓ તૌબા કરી લે છે અને સઘળો લૂટેલો માલ સર્વને પરત કરી આપે છે જેથી કાફલામાં પણ ખુશીઓની બહાર આવી જાય છે.

*(અહલે સુન્નત કી આવાઝ, હિ.સ. ૧૪૨૮માંથી ટૂંકાવીને)*

## ★ કામયાબીનો ઈલાજ ગૌષ પાકનો વસીલો ★

ગૌષ પાક رضی اللہ عنہએ ફર્માવ્યું કે જ્યારે અલ્લાહથી કોઈ ચીજ માંગો તો મારા વસીલાથી માંગો જેથી મુરાદ પૂરી થાય. અને ફર્માવ્યું, જે શખ્સ કોઈ મુસીબતમાં મારા વસીલાથી ઈમદાદ ચાહે તો તેની મુસીબત દૂર થાય અને જે કોઈ તકલીફમાં મારું નામ લઈ પોકારે તેને રાહત મળે અને જે મારા વસીલાથી અલ્લાહ સમક્ષ પોતાની મુરાદો પેશ કરે તો તે પૂરી થશે.

## ★ નમાઝે ગૌષિયા ★

આપે ફર્માવ્યું કે જે શખ્સ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી ૧૧ વાર સૂરએ ઈખ્લાસ પઢે અને સલામ પછી સરકાર ﷺ પર દુરૂદ મોકલે અને મારું નામ લઈને અલ્લાહથી દુઆ માંગે તો અલ્લાહ તઆલા પોતાના ફઝ્લો કરમથી તેની દરેક જાઈઝ હાજત પૂરી ફર્માવશે. (એક રિવાયતમાં છે કે, તે નમાઝ પછી ૧૧ ક઼દમ ઈરાકની દિશામાં ચાલીને મારું નામ લઈને દુઆ માંગે.)

**હે લોકો !** આ લખાણ મુહક્ક઼િક઼ે અલલ ઈત્લાક઼ હઝરત શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના લખાણમાંથી લીધેલ છે જેમને માનવાનો દાવો વહાબી દેવબંદીઓ પણ કરે છે, પણ ગૌષ પાક رضی اللہ عنہના મર્તબા વિશે તથા ગૌષ પાકનો વસીલો લેવા વિશે વાત કરતાં તેઓ "શિર્ક ! શિર્ક !" કરે છે તો તેઓ હઝરત શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પર શો ફત્વો આપશે ?! અલ્લાહ સાચી સમજ આપે.

તેમજ ગૌષ પાક رضی اللہ عنہ એ ઈલ્મે દીન તથા ઈબાદતે ઈલાહી માટે કેટલી કોશિશો કરી હતી તથા દીન તથા શરીઅતની કેટલી પાબંદી કરી હતી તથા કેટલી મહેનત તેના પ્રચાર માટે કરી હતી...... વગેરે તથા આપના અખ્લાક કેટલા ઉચ્ચ હતા.... સર્વ બાબતોને આમ તથા ખાસ લોકો જુએ અને સાચા આશિક઼ે ગૌષ હોય તો એ જ પ્રમાણે પોતાના જીવનને ઢાળે એવી અપીલ છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં સૌને નેક તૌફીક઼ આપે. આમીન

# ઈસ્લામ તારી ઉચ્ચતાને કોઈ આંબી નહીં શકે !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આ હકીકત છે કે વર્તમાનયુગમાં મુસ્લિમો સિવાય વિશ્વની અન્ય કૌમોનો સંબંધ ધર્મથી નામ માત્રનો રહી ગયો છે, તેમના માટે ધર્મ એક રિવાજ સમાન છે અને તેનો ઉલ્લેખ કેવળ એક જાતિની ઓળખ રૂપે કરવામાં આવે છે. દા.ત. આજે મુસ્લિમો સિવાય દુનિયામાં બે મોટ ધાર્મિક જુથો જોવા મળે છે : એક ઈસાઈ, બીજાું : હિંદુ. **ઈસાઈઓમાં અધિક્તમ સંખ્યા એ લોકોની છે જેઓ ખુદાના અસ્તિત્વનો ઈન્કાર કરે છે, જેઓ નબુવ્વત તથા રિસાલતને નથી માનતા અને તેમને ત્યાં આખેરતમાં હિસાબ કિતાબનો કોઈ તસવ્વુર નથી.** હજારમાં બે ચાર હોય છે જે અઠવાડિયામાં એકવાર ચર્ચ જતા હોય છે તેમ જ વરસમાં એકવાર કૌમી તહેવાર ક્રિસ્ટમસ મનાવી લે છે જેમાં પૂજાપાઠનું નામ પણ નથી હોતું, સંપૂર્ણ રીતે મોજ મસ્તીનો રંગ છવાયેલો રહે છે. જીવનમાં હરામ હલાલના કાનૂન સાથે તેમને કોઈ સંબંધ નથી.

બીજી કૌમની સ્થિતિ એ છે કે તેઓ પોતાની ધાર્મિક કિતાબોથી સદંતર અજ્ઞાન છે. સામાન્ય લોકોનો હાલ તો એ હોય છે કે જીવન આખુ વિતી જાય છે પણ તેઓ પોતાના ધાર્મિક પુસ્તકોને હાથ સુદ્ધાં નથી લગાડતા ! બસ થોડી ઘણી ધાર્મિક વિધિ અમુક ખેલમસ્તી સાથે, નાચવા કૂદવાની ધાંધલ ધમાલવાળા તહેવારો, એથી વધુ ધર્મ સાથે એમનો કોઈ સંબંધ નથી હોતો. તેઓ માટે એક મુશ્કેલી એ પણ છે કે તેમનું કોઈ ચોક્કસ બંધારણ નથી. માટે **ખુદા (ઈશ્વર)નો ઈન્કાર કરવાવાળા તથા ધર્મની ઠેકડી ઉડાવવાવાળાઓ પણ તેમના ધર્મ બહાર થતા નથી !** એકશ્વરવાદમાં માનવાવાળાઓ, મૂર્તિપૂજામાં ન માનનારા તેમજ અસંખ્ય ખુદાઓમાં માનવાવાળા સૌ આ ધર્મમાં રહી શકે છે ! એ જ કારણે એક તબકો એને ધર્મ નહીં પણ 'સંસ્કૃતિ' માને છે. જીવન પદ્ધતિના સંસ્કાર વિશે હુકમો, હલાલ અને હરામના કાનૂનથી તેઓને કોઈ સંબંધ જ નથી.

એક માત્ર મુસલમાનો પાસે એમની ધાર્મિક કિતાબ (કુર્આન) સુરક્ષિત છે કે આ કિતાબ પઢવા પર ધાર્મિક ગુરૂઓની ઈજાદારી નથી હોતી, દરેક મુસલમાન તેને પઢી શકે છે. **કદાચ જ કોઈ સામાન્ય મુસલમાન એવો હોય જે કુર્આને મજીદની તિલાવતથી મેહરૂમ હોય.** લાખોની સંખ્યામાં મુસલમાન સ્ત્રી પુરૂષોએ કુર્આને મજીદને પોતાના સીનામાં મહફૂઝ કરી રાખ્યું છે એ જ રીતે કુર્આને પાકના તર્જુમા તથા સમજૂતીનું જ્ઞાન રાખનારાઓ પણ લાખોની સંખ્યામાં જોવા મળે છે. શાયદ કોઈ મુસ્લિમ વસ્તી એવી હોય જ્યાં કુર્આને મજીદના તર્જુમા તથા તફસીરને જાણનાર ઉલ્મા ન હોય. વળી કુર્આને મજીદના આદેશો ઉઘાડા અને સ્પષ્ટ છે અને તેના બુન્યાદી એહકામ (પાયાના હુકમો)નું જ્ઞાન સામાન્ય મુસ્લિમોને પણ હોય છે. મુસલમાનો કેવળ પોતાની ઈબાદતો રોઝા, નમાઝ વગેરેમાં જ શરઈ અહકામના પાબંદ નથી હોતા બલ્કે ખાવા, પીવા, હરવા, ફરવા, વાતચીત, નિકાહ, તલાક, વારસા, વેપાર તથા કમાઈ અને હલાલ તથા હરામ સંબંધિત અન્ય બાબતોમાં પણ ઈસ્લામી શરીઅતને અનુસરવાની કોશિશ કરે છે. તેમના માર્ગદર્શન માટે ઠેકઠેકાણે મસ્જિદના ઈમામો, મદ્રસાના ઉસ્તાદો તથા બીજા ઉલ્મા તત્પર રહે છે અને ખાસ એ માટે દારુલ ઈફતાની વ્યવસ્થા હોય છે, જ્યાં શરીઅતની રોશનીમાં અગત્યના મસાઈલ

હલ કરવામાં આવે છે, તદ્ ઉપરાંત દીનો શરીઅતથી સંબંધિત હોવાના કારણે જ મુસલમાનો ઉલ્મા તથા ધાર્મિક ગુરૂઓ પાસે આવી પોતાના એવા ગુનાહો તથા ભૂલોને સ્વીકારે છે જેને ન કોઈ આંખે જોયા, ન કોઈ જુબાને તેનાથી રોક્યા, આથી અજ્ઞાત ભૂલોનો સ્વીકાર માત્ર અલ્લાહ તઆલાના ખૌફથી જ હોય છે. અલ્લાહ તઆલા પર યક઼ીન તથા તેના તરફથી નફા નુકસાનનો અક઼ીદો મુસલમાનોનાં રૂંવારૂંવાંમાં સમાએલ હોય છે અને આ જ એક મુસલમાન માટે પોતાના રબ તરફથી મોટી પુંજી હોય છે એટલે જ તો આજે મુસલમાનો પર જે જુલ્મો સિતમ કરવામાં આવે છે અગર અન્ય ક઼ૌમો પર કરવામાં આવતા તો ક્યારની પોતાનો ધર્મ છોડી દેતે પરંતુ ઉમ્મે મુસ્લિમા માટે એ અકલ્પનિય છે.

આ તો ઈસ્લામની જ વિશિષ્ટતા છે કે મુસ્લિમો સેંકડો જુલ્મો સિતમ સહન કરી લે છે પણ પોતાના દીન ઈમાનને છોડવાનું માન્ય નથી કરતા. દેશોના દેશો તબાહ કરવામાં આવી રહ્યા છે, ખૂનની નદીઓ વહાવવામાં આવી રહી છે, કેટલીયે ધરતી મુસલમાનના ઉમ્મતના ખૂનથી લાલ છે, બેકસૂર બાળકોની લાશો તડપી રહી છે અને કેટલીયે ઔરતો પોતાના સુહાગથી મેહરૂમ થઈ રહી છે. સારાંશ કે જાન માલ, ઈજ્જત આબરૂ દુશ્મનોના નિશાના પર છે, મુસલમાનોને જ બદ્નામ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, છતાં ઉમ્મતે મુસ્લિમા પોતાના ધર્મ પર અડગ છે ! તેમના ઈમાની વૃક્ષને જેટલી કાપવાની કોશિશ કરવામાં આવે છે એટલું જ તે લીલુ, ફળદ્રુપ તથા વિશાળ થતું જાય છે. તેમની દીની ગૈરતની અગ્નિને જેટલો બુઝાવવાનો પ્રયાસ કરવામાં આવે છે એટલી જ વધુ સળગતી જાય છે, મુસીબતો અને દુશ્મનોના જુલ્મો સિતમ તેમને એક નવો જોશ, એક નવું બળ આપે છે. સાચે જ કહ્યું છે :

**રખા હૈ આંધીયોંને હી હમ કો કશીદા સર**
**હમ વો ચિરાગ હૈ જિસે નિસ્બત હવા સે હૈ**

આ જ એ હક઼ીક઼ત છે જેણે પૂર્વથી લઈને પશ્ચિમ સુધીના ઈસ્લામ દુશ્મનોને અચંબામાં નાખી દીધા છે અને એથી વધુ હસદ અને કીનામાં, કેમ કે ઈસ્લામે તેમની જડોને હલાવી મૂકી છે, ખોખરા, બનાવટી ધર્મોની વાસ્તવિક્તા ઉઘાડી કરી દીધી છે અને કુર્આન તથા હદીષના અમર આકર્ષણે લોકોના દિલો દિમાગને મોહિત કરી દીધાં છે. એ જ કારણે તો એ જાણવા છતાં કે, "યહ શહાદત ગહે ઉલ્ફત મેં ક઼દમ રખના હૈ" લોકોના જુથને જુથ પોતાની પ્યાસ બુઝાવવા ઈસ્લામ તરફ ખેંચાય આવે છે. વિરોધીઓએ જે સમજ્યું છે તે બિલ્કુલ સત્ય છે કે જ્યાં સુધી કુર્આન તથા સુન્નત સાથે આ ઉમ્મતનો સંબંધ નહીં તૂટે મુસલમાનોના ઈમાન તથા યક઼ીનને ખત્મ નહીં કરી શકાય અને તેમના દિલો દિમાગ પર ક઼ાબૂ થશે નહીં. કુર્આન તથા હદીષ એ બંનેવ જીવંત, અમિશ્રિત ખુદાઈ તોહફા છે અને જે વસ્તુ જીવંત અને અમિશ્રત હોય છે તેમાં જ આકર્ષણ હોય છે. મરેલો સિંહ માટીના ઢગલા જેમ હોય છે એ જ રીતે આજે દુનિયામાં જે અન્ય ધાર્મિક પુસ્તકો જોવા મળે છે, ખુદા તરફથી તેમનો દૌર સમાપ્ત થઈ ચૂક્યો છે, તે જીવનથી મેહરૂમ છે અને ઈન્સાની મિલાવટે તેમને અપ્રભાવિત કરી દીધેલ છે માટે ફિક્રો અમલ (વિચાર વર્તન)માં તે કોઈ ક્રાંતિ નથી લાવી શકતાં, પરંતુ કુર્આને પાક એક અત્યંત ક્રાંતિકારી ખુદાઈ પયગામ છે જે ઈન્સાની સમાજમાં સારું પરિવર્તન લાવી શકે છે. અને ઈન્સાનને બુરાઈઓ સામે જઝુમવાની શક્તિ આપે છે એટલા જ માટે તો આજે વૈશ્વિક સ્તરે મુસલમાનોને કુર્આનથી દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

આ એક ત્રિકોણીય કોશિશ છે : પ્રથમ તો એ કે કુર્આની ઉપદેશો તથા તેની તા'લીમાતને બદ્નામ કરવામાં આવે, તેમને ત્રાસવાદ તથા કટ્ટરવાદ પર આધારિત કહેવામાં આવે. અમેરિકી વિદેશમંત્રી કોન્ડોલીઝા રાઈસ પછી તેના અનુયાયીઓના આગામી દિવસોમાં એવાં બયાનો આવતાં રહે છે કે, "આ કિતાબ (કુર્આન)માં કોઈક તો એવી વાત છે જ જેથી તેને માનનારાઓમાં કટ્ટરવાદ આવી જાય છે."

અમેરિકા અને પશ્ચિમી ક઼ૌમો અમુક કુર્આની આયતોને કાઢવાની માંગણી એક સમયથી કરી રહી

છે અને કેટલાક મુસ્લિમ દેશોએ બેશરમી તથા બેગૈરતીનું પ્રદર્શત કરતાં એને સ્વીકૃતિ પણ આપી છે. ૧૯૭૩ની મિસર ઈઝરાઈલ જંગ પછી થયેલ શાંતિ વાર્તામાં અમેરિકાએ અન્વર સાદાતને ચેતવણી આપી કે તેમણે ઈઝરાઈલ સાથે સંબંધ સ્થાપિત કરવા લાંબા ફેરફારો કરવા પડશે. તે સમયના અમેરિકી રાષ્ટ્રપ્રમુખ બેગને કહ્યું કે મિસર જો વાસ્તવમાં ઈઝરાઈલ સાથે સંબંધો વિકસિત કરવા ઈચ્છે છે તો તેણે પોતાની શિક્ષણ સંસ્થાઓમાં પઢાવવામાં આવતી કિતાબોમાંથી એવી તમામ આયતો તથા પરેગ્રાફ કાઢવા પડશે જેમાં યહૂદીઓ સાથે દુશ્મનીનું વર્ણન છે. કહેવામાં આવે છે કે અન્વાર સાદાતે પોતાના શિક્ષણ મંત્રીને બોલાવીને બેગનના મશ્વરા પર અમલ કરવાના આદેશ આપ્યા. આ ક્રમમાં જે આયતો તથા હદીષોને નિસાબ (કોર્સ)માંથી કાઢવામાં આવી તેમનો સંબંધ જેહાદ, યહૂદીઓની મુસ્લિમ દુશ્મની, કાફિરો સાથે દોસ્તીની મનાઈ તથા પર્દાથી હતો. વાત આટલે જ સુધી ન રહી બલ્કે થોડા સમય પછી ઈઝરાઈલી દબાણમાં આવી વિશ્વ વિખ્યાત ઈસ્લામી યુનિવર્સિટી જામેઅ અઝહરને વિરોધ હોવા છતાં ક઼ૌમી મિલ્કત બનાવી લેવામાં આવી. આજે પોતાના ગુમાનમાં દીન તથા શરીઅતના ઠેકેદાર સઊદી અરબથી યહૂદિયતના આ હુકમને સ્વીકારવાની ખબરો આવી રહી છે જે સામાન્ય લોકો માટે ભલે આશ્ચર્યજનક હોય પરંતુ સમજદારો માટે આ બિલ્કુલ નવું નથી. કદાચ હવે દીની મદ્રસાઓથી પણ આવી જ માંગણી કરવામાં આવે અને કુર્આને મુકદ્દસમાંથી જ આવી આયતોને સમાપ્ત કરવાની વાત કરવામાં આવે. પરંતુ આવી નાપાક કોશિશો અધુરી જ રહેશે કારણ કે કુર્આનની હિફાઝત ખૂદ અલ્લાહ તઆલાના જિમ્મએ કરમ પર છે. છે આ જ સ્થિતિ રસૂલી ગિરામી વક઼ાર ﷺની પવિત્ર સુન્નતો તથા સીરતે પાક સાથે પણ છે જેને વિવિધ રીતે નિશાન બનાવવામાં આવે છે. હાલમાં સુદાનની એક બ્રિટનની ટીચરે ટેડી બિયરનું નામ આપ ﷺના નામે અક઼દસ પર રાખવાની નાપાક કોશિશ કરી જેની અતંર્ગત તેને ચાળીસ કોરડાની સજા સંભળાવામાં આવી જે બાદમાં ૧૫ દિવસની કૈદમાં બદલી નાંખવામાં આવી. પોતાના વતન પર થયા બાદ જ્યાં તે ટીચરનું એ બયાન આવ્યું કે તેને અનુમાન ન હતું કે તેના આ કૃત્યથી ઈસ્લામ તથા પૈગંબરે ઈસ્લામ ﷺનું અપમાન થાય છે. પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈસ્લામના ચૌદસો વરસના ઈતિહાસમાં આવી "માસૂમ ભૂલ" કદી મુસલમાનોથી કેમ ન થઈ ? જો આ ભૂલનું કારણ કમ ઈલ્મી છે તો અડધુ ઈસ્લામી જગત અજ્ઞાન છે પરંતુ જ્યાં હઝરત ઈસા علیہ السلام અને ઈસાઈયતની વાત આવે છે તો અભણ મુસલમાન પણ આવી "માસૂમ ભૂલ"ના શિકાર નથી થતા. તો શું આનો અર્થ એ છે કે ધાર્મિક માનમર્યાદાઓમાં અભણ મુસલમાનો પણ પશ્ચિમના ઉચ્ચ શિક્ષણ ધરાવતા બલ્કે પશ્ચિમી આગેવાનો બલ્કે પોપથી પણ બેહતર છે ?

સારાંશ કે એનકેન પ્રકારે કોશિશોથી કુર્આન તથા સાહિબે કુર્આન ﷺથી મુસલમાનોના રિશ્તાને કમજોર કરવાની કોશિશ કોઈ નવી બાબત નથી. ઈસ્લામી વધતી અસરોને અટકાવવા સરકારે કાઈનાત ﷺ પર નાપાક હુમલા આપની જાહેરી હયાતમાં પણ થતા રહ્યા અને થતા રહેશે. પરંતુ આપના પવિત્ર ચારિત્ર અને આપની ઉચ્ચતામાં કાંઈ ફરક આવશે નહીં.

અમેરિકા અને યૂરોપમાં ઈસ્લામના વધતા ગ્રાફની જે ખબરો આવી રહી છે એનું કારણ ક્યાં કુર્આન છે, ક્યાં તો રસૂલે ગિરામી વક઼ાર ﷺનું જીવન ચરિત્ર, એ જ કારણે ઈસ્લામ વિરોધીઓ એને નિશાન બનાવે છે. જેથી મુસલમાનોનો ફર્ઝ બને છે કે આજના આવા માહોલમાં કોઈ દબાવના શિકાર ન થાય અને સંપૂર્ણ હોંસલાભેર, અતિ વિશ્વાસ અને યક઼ીન સાથે કુર્આન તથા સુન્નત પર અડગ રહે તો ક઼ામયાબીઓ આપણા ક઼દમ ચૂમશે અને અન્ય ક઼ૌમો આપણને દીવાદાંડી બનાવશે.

**હર એક મક઼ામ સે આગે મક઼ામ હૈ તેરા**
**હયાત ઝોકે સફર કે સિવા કુછ ઔર નહીં**

# ઈસ્લામી ઈતિહાસનો પ્રચાર કે ઈસ્લામનું વ્યાપારીકરણ?!

કાર્યાલય

The Message અર્રિસાલા ફિલ્મ વિશે શરીઅતનો સ્પષ્ટ હુકમ.....

અમને સત્તાવાર માહિતી મળી છે કે "અર્રિસાલા" (**The Message**) નામની ફિલ્મ જેમાં હુઝૂર ﷺનો બેક ગ્રાઉન્ડમાં અવાજ આવતો હોય તેમ કોઈક અન્યનો અવાજ છે અને અન્ય સહાબા પુરૂષો તથા સહાબિયા સ્ત્રીઓના તથા ઈસ્લામી ઈતિહાસના જંગો તથા બનાવોમાં આવેલ અન્ય વ્યક્તિઓના રોલ, કલાકારો થકી ભજવવામાં આવેલા છે. શહેર સૂરતમાં જ્યારે આ ફિલ્મ રિલીઝ થવાની હતી તો લોન્ચ કરનાર તરીકે સંગીતકાર એ.આર. રહમાનના નામની વ્યક્તિનું નામ સ્થાનિક–અખ્બારોમાં પ્રસિદ્ધ થયું હતું. પણ સૂરતના જિમ્મેદાર ઉલમાએ સિનેમાવાળાને મળીને તેની ખરાબીઓ દર્શાવી અને મુસ્લિમોની દીની લાગણી દુભાવાથી વાતાવરણ ઉગ્ર બનવાનો ખતરો દર્શાવતાં ત્યાં એ ફિલ્મને પ્રસિદ્ધ થતાં રોકી દેવામાં આવી હતી. પણ કહેવાય છે કે તેની **CD**ઓ ધૂમ વેચાઈ હતી જે દરેક કૌમના લોકોએ લીધી હતી. અને હાલમાં એક ઉર્દૂ અખ્બારમાં આ ફિલ્મની જાહેરાત વાંચી તેમાં છે : **Produced by Yamshi Ahmed & Saal Ahmed, Song by A. R. Rahman...** વગેરેની જાહેરાત છે.

'ફિલ્મ' અને 'ઈસ્લામ' બંનેવ વિરોધભાસી પર્યાયો છે, જેમ કે રાત અને દિવસ ! પણ અફસોસ કે મુસલમાનોને ઈમાની તથા અખ્લાકી રીતે તોડી પાડવા ઈસ્લામના કાનૂનોના તથા મહાન ઈસ્લામી હસ્તીઓનાં અપમાન કરતી આ ફિલ્મ પ્રસિદ્ધ થઈ જેના સામે થવો જોઈએ તેવો ન કોઈ વિરોધ જોવા મળે છે અને ન કોઈ પ્રતિકારક પ્રવૃત્તિ ઈસ્લામી વર્તુળોમાં મોટા પાયે થતી હોય એવું અમારી જાણમાં આવ્યું. બલ્કે ૪–૧–૨૦૦૮ના કહેવાતા મુસ્લિમ દૈનિક 'ઈન્કિલાબ' ઉર્દૂ (મુંબઈ)ના અખ્બારમાં નીચે પ્રમાણે સમાચારો પ્રસિદ્ધ થયા હતા.

## 'ઈન્કિલાબ' દૈનિકનું ગુમરાહ કરનાર લખાણ

તા. ૪–૧–૨૦૦૮ના 'ઈન્કિલાબ' ઉર્દૂ દૈનિક પત્ર (મુંબઈ)માં "કૌમના દાનિશ્વરો (ડાહ્યા પુરૂષો) તથા આલિમોનાં ફિલ્મ અર્રિસાલા સંબંધે મંતવ્યો" એવા હેડિંગ હેઠળ છે કે, "ટેન કમાન્ડમેન્ટ" ફિલ્મ હઝરત મૂસા عليه السلامને અલ્લાહ તરફથી મળનારા ૧૦ હુકમો પર આધારિત ફિલ્મ હતી. (જે હોલીવુડ ટાઈપ બિભત્સ રીતના રોલવાળી હતી) હઝરત ઈસા عليه السلامઅને ઈસાઈયત પર ફિલ્મ બની ચૂકી છે. ટી.વી. સિરિયલ રામાયણ તથા મહાભારતે હિંદુ ધર્મનો પરિચય કરાવ્યો હતો પરંતુ અત્યાર સુધી કોઈ એવી ફિલ્મ નથી બની જેના થકી ઈસ્લામના ઉદય તથા તેની તા'લીમાતના બારામાં કાંઈક બતાવવામાં આવ્યું હોય. ઈસ્લામ કઈ રીતે જાહેર થયો, કેવા પ્રતિકૂળ સંજોગોમાં પસાર થયો એના વિશે સામાન્ય લોકો અજાણ છે. "અર્રિસાલા" ફિલ્મ એની તસ્વીર રજૂ કરે છે અને અલ્લાહ અને તેના રસૂલનો સાચો પયગામ સંભળાવે છે. આ ફિલ્મ નથી પણ ઈસ્લામનો ઈતિહાસ છે. જે બનાવો આપણી કિતાબો સુધી મર્યાદિત હતા તેને આ ફિલ્મ આંખો સામે રજૂ કરી આપે છે. જંગે બદર, જંગે ઓહદના દશ્યો અજોડ છે. ફિલ્મના જે અભિનયકર્તા (એકટર–એકટ્રેસો)એ ઈસ્લામી ઈતિહાસના મહત્વના કિરદારોનો જે રોલ ભજવ્યો છે તેમણે અદાકારીનો હક્ક અદા કરી આપ્યો છે. હઝરત જાફર અને હબ્શના રાજા વચ્ચેનો વાર્તાલાપ તથા હઝરત ઈસા તથા બીબી મરયમના બારામાં ઈર્શાદોનો સીન તો ફિલ્મની જાન છે ! જંગે ઓહદ પછી હિંદાનું હઝરત હમ્ઝાનું કલેજુ ચાવવાનો સીન પણ રુંવાટી ઉભી કરી દે તેવો છે ! એ જ પ્રમાણે હઝરત હમ્ઝાનું અબૂ જહલને લલકારવાનો સીન પણ ભૂલી ન શકાય તેવો છે. અત્યાર સુધી જે બનાવો કેવળ કિતાબોમાં વાંચવામાં આવતા હતા તેને 'અર્રિસાલા' ફિલ્મે આંખો સમક્ષ રજૂ કરી આપ્યા છે.

અમારી અપીલ છે કે ફિલ્મ 'અર્રિસાલા' ન કેવળ જોવામાં આવે બલ્કે વારંવાર જોવામાં આવે."

*(ઈન્કિલાબ ઉર્દૂ દૈનિક પત્ર–મુંબઈ, તા. ૪–૧–૦૮)*

'ઈન્કિલાબ' દૈનિકમાં ઉપરોક્ત લખાણ નીચે મોટા મોટા લક્બો સાથે નીચેના મોલ્વીઓ વગેરેનાં નામો અપીલકર્તામાં છાપેલાં છે :–

મૌલાના કલ્બે સાદિક (શીઆ મોલ્વી) સદર ઓલ ઈન્ડિયા મુસ્લિન પર્સનલ લો બોર્ડ, મઝહરુલ હક્ક્ ચૌધરી, મૌલાના અબ્દુર્રહમાન–સદર તન્ઝીમે યુનાઈટેડ મુસ્લિમ ઓફ મહારાષ્ટ્ર, મુફ્તી અઝીઝુર્રહમાન, મૌલાના ક઼ાસિમ–ચેરમેન, કુર્આન એકેડમી, મૌલાના શોએબ કોટી, મૌલાના ઈનામુલ્લાહ, મૌલાના મુશ્તાક નદવી.... વગેરે નામો છે.

## 'અર્રિસાલા' નામની ફિલ્મ વિશે મર્કઝ બરેલીનો ફત્વો

**સવાલ :** મોહતરમ જનાબ મુફ્તી સાહબ, સલામ મસ્નૂન બાદ આ સાથે તા. ૪–૧–૦૮ના 'ઈન્કિલાબ' ઉર્દૂ પેપરમાં પ્રસિદ્ધ થયેલ લખાણ રજૂ કરેલ છે. (જે ઉપર દર્શાવ્યું) તો શું આવી ફિલ્મને જોવું કે દેખાડવું અથવા જોવાની અપીલ કરવી અને સહાબાએ કિરામ અને સહાબિયાતનો રોલ અદા કરવો (પાત્ર ભજવવું) કેવું છે ? અને જે લોકોનાં નામો એ દૈનિક વર્તમાન પત્ર (ઈન્કિલાબ)માં લખાણ નીચે વર્ણવ્યાં છે એ લોકોના બારામાં શરીઅતનો શું હુકમ છે ?

જો કોઈ મુફ્તી સાહબ આ લખાણને વાંચીને ઈસ્લામી શરીઅતના ક઼ાનૂનના પ્રમાણે જાણકારી કે ફત્વો આપવાથી ઈન્કાર કરે અને કહે કે કોઈ અન્ય પાસેથી એના બારામાં ફત્વો લઈ લો, હું આપીશ નહીં. તો એવા મુફ્તી સાહબના બારામાં ઈસ્લામનો શું હુકમ છે ? શું મુફ્તી સાહબને એ અધિકાર છે કે જે બારામાં ચાહે ફત્વો આપે અને ચાહે તો ન આપે ? જ્યારે કે તે મુફ્તી સાહબ દારુલ ઈફ્તામાં બેસીને સેંકડો ફત્વા આપે છે. (પ્રશ્નકર્તા : અબ્દુલ અઝીઝખાન અશરફી, જોગેશ્વરી, મુંબઈ)

**જવાબ :** અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام તથા અજવાઝે મુતહ્હરાત (નબીની પાકબીવીઓ, ઉમ્મતની માંઓ) તથા સહાબાએ કિરામ તથા સહાબિયાત رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ની (સ્ત્રીઓ) ની શકલ બનાવીને અથવા બનીને **તે પવિત્ર સુથરી પવિત્ર હસ્તીઓનો રોલ અદા કરવો (પાત્ર ભજવવું) એ અલ્લાહના મહબૂબ બંદાઓની તૌહીન છે.** અને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام તેમજ નબી કરીમ ﷺની પવિત્ર પત્નીઓ તથા સહાબા તથા સહાબિયાત رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ની તૌહીન **'કુફ્ર'** છે. જે મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) **આવું કરશે તે ઈસ્લામથી બહાર છે. જે લોકો આ કુફ્રી હરકતના મદદગાર થશે તેમના માટે પણ એ જ હુકમ કે ઈસ્લામથી ખારિજ (બહાર) છે.** એ ફિલ્મને જોવી, દેખાડવી હરામ ! હરામ ! હરામ ! બુરું કામ, બુરો અંજામ અને તેનાં વખાણ તથા **તેને દાદ આપવું કુફ્ર** છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

ક્યારેક સવાલ સમજમાં નથી આવતો, ક્યારેક જવાબ દિમાગમાં તુરત નથી હોતો, શરઈ મસ્લેહતના સબબે મુફ્તી કોઈ બીજા મુફ્તી પ્રતિ પ્રશ્નકર્તાને મોકલી આપે જેમ કે જવાબની ઉતાવળ હોય અથવા અન્ય કોઈ શરઈ મસ્લેહતના સબબે મુફ્તી કોઈ બીજા કોઈ મુફ્તી પ્રતિ પ્રશ્નકર્તાને મોકલી આપે છે, આવા સંજોગોમાં કોઈ મુફ્તી પ્રતિ બદ્ગુમાની ન કરવી જોઈએ અને તેમની વિરુધ્ધ જવાબ લેવો શાણપણ તથા સભાનતા નથી. આમ તો **હક્ક્ને હક્ક્ અને બાતિલને બાતિલ જાહેર કરવું એ ઉલમાએ કિરામ તથા મુફ્તિયાને એ'ઝામનો હોદ્દો જ છે,** સખત શરઈ કારણ વિના સવાલના જવાબથી મોઢું ફેરવવું પોતાના સ્થાનને બદ્નામ કરવું છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર :** (મુફ્તી) ફક઼ીર ક઼ાદરી મુહમ્મદ ફારૂક ગુફિરલહૂ દારુલ ઈફ્તા, મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ, યુ.પી. (૩–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૨૯)

અંતમાં મુસલમાનોને વિનંતિ છે કે આવી ફિલ્મોનો વિરોધ કરે, ગવર્નમેન્ટથી તેના પર પ્રતિબંધની માંગ કરે તેની CDઓના **ખરીદવા**થી તેના **વેપાર**થી બચે અને ઈસ્લામના નિયમોના પાબંદ રહી ઈમાન તથા અમલની રક્ષા માટે સતત પ્રયત્નશીલ રહે.

## ક્યાં ગયું યુનો ? અને ક્યાં ગયા માનવતાવાદીઓ ?

**અત્યાર સુધી ૧૦ લાખ ઈરાકીઓ મૌતના શિકાર !**

# અમેરિકી જંગલીપણાના પ્રદર્શનનું સૌથી મહાન સ્થળ ઈરાક!

-:: કાર્યાલય ::-

અમેરિકી હુમ્લા પછી અત્યાર સુધી કેટલાયે ઈરાકી મૌતનો કોળિયો થઈ ચૂક્યા છે એના બારામાં સમયે સમયે ધારણાઓ કરવામાં આવે છે. પરંતુ વિવિધ માનવ હક્કોની રક્ષક સંસ્થાઓએ સામૂહિક રીતે એક રિપોર્ટ તૈયાર કરીને પ્રસિદ્ધ કર્યો છે એ રિપોર્ટના પ્રમાણે ઈરાકમાં ૧૦ લાખથી અધિક વ્યક્તિઓ મૌતના મુખમાં ધકેલાઈ ચૂક્યા છે. આ માનવ વંશની એક એવી કરૂણતા છે જેના પર જેટલા પ્રમાણમાં પણ ગમ તથા અફસોસ પ્રદર્શિત કરવામાં આવે તેટલો ઓછો છે. જયોર્જ બુશ વારંવાર એવું એલાન કરી ચૂક્યા છે કે ઈરાકમાં માનવ હક્કોનું નુકસાન ઘણા જ મર્યાદિત પ્રમાણમાં થયેલ છે અને એ જ લોકો માર્યા ગયા છે જેમણે અમેરિકી ફૌજો સાથે જંગમાં ભાગ લીધો. આખુ જગત અમેરિકી જુલ્મ જબરદસ્તીની વિરુધ્ધ પ્રદર્શનો કરતું રહ્યું પરંતુ અમેરિકા અને તેના સાથી દેશો સતત એવું જ કહેતા રહ્યા કે "ઈરાકમાં માનવ જાનો ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં ખોવાઈ છે, જુલ્મ તથા જબરદસ્તીની જે કહાનીઓ વર્ણન કરવામાં આવી એની કોઈ હક઼ીક઼ત નથી." અમેરિકાએ દરેક શક્ય તે કોશિશ કરી છે કે તે પોતાના બળપ્રયોગને ઈન્સાફ પર આધારિત ઠરાવે, પરંતુ માનવ અધિકારની રક્ષા કરનારી સંસ્થાઓએ અમેરિકાની પોલ ખોલી નાખી છે અને સંશોધનપૂર્ણ રિપોર્ટથી સાબિત કર્યું છે કે ૧૦ લાખથી અધિક વ્યક્તિઓ મૌતના મુખમાં ધકેલાઈ છે.

આશ્ચર્યજનક વાત એ છે કે આ રિપોર્ટની પ્રસિદ્ધિના પ્રત્યાઘાતરૂપે અમેરિકી હુકૂમતનું કહેવું છે કે જંગમાં જેટલા લોકો માર્યા ગયા છે એનાથી અધિક મોટી સંખ્યા તે લોકોની છે જેઓ સદ્દામ હુસૈનના સત્તાકાળમાં માર્યા ગયા હતા. જો આ વાત સાચી છે તો અંદાજો લગાડી શકાય છે કે સામૂહિક રીતે ઈરાકમાં કેટલા પ્રમાણમાં ખૌફનાક ક઼ત્લે આમ થઈ ચૂકી છે. માનવ ઈતિહાસમાં આ પ્રમાણેની ક઼ત્લેઆમના દૃષ્ટાંતો મહા મુશ્કેલીએ જ મળે છે. પરંતુ વિવેચકોનું કહેવું છે કે સદ્દામ હુસૈને કેવળ એ લોકોને નિશાન બનાવ્યા હતા જેઓ તેના હાથોએથી સત્તા છીનવી લેવા ચાહતા હતા, પરંતુ અમેરિકી લશ્કરોએ નિર્દોષ પબ્લિકને પોતાનું નિશાન બનાવી, પબ્લિકથી ભરેલી આબાદીઓ અમેરિકી બોમ્બના હેઠળ આવીને ખેદાન મેદાન થઈ ગઈ, અમેરિકી આ ક઼ત્લેઆમનો સ્વીકાર કરવાથી ગમે તેટલો નન્નો ભણે પરંતુ દુનિયાની નિષ્પક્ષ માનવ અધિકાર રક્ષા કરનારી સંસ્થાઓએ સાબિત કરી આપ્યું છે કે અમેરિકા મુજરિમ છે.

હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે માનવ વસ્તીની આટલી મહાન ક઼ત્લેઆમ માટે દુનિયા અમેરિકાના માટે શું સજા નિશ્ચિત કરે છે ? શું બુશની ધરપકડ થઈ શકે છે ? એના પર આટલી બધી માનવ હત્યાઓનો જુર્મ લાગુ પાડી શકાય છે જેવી રીતે સદ્દામ હુસૈન પર લાગુ કરવામાં આવ્યો હતો ? અને શું બુશનો અંજામ પણ તે જ થઈ શકે છે (ફાંસી) જે સદ્દામ હુસૈનનો થયો ? સ્પષ્ટ છે કે ન બુશની ધરપકડ થઈ શકે છે, ન એના પર કેસ ચલાવી શકાય છે અને ન એના પર ફાંસીની સજા લાગુ પાડી શકાય છે. એનું કારણ એ સિવાય કોઈ નથી કે આજે અમેરિકા દુનિયાની સુપર પાવર સત્તા છે અને એણે સમજી લીધું છે કે આખા જગતને પોતાની સત્તા

હેઠળ રાખવાનો તેને અધિકાર હાંસલ છે. અહીં એ વાત યાદ રાખવી જોઈએ કે અમેરિકી પોલીસી યહૂદી દિમાગોના માર્ગદર્શન હેઠળ ચાલે છે. યહૂદી તથા ઈસાઈ સંયુક્ત રીતે સમજે છે કે તેમનો મુક઼ાબલો મુસલમાનોની સાથે છે અને તેલની દૌલત કુદરતે મુસલમાનોને અતા કરી છે એટલા માટે એમને યક઼ીન છે કે તેલની દૌલત પર કબજો ધરાવવા માટે મુસલમાનોને અમેરિકાના ગુલામ બનાવવા જરૂરી છે. એ પોલીસીના હેઠળ અમેરિકાએ પોતાના સાથી દેશોની મદદથી ઈરાક પર હુમ્લો કર્યો અને સદ્દામને ફાંસીના માંચડે ચઢાવી આપ્યા.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)ને વિશ્વની વિવિધ સંસ્થાઓએ પોત પોતાનો સંશોધનપૂર્ણ રિપોર્ટ પહોંચાડી આપ્યો છે. જાહેર છે કે આ એક યોજના મુજબની કાર્યવાહી છે અને એનાથી કોઈ પ્રકારનું પરિણામ મળવાનું નથી, કેમ કે યુનોમાં અમેરિકાનો સિક્કો ચાલે છે એટલા માટે કોઈ દેશની હિંમત નથી થતી કે તે આ રિપોર્ટના અનુસંધાનમાં યુનોમાં કોઈ પ્રશ્ન ઉઠાવે. હદ તો એ છે કે અરબ દેશો પણ ખામોશ છે ! અને એમનામાં પણ એ હિંમત નથી કે તેઓ આ રિપોર્ટના બારામાં કોઈ પ્રકારની કાર્યવાહી કરવાના માટે યુનોમાં અવાજ ઉઠાવે. જ્યારે ક઼ૌમોનું ઝમીર મુર્દા થઈ જાય છે તો આ જ સ્થિતિ ખડી થાય છે. ઈરાકી મુસલમાનોની ક઼ત્લેઆમના બારામાં વિરોધનો સૂર ઊંચો કરે તે સમય વહી ગયો છે જ્યારે કે એક સમય એવો હતો જ્યારે દુનિયાના મુસલમાન જમીનના કોઈ હિસ્સા પર મુસલમાનો પર કરવામાં આવેલ જુલ્મની વિરુધ્ધ બેચૈન થઈ જતા હતા અને તેમની રાતોની ઊંઘ હરામ થઈ જતી હતી, મુસલમાનોના લીડર પૃથ્વીના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પોતાના મુસલમાન ભાઈઓની રક્ષાના માટે જાન હથેળીમાં રાખીને દૌરા કર્યા કરતા હતા પરંતુ આજે મુસલમાનો પર મૌતનો સન્નાટો છવાયેલો છે. ઈરાકી મુસલમાન પર થનારા જુલ્મોની વિરુધ્ધ કોઈ અવાજ સાંભળવામાં નથી આવતો. જો મુસલમાન ગફલતની નિદ્રાથી જાગૃત ન થયા તો તેમના હક્કોની રક્ષા કરનાર કોઈ ન હશે. હજારો માનવ અધિકારની રક્ષા કરવાવાળી સંસ્થાઓ પણ જો સંગઠિત થઈને મુસલમાનો માટે કોઈ કારનામુ અંજામ આપવા ચાહે તો તેમને કામયાબી નથી મળી શકતી. જરૂરત એ વાતની છે કે મુસલમાન વિશ્વ કક્ષાએ પોતાના હક્કોની રક્ષા કાજે ખૂદ સંગઠિત થાય. દસ લાખ ઈરાકી માણસોના ખૂનનો બદલો લેવાને માટે શું મુસલમાનોમાં કોઈ જાતની હલચલ પેદા થઈ શકશે અને શું તેઓ પોતાની બેઅમલી ત્યજીને સમયની ગતિ સાથે ક઼દમથી ક઼દમ મિલાવીને માજીના ઈતિહાસને જીવંત કરી શકશે ?! *(નઈ દુન્યા, ૨૪ થી ૨૮ ફેબ્રુ. ૦૮)*

વર્તમાન સંજોગોમાં જગતભરનો અભ્યાસ કરતાં જણાય છે કે મુસ્લિમ પબ્લિક તો ઈસ્લામ કે મુસલમાનો વિરુધ્ધ થતી હરકતોનો વિરોધ નોંધાવે છે. ક્યારેક વિરોધ દર્શાવવામાં જાનો પણ ગુમાવે છે પણ મુસ્લિમ દેશોના સત્તાધારીઓના મોઢે તાળાં વાગી ગયાં છે કે તેઓ સગંઠિત થઈ વિરોધ નથી પ્રદર્શિત કરી શકતા. અને હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ની પવિત્ર ભૂમિ પર જેમણે જબરદસ્તીથી કબ્જો મેળવેલો છે તે સઊદી નજદી હુકૂમત તો જાણે "સઊદી યહૂદી ભાઈ ભાઈ" "અમેરિકા–બ્રિટન માઈ બાપ"ના સૂત્રને અનુસરી જીવી રહ્યા છે કે ઈસ્લામ, ઈસ્લામના બાની મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ કે મુસ્લિમો વિરુધ્ધ ગમે તેવું થઈ જાય પણ તેમના પેટનું પાણીય હાલતું નથી એવા તેઓ યૂરોપ અમેરિકાના ગુલામ બની ચૂક્યા છે તથા ઐયાશીમાં મસ્ત રહેતા જોવા મળે છે. જો કહેવાતા સમગ્ર મુસ્લિમ દેશો કેવળ દીનને ખાતર સંગઠિત થાય તો ગમે તેવી સુપર પાવર સત્તાને ઢીલી પાડી શકે છે પણ એ વાતો અત્યારે તો ખ્વાબ જ જણાય છે.

ઝિનાખોર રાષ્ટ્રપતિ

ચોર પ્રધાન મંત્રી

પાપી રાજકરણીઓ તથા આતંકવાદી પ્રજાનો સમૂહ

એટલે ઈઝરાઈલ !

# અખ્લાકી ગંદકીના કીચડમાં ધસી રહેલો દેશ ઈઝરાઈલ

અઝ :–
**મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

જે દેશનો વડો (વડાપ્રધાન કે રાષ્ટ્રપ્રમુખ) જાહેરમાં અસંસ્કારી, બેશરમ, વ્યભિચારી હોય તે દેશની પ્રજા કેવી બદ્અખ્લાક તથા નીચ પ્રકૃતિની તથા કેવી અધર્મી કુકર્મી હશે તે સમજી શકાય છે. યૂરોપ અમેરિકામાં જગ જાહેર આ બાબતો છે એ તેમના સંસ્કારનું સ્તર કેટલી હલકટ પ્રકારનું છે તે સૂચવે છે. હાલમાં જ ફ્રાંસના બાવન (૫૨) વરસના વડાપ્રધાન સરકોઝીના અકે ઓગણ ચાલીસ (૩૯) વરસની મોડેલ સાથેના આડા સંબંધોની વાતો તથા અગાઉ અમેરિકાના માજી પ્રમુખ બિલ ક્લિન્ટનના મોનેકા સાથેના સંબંધોની અતિ બિભત્સ વાતો જગ મશહૂર થઈ હતી ! અને આવી વાતો ત્યાં કશીય શરમ સંકોચ કે આશ્ચર્ય વિના થતી જ રહે છે, બલ્કે વ્યભિચાર તેમના જીવનનું અંગ બની ચૂકેલ છે. ત્યાં શરમ હયા નામની ચીજ જ નથી. એ જ યૂરોપ અમેરિકાની નાજાઈઝ ઔલાદ ઈઝરાઈલની શું હાલત છે તેને પણ જોતા ચાલો.

અમેરિકા પોતાની નાજાઈઝ ઔલાદ ઈઝરાઈલને બચાવવા માટે ગમે તેટલા પેંતરા રચે પરંતુ તે દિવસો દૂર નથી જયારે ઈઝરાઈલ તબાહીના ચુંગાલમાં ખૂપીને નાબૂદ થઈ જશે. અમેરિકા વારંવાર દાવા કરે છે કે તે ઈઝરાઈલને મધ્ય પશ્ચિમમાં જીવિત રાખશે અને ઈઝરાઈલને મજબૂત બનાવવા માટે તેની મદદ કરતું રહેશે. પરંતુ અમેરિકી મદદ પ્રાપ્ત હોવા છતાં ઈઝરાઈલ તબાહીના અંધકારભર્યા કીચડમાં ફસાઈ રહ્યું છે. કારણ કે ઈઝરાઈલમાં અપરાધો તથા અત્યાચાર એટલા ઝડપથી પ્રગતિ પામી રહ્યા છે કે જેની ગણત્રી પણ મુશ્કેલ થઈ ગઈ છે. આ સ્થિતિ હોવા છતાં અમેરિકી શાસનનો એ દાવો કે ''ઈઝરાઈલ ઈસ્લામી દેશોની તુલનામાં વધુમાં વધુ પ્રગતિ તથા ઉન્નતિ પામશે.'' આ એક તથ્યહિન વાત જણાય છે. વાસ્તવમાં યહૂદીઓ સ્વભાવિક રીતે હમેશાં દુરાચારી તથા બદ્અખ્લાક (કુકર્મી) રહ્યા છે. હિદાયત તથા આદેશોના માર્ગે ચાલવું તે કૌમ માટે શક્ય જ નથી. ઈસ્લામ સાથે દુશ્મની યહૂદીઓનું નેચર (પ્રકૃતિ) છે.'' ઈસાઈઓને પણ ઈસ્લામ સાથે દુશ્મની છે એટલા માટે તેઓ યહૂદીઓના ગુરખા (અંગરક્ષક) બની ગયા છે અને પોતાની દુશ્મનીનો ફાયદો યહૂદીઓને પહોંચાડવા માંગે છે. આ કારણે જે તે અમેરિકી શાસન દ્વારા અવાર નવાર એલાન કરવામાં આવે છે કે તે ઈઝરાઈલની દરેક રીતે સહાયતા કરતું રહેશે. ઈસ્લામ તથા યહૂદીઓ વચ્ચે પૂર્વ પશ્ચિમની જેમ અંતર છે. તેઓ એકબીજાની નજીક આવી જ નથી શકતા. એટલે જ ઈસાઈ તથા યહૂદી એક ગાંઠ થઈને ઈસ્લામ વિરુધ્ધ હમેશાથી એકમત રહ્યા છે. પરંતુ તેનું શું કરવામાં આવે કે અમેરિકી હિમાયત પ્રાપ્ત હોવા છતાં યહૂદી સત્તા ટૂંક સમયમાં જ નાબૂદ થઈ જશે. અને તેનું નામોનિશાન પણ બાકી નહીં રહે. આવું એટલા માટે કહી શકાય છે કે ઈઝરાઈલમાં હવે ઘણી બદ્અખ્લાકીઓ તથા દુષ્ટતા એટલી હદે જન્મ લઈ રહી છે કે તેમની દુષ્ટતા તથા બદ્અખ્લાકીઓ જ તેને તબાહ કરીને જ છોડશે.

વિશ્વ સ્તરે ક્રાઈમ તથા અપરાધની તપાસ સંબંધે જોડાયેલ ગૃપોના રિપોર્ટે વિદ્વાન તબકાને ચોંકાવી નાખ્યો છે. આ રિપોર્ટના અંતર્ગત વિશ્વ સ્તરે થઈ રહેલા અપરાધોનું નિરીક્ષણ પ્રસ્તુત

કરવામાં આવ્યું છે જેના આધારે જાણવા મળ્યું કે ઈઝરાઈલમાં અપરાધો તથા ગુનાહોના પ્રતિ શતમાં ઘણી ઝડપની સાથે વધારો થઈ રહ્યો છે. ગત કેટલાક વર્ષેથી અમેરિકા દાવો કરતું હતું કે તેની સહાયતાથી ઈઝરાઈલીઓની આર્થિક સ્થિતિ ઘણી સારી થઈ ગઈ છે. પરંતુ હાલમાં જે નવો રિપોર્ટ અમેરિકી સંસ્થાઓ થકી પ્રસ્તુત કરવામાં આવેલ છે તેમાં સ્પષ્ટ રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે કે ઈઝરાઈલમાં અપરાધો તથા ક્રાઈમની ગતિ રાત દિવસ ચાર ઘણી વધતી જાય છે. હત્યા તેમજ લૂટમારની ઘટનાઓમાં ઘણી પ્રગતિ થઈ છે. નફરતભરી વાત તો એ છે કે ત્યાં સ્ત્રીઓ પણ અપરાધ કરવામાં મર્દોથી પાછળ નથી. જવાન યુવતીઓમાં ક્રાઈમ પ્રત્યે આકર્ષણ વધુ જોવા મળે છે. રિપોર્ટ મુજબ હત્યાના અપરાધ હેઠળ જે જવાન યુવતીઓની ગત મહીને ધરપકડ કરવામાં આવી છે તેમના બયાન મુજબ તેણીઓએ મનોરંજનના હેતુથી હત્યા જેવો ભયાનક અપરાધ કર્યો છે. હવે યહૂદી આગેવાનો સમક્ષ એ પ્રશ્ન ઉભરી રહ્યો છે કે યહૂદીઓમાં પ્રગતિ પામી રહેતા અપરાધ પ્રત્યેના આકર્ષણને કઈ રીતે કંટ્રોલ કરવામાં આવે. ચોરી તથા લૂટફાટનું પ્રમાણ વધી રહ્યું છે. હાલમાં ઈઝરાઈલની જેલોમાં કેટલાય એવા નવજવાનો કૈદ છે જેઓ પોતાના શિક્ષણ દરમ્યાન ચોરી તથા લૂટફાટ કરતા હતા અને પોલીસે તેને રંગે હાથ ઝડપી લીધા.

આ તો નવયુવાન પેઢીના પ્રતિનિધિ છે જેઓની પોલીસ દ્વારા ધરપકડ કરાયેલ છે, ન જાણે હજુ કેટલાયે અપરાધીઓ એવા હશે જેઓ ગુનાહિત કાર્યોમાં મગ્ન છે અને પોલીસની નજરોથી અલોપ છે. આ જ સ્થિતિ ઐય્યાશી તથા વિલાસીપણાની પણ છે. રિપોર્ટ મુજબ ઈઝરાઈલમાં શારીરિક છૂટછાટ અંતિમ સીમાએ પહોંચી ગઈ છે. તેલ અવીવની હોટલો તથા કેફેમાં અશ્લિલતા તથા શારીરિક મેળમેળાપના જે નઝારા (દ્રશ્યો) છે તેને જોઈને તો યૂરોપ તથા અમેરિકાના અન્ય સ્વચ્છંદી દેશો પણ મોં માં આંગળી મૂકી દે છે ! તેની સરખામણીમાં અમેરિકા જેવા બદ્અખ્લાક તથા અશ્લિલતાના કેન્દ્ર ગણાતા યૂરોપના કેટલાયે દેશો પણ નથી આવી શકતા. પર્દાનું તો ત્યાં દૂર દૂર સુધી નામ પણ નથી, બધું જ ત્યાં મનોરંજન પાર્કોમાં ખુલ્લેઆમ જોવા મળે છે. શરાબ, દારૂનું પ્રમાણ તો એટલું વધ્યું છે કે પાણી મોઘુ અને દારૂ સસ્તુ મળે છે. રિપોર્ટ મુજબ જ્યારે યુવાન યુવતીઓને શરાબ તથા પાણી વિશે પ્રશ્નો કરવામાં આવ્યો તો તેમાંથી વધુ પડતા યુગલોનો જવાબ હતો કે, "અમે કેટલાયે મહીનાથી પાણી નથી પીધું, માત્ર શરાબ જ પીધા કરીએ છીએ." યહૂદી યુવાન યુવતીઓએ દારૂ વધુ પ્રમાણમાં પીવાનાં બે કારણો બતાવ્યાં છે : પહેલું કારણ તો એ છે કે પાણી મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે જ્યારે કે શરાબ સરળતાથી દરેક જગ્યાએ મળી આવે છે. બીજુ મોટું કારણ એ કે દારૂ સસ્તુ છે અને પાણી મોઘુ છે, એટલા માટે શરાબ જ તેમની પ્યાસ બુઝાવવાના કામમાં આવે છે. આ ઉપરાંત શરાબ પીવાથી આનંદ તથા ઉત્તેજનાની સ્થિતિ પ્રસરી જાય છે. ઈઝરાઈલનો યુવા વર્ગ પોતાના આનંદિત રહેવાના કારણો એ બતાવે છે કે તેઓ રાત દિવસ નશામાં જ મદમસ્ત રહે છે એટલા માટે એમને ભાન જ નથી કે દુઃખ તથા કષ્ટ કોને કહેવાય છે. ગરીબી, અભણતા તથા ભૂખનો અર્થ તેઓ જાણતા જ નથી, કેમ કે અમેરિકી ગર્વમેન્ટની સહાયતાથી તેઓને ભરણ પોષણ માટે એટલી રકમ મળી જાય છે જેનાથી તેઓ પોતાની જરૂરતો સરળતાથી પૂરી કરી લે છે.

રિપોર્ટ મુજબ જ્યારે ઈઝરાઈલની નવયુવાન પેઢીથી પૂછવામાં આવ્યું કે તેઓ પોતાના વતન (ઈઝરાઈલ) સાથે કેટલો પ્રેમ કરે છે ? તો તેમનો જવાબ હતો કે, "અમને અમેરિકા સાથે પ્રેમ છે, ઈઝરાઈલ સાથે માત્ર એટલી જ હદે લગાવ રાખીએ છીએ કે અમે અહીંયા રહીએ છીએ." કારણ કે

ભરણ પોષણ અમેરિકા કરે છે એટલા માટે તેઓને પ્રેમ તથા લગાવ અમેરિકા સાથે જ છે. ઈઝરાઈલમાં હવે ઠેર ઠેર નાઈટ કલબો ખુલી રહી છે, સૂરજ આથમતાંની સાથે જ તે કલબોની રોનક વધવા માંડે છે, અને જેમ જેમ રાત થતી જાય છે કલબોની શાનો શૌકતમાં ચાર ચાંદ લાગી જાય છે. ત્યાંના ન્યૂઝ પેપરોમાં આ સમાચાર આમ થઈ ગયા છે કે મધ્ય રાત પછી ફલાણી કલબોમાં નગ્ન નાચ (**Open Dance**)નો રિવાજ સાધારણ થઈ ગયો છે. રંગબેરંગી લાઈટોના પ્રકાશમાં જવાન યુવતીઓનાં નગ્ન શરીરો ઝટકા સાથે ડોલતાં નજરે પડે છે અને અમેરિકી મ્યુઝિક વાતાવરણમાં ગુંજવા લાગે છે. તેલ અવીવના તમામ વિદ્વાનો આ પરિસ્થિતિથી ખૂબ જ ચિંતિત છે, અને તેમને સમજાતું નથી કે ભટકેલી પેઢીને તબાહીના ખાડાથી કઈ રીતે બચાવવામાં આવે. પરંતુ આ યહૂદી આગેવાનોને કદાચ ખબર નહીં હોય કે તિરસ્કાર તથા ફિટકાર, બદ્‌નામી તથા રૂસ્વાઈ, યહૂદી કૌમનું ભાગ્ય છે. શું કુર્આનમાં નથી ? وَضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ **અર્થાત** : "ઝિલ્લત તથા ફિટકાર તેઓ (યહૂદીઓ) ઉપર થોપી દેવામાં આવી." ભાગ્ય તથા તક્દીરના લખાણને કોઈ મિટાવી નથી શક્તું. અમેરિકા ઈઝરાઈલની સુરક્ષા માટે કેટલીયે કોશિશો કેમ ન કરે પરંતુ હવે સ્થિતિ એવી ઉપજી રહી છે જેમાં ઈઝરાઈલનું ભવિષ્ય ખૂબ અંધકારભર્યું નજર આવે છે. અમેરિકા પોતે એક ગુમરાહ તથા ભટકેલો દેશ છે અને સ્પષ્ટ વાત છે કે તે ઈઝરાઈલને સારો માર્ગ કઈ રીતે આપી શકે છે, એક ગુમરાહ બીજાને ગુમરાહીનો જ પાઠ જણાવી શકે હિદાયતનો નહીં !

ઈઝરાઈલની સંસ્કારી સ્થિતિનું અનુમાન આ વાતથી પણ લગાડી શકાય છે કે ઈઝરાઈલના હાલના પ્રધાનમંત્રી ઐહૂદ ઓલ્મર્ટ ઉપર દુષ્ટતા તથા બદ્‌અખ્લાકીના કેટલાયે આરોપો લાગી ચૂક્યા છે. કેટલાયે કેસોમાં તે સપડાયેલા છે, તેમણે ન જાણે કેટલીયે રિશ્વતો તથા લાંચો લીધી છે, લાંચ વગર તે કોઈ કામ કરતા જ નથી. આ ઉપરાંત બીજા કેટલાય ગુનાહો તેમણે કર્યા છે. જેથી ઘણા કેસો હાલમાં તેમની ઉપર ચાલી રહ્યા છે, પરંતુ ઓલ્મર્ટને અમેરિકી હિમાયત પ્રાપ્ય છે એટલા માટે તે ઈઝરાઈલના પ્રધાનમંત્રી બની બેઠા છે અને તેનું અત્યાર સુધી કોઈપણ કશું બગાડી શક્યું નથી. ઈઝરાઈલના ભૂતપૂર્વ ચાર પ્રધાનમંત્રીઓ પણ અત્યાચાર તથા ગુનાઓમાં સામેલ રહી ચૂક્યા છે, તેમાં એક ઉપર ઝિનાકારી (વ્યભિચાર)નો આરોપ લાગતો રહ્યો છે. એક પ્રધાનમંત્રીને ચોર પ્રધાનમંત્રીના નામે સંબોધવામાં આવ્યા છે. જ્યાં સુધી ઈઝરાઈલી શાસનના કેબિનેટની વાત કરીએ તો તેના વિશે પણ જાહેર રીતે એવું કહેવામાં આવે છે કે કેબિનેટનો દરેક મંત્રી બદ્‌અખ્લાક, બદ્‌માશ તથા અપરાધી છે. ઈમાનદારી નામની કોઈ વસ્તુ ઈઝરાઈલી હુકૂમતમાં જોવા નથી મળતી. આ ગંભીર પરિસ્થિતિમાં કે જેમાં રાષ્ટ્રપતિ ઝિનાખોર, પ્રધાનમંત્રી ચોર, રાજકરણીઓ અપરાધી અને જનતા આતંકવાદી હોય તો પછી એવું કહેવું ખોટું ન કહેવાય કે ઈઝરાઈલ તબાહી તથા બરબાદીની ધાર પર પહોંચી ગયું છે અને હવે તે બદ્‌અખ્લાકી તથા બદ્‌નામીના ચુંગાલમાં ફસાતુ જ રહેશે. *(નઈ દુન્યા ઉર્દૂ અઠવાડિક, ૨૫ ફેબ્રુ. થી ૨–માર્ચ–૦૮, દિલ્હી)*

**હે મુસલમાનો !** જો તમે પણ તમારી ભલાઈ ચાહતા હોઉ અને કામયાબી પામવા ચાહતા હોઉ, બંને જહાનમાં અમન ચાહતા હોઉ તો યહૂદીઓ જેમ બદ્‌નઝરી, બદ્‌કિરદારી, ઝિનાખોરી, નગ્નતાભરી બેશરમી, ચોરી, ખૂનામરકી, ત્રાસવાદ, લાંચવૃત્તિ, જૂઠ, ફરેબ, વાયાદાખિલાફી.... વગેરે ગૈર ઈસ્લામી તથા કુર્આન હદીષ વિરુધ્ધના કુકર્મોથી દૂર રહેશો અને ખુદા વ રસૂલના હુકમો પર ચાલીને પાકીઝા ઈસ્લામી જિંદગી જીવશો અને દુનિયાવાળાઓ માટે જીવન જીવવાનો અમલી નમૂનો બની જશો.

## ડો. ઝાકિર નાયક કોણ ?!

## વર્તમાનકાળમાં નાસિબી (યઝીદ પ્રેમીઓ)ની ઉઠેલી ચળવળનો લીડર

★ અઝ ★

મૌલાના અન્વાર અહમદ બગ઼દાદી

★ અનુવાદક ★

મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી

**મુંબઈ**થી પ્રસિદ્ધ થતા 'ઉર્દૂ ટાઈમ્સ' ન્યુઝ પેપરમાં ફારૂક અન્સારીએ યઝીદ અને કર્બલાની જંગ વિશે ડો. ઝાકિર નાઈકના બયાનને કોડ કરતાં લખ્યું છે, 'ધયાનમાં રહે કે ઈસ્લામિક રીસર્ચ ફાઉન્ડેશન થકી સાઈન સોમૈયા મેદાનમાં થયેલ અમન કોન્ફ્રન્સમાં **ડો. ઝાકિર નાઈકે** સવાલ જવાબના શેશનમાં **યઝીદને 'રદિઅલ્લાહુ અન્હૂ' કહ્યું** અને **કર્બલાની જંગને એક પોલિટીક્લ લડાઈ** બતાવી.'' *(ઉર્દૂ ટાઈમ્સ, ૯ જાન્યુઆરી ૨૦૦૮)*

### સહાબી, મુજદ્દિદ તથા ઈમામોથી વિમુખ ડો. નાયકની અધર્મતા !

આશ્ચર્ય છે કે ડો. નાયકને ઈમામે આ'ઝમ, ઈમામે શાફઈ, ઈમામે માલિક અને ઈમામ અહમદ ઈબ્ને હંબલની તક્લીદ તથા પૈરવી રાસ નથી આવતી પણ નાસિબી (યઝીદ પ્રેમી) મિઝાજ રાખનાર અમુક દેવબંદીઓની તક્લીદ અને પેરવી એટલી સારી લાગી કે એવા બદબખ્તને 'રદિઅલ્લાહુ અન્હૂ' કહેવા તડપી ઉઠયો કે જેના હાથ નબી ﷺના પ્યારા નવાસાના લોહીથી રંગાયેલ છે, જેણે મુક઼દસ કા'બાની અઝમત પાયમાલ કરી, અને મદીના મુનવ્વરાની હુરમત લૂટી. જેના સમયગાળાથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ જેવા અઝીમ સહાબીએ પનાહ માંગી, જેને ''અમીરુલ મો'મિનીન'' કહેવાના કારણે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ એક માણસને વીસ કોરડા લગાડવાનો હુકમ આપ્યો. ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ જેને ઈસ્લામથી બહાર માન્યો, આપણા પૂર્વજો તથા ઉલમાએ જેના પર લા'નત કરવું જાઈઝ ફર્માવ્યું, નાસિબો (યઝીદ પ્રેમી ફિર્કા) સિવાય કોઈએ પણ તેને સારો માણસ ન કહ્યો, તેને આજના મુહક્ક઼િકો 'રદિયલ્લાહુ અન્હૂ' જેવા લકબ આપે ?! ખૂબ જ આશ્ચર્યની વાત છે. સર્વ ઉલમા તથા મુહક્ક઼િકીનથી વિરુધ્ધ ડો. નાયકનું ઉપરોક્ત બયાન હક઼ીક઼તમાં અત્યારના જમાનામાં 'નાસિબી' (યઝીદ પ્રેમી) ચળવળની નવી જિંદગીની કોશિશ છે.

ડો. નાયક તથા તેમની જેમ ખયાલ ધરાવતા તેમના સાથીઓને સહાબા, ઈમામો, ઉલમા, મશાઈખ તથા બુઝુર્ગોથી શું લેવા દેવા ? ઈમામે આ'ઝમ યઝીદના કુફ્ર તથા ઈસ્લામ વિશે એહતિયાત (સાવધાની)ના કારણે ચૂપ રહ્યા, ઈમામ અહમદ ઈબ્ને હંબલ જેને જેને 'કાફિર' કહે છે, આજના આ ગૈર મુક઼લ્લિદ બની બેઠેલા મુહક્ક઼િકો સામે આ હસ્તીઓ કોણ છે કે જેમની વાતમાં દમ હોય ! આજના મુહક્ક઼િકો તો બે કિતાબો લખી સૌથી મોટા હદીષના જાણકાર તથા કુર્આનને સમજનાર બની ચૂક્યા છે ! અરે ભાઈ ! આ તો પ્રગતિના સમયના મુહક્ક઼િક઼ છે ! આ વિજ્ઞાનના જાણકાર તથા કોમ્પ્યુટરવાળા છે ! હદીષની કિતાબો તેમની આંગળીના ઈશારા પર છે. કાલના મુહક્ક઼િકો કોમ્પ્યુટર થોડુ જાણતા હતા કે આમનાથી મોટા મુહક્ક઼િક઼ બની જાય ?!! આ બધા ડો. નાયક તથા તેની જેમ કોટ પેન્ટ ટાઈવાળા અપ ટુ ડેટ મુહક્ક઼િકોના રિમાર્કસ છે જે અલ્લાહની તૌફીક઼ની હિક઼મતોથી અભણ અને રૂહાનિયતથી બિલકુલ કોરા છે.

## યઝીદના ભયાનક જુર્મોની ઐતિહાસિક ઝલકો

યઝીદની બદ્અખ્લાકી, શરાબપાન, નમાઝનો ત્યાગ એ સિવાય કર્બલાનો બનાવ, હર્રાનો બનાવ અને મક્કાનો બનાવ જેમાં કા'બાના પર્દા સળગી ગયા હતા, આ અમુક એવી ઐતિહાસિક હકીકતો છે જે યઝીદના માથા ઉપર કાળા ધબ્બાની જેમ છે. આ એવાં કુકર્મો છે જેના કારણે કોઈ પણ માણસ અને થોડીક બુદ્ધિ ધરાવનાર પણ એને 'રદિઅલ્લાહુ અન્હૂ' કહેવું તો દૂર રહ્યું પણ સારો માણસ પણ નહીં કહી શકે. તેના કુકર્મોની એક ટૂંકી ઐતિહાસિક વિગત અહીં રજૂ કરીએ છીએ :–

**(૧) કર્બલાનો બનાવ** : કર્બલાનો બનાવ એક મશહૂર પ્રસંગ છે જેના થવા સંબંધે બધા જ ઈતિહાસકારોની સહમતિ છે. જે બનાવમાં યઝીદના હુકમાનુસાર હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને આપના નવયુવાન પુત્ર, દૂધ પીતા અલી અસગર, ભત્રીજા, ભાણીયા અને જાંનિસારો સહિત કર્બલામાં ભૂખા તરસ્યા જુમ્આના દિવસે ૧૦ મુહર્રમ હિ.સ. ૬૧માં ખૂબ જ ક્રૂરતાપૂર્વક શહીદ કરી દેવામાં આવ્યા.

ઈસ્લામી ઈતિહાસનો કોઈ પણ એવો ઈતિહાસકાર નહીં હોય જેણે કર્બલાના બનાવનું વર્ણન ન કર્યું હોય. તિબ્રી હોય કે ઈબ્ને અષીર અથવા કષીર, સિયૂતી હોય કે કોઈ અન્ય બધાએ જ આ બનાવનો ઉલ્લેખ કર્યો છે. **આપણા પૂર્વજ બુઝુર્ગો તથા નજીકના ભૂતકાળના બધા જ ઉલમા યઝીદની બદ્બખ્તી પર એકમત છે,** સિવાય નાસિબો (યઝીદ પ્રેમીઓ) કે જેમના દિલોમાં અહલે બૈત વિરુધ્ધ દુશ્મની અને અદાવત ભરેલી છે. બલ્કે હકીકત એ છે કે કોઈ પણ અહલે ઈમાન અને મહોબ્બતવાળા પાસે એવું દિલ નહીં હોય જેમાં અહલે બૈતના ખૂનીઓ માટે થોડી પણ જગ્યા હોય. જેમના કાતિલો પર આસમાનથી લોહી વરસ્યું હોય, સાત દિવસો સુધી આસમાનના કિનારા પર અંધારુ છવાઈ રહ્યું હોય, ઈન્સાન તો ઈન્સાન, જિન્નાતોએ પણ જેમની શહાદત પર મર્ષિયાખાની કરી હોય. *(જુઓ તારીખુલ ખુલ્ફા, પેજ–૨૦૯)*

**(૨) હુર્રાનો બનાવ** : હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને શહીદ કરાવ્યા પછી યઝીદે હિ.સ. ૬૩માં મદીના તૈયબહ પર હુમલો કર્યો જેના પરિણામે સ્ત્રીઓની ઈજ્જતની પણ સલામતી ન રહી, સેંકડો સહાબી અને તાબઈન શહીદ કરી દેવામાં આવ્યા, મસ્જિદે નબવીની બેહુરમતી કરવામાં આવી. ઈબ્ને કષીર ઈમામ અહમદ ઈબ્ને હંબલની એક રિવાયતનો ખુલાસો કરતાં આ પ્રમાણે લખે છે, ''હુર્રાના બનાવનું કારણ એ હતું કે મદીનાવાસીઓનું એક ગૃપ દમિશ્ક યઝીદ પાસે પહોંચ્યું. યઝીદે તેમની ખૂબ જ તા'ઝીમ કરી અને પ્રતિનિધિમંડળના લીડર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હંઝલાને લગભગ એક લાખ બખ્શિશ આપી. પણ જયારે આ ગૃપ મદીના પરત ફર્યું તો મદીનાવાસીઓને યઝીદની શરાબ પીવાની આદત તથા તેના કારણે થતી બુરાઈઓની જાણ કરી. ખાસ કરીને નશાના કારણે સમયસર નમાઝ ન પઢવું. જે સાંભળી મદીનાવાસીઓએ યઝીદની બયઅત તોડવાનું નક્કી કર્યું અને મસ્જિદે નબવીમાં મિમ્બરે રસૂલ પાસે એકઠા થઈ બધાએ બયઅત તોડી નાખી. યઝીદને જયારે આ વાતની જાણ થઈ તો તેણે મુસ્લિમ ઈબ્ને ઉક્બાની સરદારીમાં મદીના એક ફૌજી લશ્કર રવાના કર્યું જે મદીના મુનવ્વરા પહોંચી ત્રણ દિવસ સુધી મદીના મુનવ્વરાની અઝમત તથા હુર્મત પાયમાલ કરતું રહ્યું. આ દરમ્યાન કેટલાય લોકો મૌતનો કોળીયો બની ગયા. મદીનાનો કોઈ પણ માણસ યઝીદીઓના ગઝબ તથા જુલ્મથી બચી ન શક્યો. *(અલ બિદાયા વન્નિહાયા, ૬/૨૨૮)*

અલ્લામા સિયૂતી વાકિદીની વિવિધ સનદો થકી રિવાયત બયાન કરતાં લખે છે કે હઝરત અબ્દુલ્લાહ

ઈબ્ને હંઝલાએ ફર્માવ્યું, **''વલ્લાહ ! અમે યઝીદનો વિરોધ ત્યારે કર્યો જ્યારે અમને યક઼ીન થઈ ગયું કે હવે અમારા પર આસમાનથી પથ્થરો વરસશે, કારણે કે યઝીદ મુહર્રમાત (જેની સાથે નિકાહ હરામ) સાથે નિકાહ કરે છે, શરાબ પીએ છે અને નમાઝ છોડે છે.''** *(તારીખુલ ખુલ્ફા, પેજ-૨૦૯)*

**(૩) મક્કાનો બનાવ** : રસૂલના પ્યારા નવાસા અને આપના જાંનિસારોના મુક઼દ્દસ લોહીથી હોળી રમ્યા પછી અને મદીનતુર્રસૂલની હુર્મતને ખેદાન મેદાન કર્યા બાદ યઝીદીઓએ વધુ એક ઈતિહાસ રચ્યો. તેમના નાપાક ઈરાદાઓ હેઠળ કા'બા મુક઼દ્દસાની હુર્મત પણ મેહફૂઝ ન રહી શકી. અલ્લામા સિયૂતીએ ઝહબીના હવાલાથી લખ્યું છે કે, ''યઝીદી ફૌજ મદીના મુનવ્વરાથી ફૌજને તબાહ કર્યા પછી હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરથી લડવા માટે મક્કા પહોંચી. ત્યાં પહોંચી હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરનો ઘેરાવ કર્યો અને ગોફણથી પથ્થર વર્ષાવ્યા જેના કારણે કા'બા શરીફના પર્દા, છત અને હઝરત ઈસ્માઈલની જગ્યાએ કુર્બાન થનાર મેંઢાના બે શિંગ સળગી ગયાં. આ બનાવ સફરુલ્ મુઝફ્ફર હિ.સ. ૬૪માં બન્યો. *(તારીખુલ ખુલ્ફા, પેજ-૨૦૯)*

## યઝીદ કુર્આન તથા હદીષની કસોટી પર

હઝરત ઈબ્રાહીમ عليه السلام ને જ્યારે અલ્લાહ તઆલાએ જમીન પર લોકોના ઈમામ બનાવ્યા તો આપે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે, યા અલ્લાહ ! મારી આવનાર પેઢીમાં પણ કોઈ ઈમામ હશે ? તો જવાબમાં રબ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે જરૂર પણ શરત એ છે કે જાલિમ ન હોય. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, (અર્થાત) : ''અને જ્યારે ઈબ્રાહીમને રબ તઆલાએ અમુક વાતોથી અજમાવ્યા તો તેણે પૂરી કરી. ફર્માવ્યું કે હું તને લોકોનો ઈમામ બનાવીશ. અર્ઝ કરી, અને મારી ઔલાદમાંથી ? ફર્માવ્યું કે મારો વાયદો જાલિમો માટે નથી.'' *(સૂરએ બક઼રહ, ૧૨૪)*

જુઓ ! આ આયતમાં સાફ ફર્માવવામાં આવ્યું કે **જાલિમ પેશવા અને ઈમામ નથી બની શકતો.** પેશવા તે જ બની શકે જે અલ્લાહની બીક તથા ખૌફ રાખતો હોય, સારા સંસ્કાર ધરાવનાર તથા લોકોની ખિદમત કરનાર હોય. એક જાલિમ જેના સમક્ષ લોકોની ઈજ્જત આબરૂ અને જાન માલની કોઈ જ ક઼દર ન હોય, જે કુકર્મી અને ખુદાઈ અહકામ (હુકમો)નો પાબંદ ન હોય તેને ઈસ્લામ ખિલાફત, ક઼યાદત અને ઈમામતના લાયક નથી સમજતો, કારણ કે ઈસ્લામમાં હાકેમ પ્રજાનો ખાદિમ હોય છે, લોકોના એશ અને આરામ પર પોતાના એશ આરામને ત્યજી દે છે. જેની નજર પોતાની ઈજ્જત તથા દબદબા, માલો દૌલત અને સલ્તનતની ખુરશી પર નહીં બલ્કે સામાન્ય પ્રજાના સુકૂન તથા આરામ અને પ્રગતિ પર હોય છે. જે ઘમંડ તથા દુશ્મનીથી ખાલી, ખૂબ જ સમજદાર, આજીજીવાળો તથા ખુદાથી ડરનાર હોય છે. યાદ રહે કે ઈસ્લામી મુજાહિદોએ એવા કેટલાયે જાલિમ બાદશાહો વિરુધ્ધ જંગો કરી જેમની પ્રજા તેમના જુલ્મ તથા અત્યાચારથી પીડાઈ રહી હતી. ઈરાક઼, મિસર, યુનિસ, જઝાઈર અને વિશ્વના બીજા ઘણાયે દેશો આ જ વિચારધારા હેઠળ ફતહ કરવામાં આવ્યા જેથી સામાન્ય પ્રજાને ઈસ્લામના મુજાહિદો જાન તથા ઈજ્જતની હિફાઝતનો પરવાનો આપી શકે, એ માટે ઈસ્લામી મુજાહિદોએ આપેલ કુર્બાની ન ભૂલી શકાય તેમ છે.

આ આયત સિવાય અગણિત કુર્આનની આયતો તથા હદીષોથી એ વાત ચમકતા સૂરજની જેમ સ્પષ્ટ છે કે ઈસ્લામમાં ખિલાફત તથા ઈમામતનો હક્ક઼દાર તેજ માણસ ગણાશે જે ઈન્સાફ પસંદ, અલ્લાહનો ખૌફ રાખનાર અને એહકામે ઈલાહીનો પાબંદ હોય. ખલીફા બનાવવાનું આ કાર્ય મજલિસે શુરા

(મશ્વેરાનું આદાન પ્રદાન કરી જે મજલિસ થકી ફેંસલો લેવામાં આવે) થકી જ પૂર્ણ કરવામાં આવે જેમ કે સહીહ હદીષોથી સાબિત છે કે રસૂલુલ્લાહ ﷺ એ કોઈને પોતાના ખલીફા મુકર્રર ન કર્યા બલ્કે મજલિસે શુરાએ એકમતે હઝરત અબૂબક્ર સિદ્દીકે رضي الله عنه ને ખલીફા નક્કી કર્યા. હઝરત અબૂબક્ર સિદ્દીકે હઝરત ઉમરના ખિલાફતના સર્વગુણો જોઈ તેમને ખલીફા મુકર્રર કર્યા જેના પર સહાબાએ કિરામે પોતાની રજા જાહેર કરી. પછી હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન અને હઝરત અલી رضي الله عنهما ક્રમસર સહાબાની મજલિસે શુરા થકી નક્કી કરવામાં આવ્યા. હઝરત અલી પછી મજલિસે શુરાએ હઝરત હસન رضي الله عنه ને ખલીફા મુકર્રર કર્યા પરંતુ આપે છ માસ પછી હઝરત અમીર મુઆવિયા رضي الله عنه ના હવાલે ખિલાફત કરી. લગભગ ૨૦ વરસ આપે ખિલાફતની જવાબદારી સંભાળી અને રજબ હિ.સ. ૬૦માં આપની વફાત થઈ.

આ ૬૦ વરસની ઉજ્જવળ ઈસ્લામી ખિલાફતનો સમયગાળો હતો, ત્યારબાદ ઉમ્મતમાં જુલ્મ તથા ફસાદનો દોર શરૂ થયો. જેમ કે હદીષે સહીહથી હુઝૂર ﷺ ની પેશનગોઈ સાબિત છે. હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે કે સરકાર ﷺ એ ફર્માવ્યું, ''મારી ઉમ્મતની હલાકત બાળકોના હાથે થશે.'' મરવાન થકી હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી પૂછવામાં આવ્યું કે આ બાળકો કોણ છે ? આપે ફર્માવ્યું કે જો તમે ઈચ્છો તો નામ પણ બતાવી આપું ? *(બિદાયા વ ન્નિહાયા, ૬/૨૨૩)* એટલા માટે જ હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه આ દુઆ માંગ્યા કરતા હતા, ''હે અલ્લાહ ! હું ૬૦ વરસ પછીના જમાનાથી અને બાળકોની હુકૂમતથી તારી પનાહ માંગું છું.'' અબૂ યઅલાએ પોતાની મુસ્નદમાં હઝરત અબૂ ઉબૈદાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **''મારી ઉમ્મત હમેશાં ઈન્સાફ તથા ન્યાય પર ચાલતી રહેશે ત્યાં સુધી કે બનૂ ઉમૈયાનો યઝીદ નામી માણસ આ ન્યાયમાં કનડગત ઉભી કરશે.''** વધુ એક રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **''મારી સુન્નતોને બદલનાર પહેલો માણસ બનૂ ઉમૈયાથી થશે જેનું નામ યઝીદ હશે.''** ઈબ્ને કષીર કહે છે કે બયહકીની આ રિવાયતમાં એકાદ રાવી છૂટી ગયા છે પણ બયહકીએ અબૂ ઉબૈદાની બીજી એક રિવાયત થકી આને સમર્થન કર્યું છે. *(જુઓ, બિદાયા વ ન્નિહાયા, ૬/૨૨૩)* ઈબ્ને કષીર બયહકીના હવાલાથી કહે છે કે તે માણસ કદાચ યઝીદ જ છે.

સરવરે કાઈનાત ﷺ ની પ્રશંસાને શિર્ક કહેનાર લોકો યઝીદની પ્રશંસા એટલા માટે પણ કરે છે કે તેણે કુસ્તુન્તુનિયાની જંગમાં ભાગ લીધો છે. પરંતુ એ વાતનો સ્વીકાર કરતાં કે કુસ્તુન્તુનિયાની જંગમાં યઝીદ બિન મુઆવિયા બિન અબૂ સુફયાને જ ભાગ લીધો એ ક્યાંથી લાઝિમ આવે છે કે તેનું ઈમામે હુસૈનને શહીદ કરવું, મક્કા અને મદીનાની બેહુર્મતી વગેરે પર તેનું આ જંગમાં શરીક થવું ભારે થશે !! **યઝીદની બધી જ ખતાઓમાંથી માત્ર ઈમામ હુસૈન رضي الله عنه ને શહીદ કરાવવું એટલો સખત જુર્મ છે કે કોઈ નેક અમલ તેનો બદલો નથી બની શકતો,** કારણ કે કુર્આને પાકમાં તો સામાન્ય મો'મિનને કતલ કરનારને હમેશાં માટે જહન્નમ વ્હોરનાર બતાવવામાં આવ્યો છે. જુઓ ! અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : **''જે કોઈ મુસલમાનને જાણી જોઈને કત્લ કરે તો તેનું ઠેકાણું જહન્નમ છે** કે મુદતો તેમાં રહેશે. અને અલ્લાહ તઆલાએ તેના પર ગઝબ અને લા'નત કરી અને તેના માટે મોટો અઝાબ તૈયાર રાખેલ છે.'' *(સૂરએ નિસાઅ, ૯૩)*

## સમયના બેહતર ઈન્સાન !

હવે જરા વિચારો ! આ સામાન્ય મો'મિનને કત્લ કરવા વિશેની બાબત છે તો પછી અલ્લાહના પ્યારા રસૂલના નવાસાને શહીદ કરનારનો શું હાલ થશે ?!

એક એવો ઈન્સાન જે **તે સમયથી લઈ ક઼યામત સુધી જમીન ઉપર સૌથી બેહતર ઈન્સાન છે.** ઈબ્ને કષીર કહે છે, "કારણ કે આપ મહાન સરદાર અને પ્યારા નબી ﷺના નવાસા છે. આપની જેમ આખી ધરતી પર કોઈ નથી. આપના જેવો મર્તબો ધરાવનાર કોઈ જ નથી, છતાંયે યઝીદી સામ્રાજ્ય આપનાથી અદાવત રાખતું હતું." *(અલ્ બિદાયા વન્નિહાયા, ૮/૧૪૪)*

આ તે અઝીમ હસ્તીની શહાદત હતી જેમને પ્યારા નબી ﷺએ પોતાના માટે દુનિયાની ખુશ્બુ બતાવ્યા, જેમની મહોબ્બત પોતાની મહોબ્બત બતાવી. તિર્મિઝીએ હઝરત ઉસામા બિન ઝૈદથી રિવાયત કરી કે પ્યારા નબી ﷺએ ફર્માવ્યું, "હે અલ્લાહ ! હું આ બંનેથી મહોબ્બત કરું છું માટે તું પણ તેમનાથી મહોબ્બ ફર્માવ." તિર્મિઝીની બીજી એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હસન તથા હુસૈન મારી દુનિયાના બે ફૂલ છે."

## કર્બલાના બનાવમાં હુઝૂર ﷺની વ્યથા

કાશ ! ડો. નાયક તથા તેમના સાથીઓ હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا તથા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની આ રિવાયતો પણ ધ્યાનથી વાંચત જેમાં અલ્લાહના પ્યારા રસૂલ ﷺના દુઃખ દર્દનું વર્ણન છે. જેમ કે બયહકી દલાઈલમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું, "મેં રસૂલુલ્લાહ ﷺને બપોરે ખ્વાબમાં જોયા કે આપના ચેહરા મુબારક પર ધૂળ છે અને આપના હાથ મુબારકમાં લોહીથી ભરેલ એક શીશી છે. મેં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આપ પર મારા માં બાપ કુર્બાન ! આ શું છે ? આપે ફર્માવ્યું કે આ હુસૈન તથા તેમના સાથીઓનું લોહી છે જેને હું આજે આખો દિવસ ભેગુ કરતો રહ્યો. જ્યારે હિસાબ લગાડવામાં આવ્યો તો આ તે જ દિવસ હતો જે દિવસે ઈમામે આલી મક઼ામ તથા આપના સાથીઓને શહીદ કરવામાં આવ્યા હતા." *(અલ્ બિદાયા વન્નિહાયા, ૬/૨૨૫, તારીખુલ ખુલ્ફા, પેજ–૨૦૯)*

ઐતિહાસિક હક઼ીક઼તોથી આંખ મીચોલી કરનાર લોકો કહે છે કે ઈમામે પાકના ક઼ત્લના જિમ્મેદાર માત્ર ઈબ્ને ઝિયાદ તથા ઈબ્ને સઅદ છે, યઝીદ એનાથી રાજી ન હતો. પરંતુ આપ જરાક યઝીદના પહેલા પત્રના શબ્દો તથા તેવર જુઓ કે તેણે મદીનાના ગવર્નરને લખ્યો :–

"અમ્મા બઅ્દ ! તમે હુસૈન, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરથી સખ્તીથી બયઅત લો, તેમની સાથે કોઈ પ્રકારની નરમી કરવામાં ન આવે ત્યાં સુધી કે બયઅત કરી લે. વસ્સલામ." *(અલ્ બિદાયા વન્નિહાયા, ૮/૧૩૯)*

યઝીદના આટલા ખતરનાક સખત તેવર પછી પણ જો એને બેગુનાહ સમજતા હોય તો બતાવો કે યઝીદે ઈમામ પાક તથા આપના સાથીઓને ક઼ત્લની સજા કેમ ન આપી ? અથવા કમસે કમ તેમને હોદ્દા પરથી બરખાસ્ત કરી આપત ! અને માત્ર એક ધારણા ધારીએ (અશક્ય પણ માત્ર દા.ત.) કે યઝીદ ઈમામે પાકનો ક઼ાતિલ નથી તો પણ વાક઼િયાએ હુર્રામાં **મદીના મુનવ્વરાના ૭૦૦ ક઼ારી સહાબાનું ખૂન** કોના માથે છે ? **મદીનતુર્રસૂલની બેહુર્મતી** કરવાનો સેહરો કોના માથે છે ? કાશ ! ડો. નાયક પોતાના હદીષ જાણકારીના ભરમ પર ભરોસો કરી ઉપરોક્ત સહીહ હદીષો વાંચત તો યઝીદને 'રદીયલ્લાહુ અન્હૂ' કહેવાની હિમ્મત ન કરત.

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે, "જેણે મદીનાવાસીઓને ડરાવ્યા, ધમકાવ્યા અલ્લાહ તેને ખૌફમાં નાખશે. તેના ઉપર અલ્લાહ, ફરિશ્તા તથા બધા જ લોકોની લા'નત છે." *(મુસ્લિમ શરીફ)*

હઝરત સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અહલે મદીના સાથે કાવતરૂ કરનાર નમકની જેમ ઓગળી જશે.

હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે પણ મદીનાવાસીઓ સાથે બુરાઈનો ઈરાદો કરશે અલ્લાહ તેને આગમાં પીગળાવી દેશે જેમ કે ધાતુ આગમાં પીગળે છે.

ઉપરોક્ત ઐતિહાસિક હકીકતોની રોશનીમાં તથા કુર્આન હદીષની રૂએ જાણવા મળ્યું કે યઝીદ ખિલાફતનો હક્કદાર ન હતો, બળપૂર્વક તે ખિલાફત સંભાળેલ હતો અને તેના વિરુધ્ધ અવાજ ઉઠાવવી જેહાદ છે માટે **કર્બલાની જંગ કોઈ પોલિટિક્લ નહીં બલ્કે ઈસ્લામની રાહમાં પેશ કરવામાં આવેલ તે મહત્વની કુર્બાની હતી જેના થકી ઈસ્લામની હિફાઝત થઈ.** ક઼યામત સુધી લોકોને બાતિલ સામે માથુ ન ઝુકાવવાનો હોસલો મળ્યો, અમલી હેરાફેરીથી ઈસ્લામની હિફાઝત થઈ છે. શું તમે નથી જાણતા કે મૂસા તથા ઈસાના દીનમાં કોઈ હુસૈન ન હતા જેના કારણે તેમની શરીઅત પ્રથમ શાબ્દિક અને પછી અમલી (Precticaly) હેરાફેરી અને ફેરફારથી ન બચી શકી. સ્પષ્ટ રહે કે લોકો પોતાના હાકેમ તથા અમીરની પૈરવી કરે છે, ક્યાંક એવું ન થાય કે યઝીદની બદ્અમલી લોકો અપનાવી લે એટલા માટે યઝીદનો વિરોધ અનિવાર્ય હતો જેના માટે સબ્ર તથા ઈસ્તિક઼ામત (અડગતા)ના શહેનશાહ, ખાનદાને નબુવ્વતના ચશ્મો ચરાગ઼ ઈમામે હુસૈન رضی اللہ عنہને યઝીદની બયઅતનો વિરોધ કરવો પડયો અને અમલી ફેરફારથી ઈસ્લામની હિફાઝત કરતાં કર્બલાની ધરતી પર પોતાનું બધું જ કુર્બાન કરી દીધું. ઉપરોક્ત સ્પષ્ટ હકીકતોના આધારે આપ પોતે ફૈસલો કરો કે યઝીદ લા'નત, મલામતનો હક્કદાર છે કે 'રદિઅલ્લાહુ અન્હૂ' કહેવાનો ?! *(જામે નૂર, માર્ચ–૨૦૦૮ના હવાલાથી)*

## આશિકે ગૌષને ગૌષપાક رضی اللہ عنہનો સંદેશ !

"દુનિયામાં મોજમજા તથા એશ કરવા માટે તને નથી પેદા કરવામાં આવ્યો. અલ્લાહ તઆલાનાં નાપસંદીદા કામોને બદલી કાઢ ! તેં સમજી લીધું છે કે અલ્લાહ તઆલાની ફર્માંબરદારી માટે "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ" પઢી લેવું પૂરતુ છે. એ તારા માટે ત્યારે જ લાભકારક થશે જયારે તું તેની સાથે કેટલાક અન્ય નેક કામો મિલાવશે. "ઈમાન"એ ઈકરાર તથા અમલનું નામ છે. જયારે કે તું ગુનાહોમાં સપડાયેલો અને અલ્લાહના હુકમોના વિરુધ્ધ કરવામાં પડેલો રહેશે તથા સતત એને કરશે, નમાઝ, સદકા અને નેક કાર્યો ત્યજી દેશે તો બે ગવાહીઓ (કલ્મો) તને શું ફાયદો આપશે ?

જયારે તેં લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ કહ્યું તો એ એક દાવો છે. તને કહેવામાં આવશે કે આ દાવા પર દલીલ શું છે ? અલ્લાહ તઆલાએ જે ચીજોનો હુકમ આપ્યો છે તેને અદા કરવું, જેનાથી રોકયા છે તેનાથી દૂર રહેવું, આફતો પર સબ્ર કરવી અને અને તક઼દીરે ઈલાહીને સ્વીકારી લેવી એ દાવાની દલીલ છે. જયારે તેં આ અમલો કર્યા તો અલ્લાહ તઆલા માટે ઈખલાસ વિના ક઼બૂલ ન થશે. કથન અમલ વિના અને અમલ ઈખ્લાસ તથા સુન્નતની પયરવી વિના ક઼બૂલ થશે નહીં. *(ફત્હે રબ્બાની, પેજ–૧૦, અહલે સુન્નત કી આવાઝ, હિ.સ. ૧૪૨૮)*

## ક્યાં સહાબાને ક્યાં આપણે ?

ગૌષ પાક رضی اللہ عنہ જણાવે છે કે, "હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ફર્માવે છે કે અમે ૭૦ પ્રકારની મુબાહ ચીજો એ ડરથી ત્યજી દેતા હતા કે ક્યાંક ગુનાહમાં ન પડી જઈએ ! (મુબાહ : જેનું કરવું ન ગુનોહ ન સવાબ) અને અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ફર્માવે છે કે અમે હલાલના દસ હિસ્સાઓથી નવ હિસ્સાઓને એટલા માટે છોડી આપતા હતા કે ક્યાંક હરામમાં ન પડી જઈએ ! તેમણે આવું એટલા માટે કર્યું કે હરામમાં પડવું તો દૂર રહ્યું પણ તેની નજીક પણ ન પહોંચાય. *(ફુતૂહુલ ગૈબ, પેજ–૮૬, અહલે સુન્નત કી આવાઝ, હિ.સ. ૧૪૨૮)*

# ૧૮૫૭માં ઉલમાએ દેવબંદ શું હતા ?



## હિંદના ગદ્દાર કે વફાદાર ?!

અઝ : મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (મુબારકપુર) | અનુ. મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી

ઈ.સ. ૧૮૫૭ના બળવાના હવાલાથી દેશના વિવિધ ભાગોમાં સેમીનાર તથા કોન્ફ્રેન્સો યોજાઈ, માસિકો તથા ત્રિમાસિકોના ખાસ નંબરો પ્રગટ કરવામાં આવ્યા. સમયના પડોમાં દબાયેલ ઘણી જ હક઼ીક઼તો સામે આવી. અમુક એવા કિરદાર પણ સામે આવ્યા જેને પૂર્વગ્રહી ઈતિહાસકારોએ ખૂબ જ બેદર્દીપૂર્વક ટાળી દીધા હતા. આ શોખની ભીડભાડ તથા ભાગદોડમાં ઈતિહાસ ઘડનારાઓને પણ ખૂબ મોકો મળ્યો. હિંદુસ્તાનને આઝાદી અપાવવાનું લેબલ મેળવવા માટે તેઓએ જે કિસ્સાઓ ઘડયા હતા તેમને અવાર નવાર દોહરાવતા ગયા, બલ્કે એટલા પ્રમાણમાં જૂઠ બોલવામાં આવ્યું કે તે સત્ય સમજાવા લાગ્યું ! પ્રોપેગન્ડા અને કુપ્રચારની તાક઼ાતને દરેક દૌરમાં મેહસૂસ કરવામાં આવી અને અત્યારે આધુનિક ટેક્નોલોજીએ તેને વધુ સ્પષ્ટ કરી દીધું છે. **આ કુપ્રચારમાંનો એક જૂઠો પ્રોપેગન્ડો "ઈ.સ. ૧૮૫૭ના બળવામાં દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલમાએ દેવબંદનો કિરદાર !" પણ છે.** અત્રેના લખાણમાં આ વિષય ઉપર ઠોસ પુરાવા થકી ચર્ચા રજૂ કરીશું. ઈ.સ. ૨૦૦૭માં 'નયા દૌર–લખનૌ, રાષ્ટ્રીય સહારા–દિલ્હી" વગેરે ન્યૂઝ પેપરો અને અઠવાડિકમાં પણ ઘણા લેખો ઉપરોક્ત વિષય પર વાંચવા મળ્યા *[તેમજ ગુજરાત ટુ ડે (તા. ૨–૩–૦૮)માં પણ એ જ ગપગોળો વાંચવા મળ્યો ! –તંત્રી]* અને સામાન્ય રીતે એવું લોકોમાં ઠસાવવાની કોશિશ કરવામાં આવી કે ઈ.સ. ૧૮૫૭માં દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલ્માએ દેવબંદમાં મુખ્ય રોલ રહ્યો !

મદ્રસએ દેવબંદ હિ.સ. ૧૨૮૩/ઈ.સ ૧૮૬૬માં ક઼ાયમ થયો. એટલે કે ઈ.સ. ૧૮૫૭ના બળવાના ૯ વરસો પછી. હવે **એ કેમ કરીને શક્ય છે કે દારુલ ઉલૂમ દેવબંદે પોતાના અસ્તિત્વ પહેલાં જ આઝાદીની ચળવળમાં કોઈ ભાગ ભજવ્યો હોય !!!** પણ અફસોસ કે "ચોરી ઉપરથી સીના જોરી"ની પણ હદ થઈ ગઈ. નયા દૌર, એપ્રિલ, મે–૨૦૦૭ના "ઈન્કિલાબે ૧૮૫૭ નંબર"માં ફૈસલ અહમદ નદવીએ "મૌલાના ક઼ાસિમ નાનોત્વી અને પ્રથમ જંગે આઝાદી"ના વિષય પર એક લેખ લખ્યો છે જેમાં બીજી મનઘડત કહાનીઓ સાથે આ પણ લખ્યું છે :

"પ્રખ્યાત ઈતિહાસકાર ઈશ્તિયાક કુરૈશીના કથનાનુસાર આ દારુલ ઉલૂમ ઈ.સ. ૧૮૫૭ના બળવામાં લડવૈયાઓની ટુકડી માટે એક ખાસ પનાહની જગ્યા હતી." *(નયાદૌર, ઈન્ક઼ેલાબ ૧૮૫૭ નંબર, લખનૌ, પેજ–૯૩)*

ઉપરોક્ત લખાણ કોઈ ઐતિહાસિક કોયડો નથી કે તેનું અર્થઘટન કરવામાં આવે, બલ્કે ૨ + ૨ = ૪ ની જેમ સ્પષ્ટ છે. જે ઈદારો તથા સંસ્થા ૧૮૫૭ના બળવાના લગભગ ૯ વરસ પછી બની હોય તેનો કોઈ પણ કિરદાર તથા અમલ દખલ પોતાના વજૂદ (અસ્તિત્વ) તથા બનતા પહેલાં કઈ રીતે થઈ શકે ?! **એ તો શક્ય છે કે દેવબંદના ઉલ્માએ મદ્રસાના બનતા પહેલાં ખ્વાબોની દુનિયામાં જંગ લડી હોય !** આમ પણ દેવબંદી મૌલ્વીઓનો અડધો ધર્મ ખ્વાબો તથા સ્વપ્નોના આધારે ક઼ાયમ

છે, પણ એ હકીકી તથા વાસ્તવિક જંગ હરગિઝ ન હતી. એ પણ એક હકીકત છે કે જ્યારે ઉલ્માએ દેવબંદ બોલવામાં આવે છે તો તેનાથી મુરાદ દારુલ ઉલૂમ દેવબંદથી લાગેલ વળગેલ ખાસ ઉલમા જ હોય છે.

આ જ લેખમાં લેખકે એક લખાણ મૌલાના મેહમૂદ હુસૈન દેવબંદીના હવાલાથી નકલ કર્યું છે. "શૈખુલ હિંદ મૌલાના મેહમૂદ હુસૈન દેવબંદીએ એકવાર જોશમાં આવી ફર્માવ્યું, "હઝરત ઉસ્તાદે (નાનોત્વીએ) આ મદ્રસાને શું પઢવા પઢાવવા માટે કાયમ કર્યો હતો ?! મદ્રસો મારી સમક્ષ કાયમ થયો જ્યાં સુધી હું જાણું છું. ઈ.સ. ૧૮૫૭ની નિષ્ફળતા પછી આ (દારુલ ઉલૂમ દેવબંદ) ખોલવામાં આવ્યો જેથી કોઈ એવું મર્કઝ કાયમ થાય જેના થકી લોકોને તૈયાર કરવામાં આવે અને ઈ.સ. ૧૮૫૭ની નિષ્ફળતામાંથી બેઠા થઈ શકાય. *(સવાનેહે કાસમી, ભાગ–૨, પેજ–૨૨૬)*

મૌલાના મહમૂદ હુસૈનના ઉપરોક્ત જોશીલા બયાનથી ત્રણ વસ્તુ જાહેર થઈ :–

(૧) દારુલ ઉલૂમ દેવબંદને પઢવા પઢાવવા માટે નથી કાયમ કરવામાં આવ્યું. (૨) દેવબંદના દારુલ ઉલૂમને કાસિમ નાનોત્વીએ કાયમ કર્યું. (૩) દારુલ ઉલૂમ દેવબંદ ઈ.સ. ૧૮૫૭ પછી કાયમ થયું જેથી ૧૮૫૭ની ઉણપ પૂરી કરવામાં આવે.

એ સત્ય છે કે દારુલ ઉલૂમ દેવબંદ પઢવા પઢાવવા માટે નથી કાયમ કરવામાં આવ્યું, પણ અફસોસ કે ઉલમાએ દેવબંદ જ તેની તા'લીમનાં નગારાં વગાડતા જોવા મળે છે ! તેનો ફૈસલો તેઓ પોતે જ કરે કે કે દારુલ ઉલૂમના કયામનો મકસદ ક્યાં સુધી તેઓ પૂરો કરી રહ્યા છે ? બીજી વાત કે દારુલ ઉલૂમ દેવબંદને કાસિમ નાનોત્વીએ કાયમ કર્યું, આ સંદતર જૂઠુ છે. તેના બાની (સ્થાપક) તથા કાયમ કરનાર હાજી આબિદ હુસૈન કાદરી, ચિશ્તી رحمۃ اللہ علیہ હતા. પણ આપ અસ્લાફના મસ્લકના પાબંદ સુન્ની સહીહુલ અકીદા હતા, અને તેમનો મકસદ તા'લીમ હતો જેના કારણે દેવબંદના ઉલ્માએ આપનાથી વિખવાદ કર્યો અને આપનું નામ હટાવી કાસિમ નાનોત્વીને બાની રૂપે પ્રખ્યાત કર્યા. આના બેકગ્રાઉન્ડમાં મૌલાના નઝીર અહમદ દેવબંદી લખે છે :–

"લોકોના દિલોમાં ખુલૂસ ન રહ્યો જેના કારણે વિખવાદ થતા રહ્યા, પરિણામે એ સમયે આપ (હાજી આબિદ હુસૈન) મદ્રસાના કારોબારથી અલગ થઈ ગયા અને ફર્માવ્યું કે લિલ્લાહિયત ન રહી અને નફ્સાનિયત આવી ગઈ. ફકીરને આ બધી વાતો શું નિસ્બત ?" *(તઝકિરતુલ આબિદીન, પેજ–૭૬)*

હાજી સાહબના ખાનદાનના એક માણસ સૈયદ ઈફ્તિખારહુસૈન લખે છે :–

"આ નફ્સાનિયત સિવાય શું હોઈ શકે છે કે તે (હાજી સાહબ) આ મદ્રસા થકી ઈસ્લામની સચ્ચાઈના પ્રચારનો જે મહત્વનો ફર્ઝ અદા કરવા ઈચ્છતા હતા, તો મદ્રસાના બીજા કાર્યકર્તાઓ એ વાતથી સહમત ન હતા.

તેઓની વિચારધારા બિલકુલ અલગ હતી, **તેઓ આ મદ્રસાને અંગ્રેજી ગવર્નમેન્ટની ઈચ્છા તથા મરજી પ્રમાણે ચલાવવા માંગતા હતા,** કારણ કે મદ્રસાના સદર મુદર્રિસ મૌલ્વી યાકૂબ હુકૂમતના ખૂબ જ ચાહક હતા. મદ્રસાના સદર મુદર્રિસ બનતા પહેલાં તે ઘણા શહેરોમાં અંગ્રેજ ગવર્નમેન્ટ તરફથી ડિપ્ટી. ઈન્સપેક્ટર ઓફ સ્કૂલના હોદ્દે ફરજ બજાવી ચૂક્યા હતા અને પોતાનાં કામોના કારણે અંગ્રેજોના મહબૂબ હતા. પોતાના આ કામયાબ અનુભવના આધારે તે એ રીતે મદ્રસો ચલાવવા ઈચ્છતા હતા જે અંગ્રેજી ગવર્નમેન્ટની ઈચ્છા હતી. માટે તેના ખયાલોનું હાજી મુહમ્મદ આબિદહુસૈન સાહબના ખયાલોથી ટકરાવું જરૂરી

હતું.'' *(દારુલ ઉલૂમ દેવબંદના બાની કોણ ? અઝ : સૈયદ ઈફ્તેખાર હુસૈન દેવબંદી)*

આ વિશે ઘણુ લખાઈ ચૂક્યું છે કે દારુલ ઉલૂમ દેવબંદના બાની કાસિમ નાનોત્વી નથી બલ્કે તેના બાની સૂફી આબિદ હુસૈન કાદરી ચિશ્તી હતા. મૌલ્વી કાસિમ નાનોત્વીએ પોતાના સાથીઓની મદદથી તેમને અલગ કરી દીધા, કારણ કે તેઓ ઈદારાને ઈસ્લામના ફેલાવા તથા તા'લીમ આપવા અપાવવા ખાતર ચલાવવા ઈચ્છતા હતા, જે મૌલ્વી કાસિમ નાનોત્વીને હરગિઝ પસંદ ન હતું. મૌલ્વી કાસિમ નાનોત્વી અને બીજા દેવબંદી આલિમોની તર્બિયત જે માહોલમાં થઈ હતી તેમાં અંગ્રેજ નવાઝી પોતાની છેલ્લી હદે પહોંચી હતી.

'અર્રહીકુલ મખ્તૂમ'ના લેખક મૌલાના સફીઉર્રહમાન મુબારકપૂરી લખે છે :–

**''દેવબંદી ચળવળના પ્રથમ** અમીર મૌલાના મમ્લૂક અલી થાન્વી વિશે ઈતિહાસકારો સહમત છે કે તેઓ **અંગ્રેજોના પાકા વફાદાર** હતા. તેઓ દિલ્હી કોલેજમાં મુદર્રિસ હતા જ્યાં અંગ્રેજનવાઝ હિંદુસ્તાનીઓ તૈયાર કરવામાં આવતા હતા, બલ્કે તેમના સારા કાર્યથી પ્રભાવિત થઈ કોલેજના વઝીર સર થોમસની સિફારિશથી ૮ નવેમ્બર ૧૮૪૧માં આપ કોલેજના પ્રિન્સિપાલ નક્કી થયા. કોલેજના બધા જ અંગ્રેજ ટીચરો મૌલાના પર ખૂબ ભરોસો કરતા હતા આથી દરેક વાર્ષિક રિપોર્ટમાં તેમનાં ખૂબ વખાણ કરવામાં આવ્યાં. ગવર્નર જનરલે મૌલાનાને ઈનામથી પણ નવાઝયા અને ખૂબ જ કિંમતી પોશાક પણ આપ્યો. દિલ્હી કોલેજના નિસાબ (કોર્ષ)નું કામ આપના થકી થતું.'' *(સવાનેહે મૌલાના એહસાન નાનોત્વી, પ્રો. ઐયૂબ કાદરી)*

મૌલાના મમ્લૂક અલીએ નાનોતા તથા આસપાસના ઉષ્માની શૈખોની તા'લીમ માટે દિલ્હી કોલેજનો રસ્તો આસાન કર્યો અને ઘણાયે લોકોને **અંગ્રેજો સાથે વફાદારીની તા'લીમ આપી.** દેવબંદના અકાબિર આ જ ઉસ્તાદના શાગિર્દ હતા જેણે અંગ્રેજનવાઝી પોતાના વિદ્યાર્થીઓને ગળ થુથીમાં પીવડાવી દીધી હતી. **આ શાગિર્દો પ્રત્યે એવું કલ્પી પણ ન શકાય કે તે અંગ્રેજો વિરુધ્ધ જંગ લડશે.** મદ્રસએ દેવબંદને મૌલ્વી કાસિમ નાનોત્વી એ આ રસ્તે જ આગળ ધપાવ્યો અને તા'લીમ પર ધ્યાન આપવાના બદલે અંગ્રેજ નવાઝ ટુકડીઓ તૈયાર કરી અને **અંગ્રેજ હુકૂમત પણ તેમની કાર્ય રચનાથી મુત્મઈન (સંતુષ્ઠ) હતી.** મદ્રસએ **દેવબંદના પ્રથમ સદર** મુદર્રિસ મૌલાના મમ્લૂક અલીના સાહબઝાદા અને તેમને ત્યાં તર્બિયત પામેલ (ટ્રેઈન્ડ થયેલ) **મૌલાના મુહમ્મદ યાકૂબ** નક્કી થયા. સવાનેહે કાસમીના લેખકના કથનાનુસાર : ''મૌસૂફ (મૌ. યાકૂબ) **ઈ.સ. ૧૮૫૭ની જંગને ગદર (ધોકો)** તથા તેમાં **ભાગ લેનારાઓને** 'મુફસીદીન' **ફસાદ કરનાર** કહેતા હતાં.'' *(સવાનેહે કાસમી, પેજ–૬૧)*

મદ્રસએ દેવબંદના કયામના અમુક વરસો પછી ૩૧ જાન્યુ. ૧૮૭૫માં લેફ્ટન્ટ ગવર્નરે પોતાના ખાસ માણસ મિસ્ટર પામરને દારુલ ઉલૂમ દેવબંદની વિઝિટ માટે મોકલ્યો તો તેણે આ શબ્દોમાં રિપોર્ટ આપ્યો, **''મદ્રસો (દેવબંદ) વિરોધમાં નહીં બલ્કે (અંગ્રેજી) સરકારનો તરફદાર તથા મદદગાર છે.** અહીં તા'લીમ પામેલા લોકો એવા આઝાદ અને નેક ચલન છે કે એક બીજાથી કોઈ જ વાસ્તો નથી.'' *(મુહમ્મદ અહસન નાનોત્વી, પેજ–૧૧૭)*

ઈ.સ. ૧૮૫૭ના બનાવ પછી આખા દેશમાં અફરી તફરી હતી, કત્લ તથા લૂટફાટ સામાન્ય બની ચૂકી હતી. **ઉલ્માએ અહલે સુન્નતને માત્ર શકના કારણે પણ ફાંસી આપવામાં આવતી હતી, જેલમાં બંધ કરી દેવામાં આવતા.** મુજાહિદો આમ તેમ ભાગી રહ્યા હતા. **આવા સમયે અંગ્રેજો દારુલ ઉલૂમ દેવબંદથી સંતૃષ્ઠ હતા** બલ્કે

વિઝિટર લખે છે કે, દારુલ ઉલૂમ દેવબંદ સરકારનું મદદગાર છે ! દેવબંદ દારુલ ઉલૂમના કાર્યકરો માટે આ સૌથી મોટી વાત હતી. હજુ પણ આ વાતમાં શક બાકી છે કે મદ્રસા દેવબંદ પોતાની અંગ્રેજ હુકૂમતનો સાચો વફાદાર તથા Well Wisher હતો ?!

લેફટન્ટ ગવર્નર પોતાની વિઝિટ મુજબ વધુ લખે છે :–

"જે કામ મોટી મોટી કોલેજોમાં હજારો રૂપિયા ખર્ચી કરવામાં આવે છે તે અહીં અમુક પૈસામાં થાય છે. જે કામ પ્રિન્સીપલ હજારો રૂપિયા લઈને કરે છે તે અહીં મૌલ્વી ચાલીસ રૂપિયા મહિનાના પગારે કરે છે. *(સવાનેહ અહસન નાનોત્વી, પેજ–૨૧૭)*

આ રિપોર્ટ પછી દારુલ ઉલૂમ દેવબંદના કર્તાધર્તાઓમાં ખુશીની લહેર દોડી ગઈ અને તેઓના કથનાનુસાર કે આ રિપોર્ટથી મદ્રસાની શોહરત (ખ્યાતિ) તથા મક્બૂલિયતમાં ચાર ચાંદ લાગી ગયા અને મદ્રસાના રિપોર્ટમાં તેઓએ ખૂબ જ ફખ્ર સાથે નીચે મુજબનું લખાણ છાપી માર્યું :–

"બધા જ અંદર તથા બહારના બનાવો તથા આઘાતો પછી મદ્રસાને જે મહત્વની કામ્યાબી તથા ખ્યાતિ મળી તે સર જોન ડિગ્સ લોટશ સંયુક્ત ગવર્નર આગ્રા તથા અવધનું દારુલ ઉલૂમ દેવબંદની વિઝિટ માટેનું આગમન હતું." *(રૂદાદે મદ્રસા દેવબંદ, હિ.સ. ૧૩૨૨, પેજ–૭)*

જાણવા મળ્યું કે અંગ્રેજ ગવર્નમેન્ટના રિપોર્ટથી દારુલ ઉલૂમ દેવબંદના કાર્યકર્તાઓ શર્મિંદા ન હતા બલ્કે તે તેમના મિશનનું અસલ નિશાન જે હતું પૂરું થયું. સવાનેહે કાસમીના હાશિયામાં દેવબંદના છુપાયેલ રાઝ ખોલતાં લખે છે :–

"લગભગ દારુલ ઉલૂમ દેવબંદના કાર્યકર્તાઓ તથા મુદર્રિસોની સંખ્યા એવા લોકોની હતી જે **અંગ્રેજ ગવર્નમેન્ટના જૂના કર્મચારી હતા** અથવા તો પેન્શન મેળવનાર હતા, **જેમના વિશે ગવર્નમેન્ટે કોઈ પ્રકારનો શક કરવાની શક્યતા જ ન હતી.** *(હાશિયા સવાનેહે કાસમી, ભાગ–૨, પેજ–૨૪૭)*

ઉપરોક્ત લખાણોએ વાત ખૂબ જ સ્પષ્ટ કરી નાખી. શું હજુ પણ કાંઈ બાકી છે ? જેના પર ૧૮૫૭ના બળવામાં દેવબંદના કિરદારની બુનિયાદ રાખવામાં આવે. આવો આ વિશે પીરે મયખાના મૌલ્વી અશ્રફ અલી થાન્વીના અંગ્રેજ નવાઝી વિશે પણ જાણી લઈએ. મૌલ્વી અશ્રફ અલી થાન્વી પોતાના ફત્વા લખાયેલ ૧૦ સફર હિ.સ. ૧૩૪૯/ ઈ.સ. ૧૯૩૧માં લખે છે :–

"પૂરાણા જમાનાથી મસીહી (ઈસાઈ) લોકોનો ધર્મ તથા કાનૂન એ રહ્યો છે કે કોઈ પણ કૌમ કે મઝહબ સાથે અદાવત તથા તેનો વિરોધ કરવો નહીં અને ન તો કોઈની ધાર્મિક આઝાદીમાં આડ બને છે અને પોતાની પ્રજાને અમન તથા શાંતિમાં રાખે છે માટે મુસલમાનોએ અહીં હિંદુસ્તાનમાં જ્યાં ઈસાઈઓનો કબ્જો છે ત્યાં રહેવું અને તેમની પ્રજા બનવું દુરુસ્ત છે." *(અવરાકે ગુમ ગશ્તા, અઝ : રઈસ અહમદ જાફરી, નદવી, પેજ–૩૨૪)*

આ છે શૈખે મૈયખાનાનો ફત્વો ! કે **પૂરાના સમયથી અંગ્રેજોનો કાનૂન તથા ધર્મ રહ્યો છે કે કોઈ પણ મઝહબ તથા કૌમથી અદાવત નથી રાખતા !** આ ફત્વો થાન્વીએ તે સમયે આપ્યો **જ્યારે ઈ.સ. ૧૮૫૭માં હજારો હજાર ઉલ્માને ફાંસીના ફંદા પર ચઢાવવામાં આવ્યા અને લાખો મુસલમાનોને વિના કારણે કતલ કરવામાં આવ્યા હતા ! શું આનું નામ અમનો અમાન છે ?** મસીહીઓ (ઈસાઈઓ) **સદીઓથી ઈસ્લામ તથા મુસલમાનોના દુશ્મન રહ્યા છે પરંતુ આ હઝરત થાન્વી બિલ્કુલ બે ખબર છે !** જો આનું જ નામ ફત્વો લખવું તથા ઈસ્લામી હક્ક્ વાત કહેવું છે તો પછી **મુનાફિક્ત તથા અંગ્રેજનવાઝી કોને કહેવાય !** હકીકતમાં મદ્રસા

દેવબંદ પૂરાના જમાનાથી જ અંગ્રેજનવાઝ રહ્યા છે અને બધી જ પ્રવૃત્તિઓ એ તરફની રહી એટલા માટે મૌલ્વી અશ્રફ અલીએ જે લખ્યું છે તે તેમણે પોતાના હાલ મુજબ બરાબર લખ્યું છે. **બેશક ! દેવબંદી મૌલ્વીઓ બ્રિટિશ હુકૂમતમાં સંપૂર્ણ રીતે મેહફૂઝ તથા અમાનમાં રહ્યા.**

દીવાનજી નામના એક માણસ વિશે મૌલ્વી મુનાઝિર અહસન ગીલાનીએ પોતાની કિતાબ 'સવાનેહે ક઼ાસમી'માં લખ્યું છે :–

"સાહિબે નિસ્બત બુઝર્ગ હતા. પોતાના ઝનાના મકાનમાં ઝિક્ર કરતા. મૌલાના હબીબુર્રહમાન સાહબ મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ ફર્માવતા રહેતા કે એ જમાનામાં દીવાનજીના ક઼શ્ફની હાલત એટલી ગધી ગઈ હતી કે બહાર સડક પર આવતાં જતાં આપને નજર આવતાં. ઝિક્ર કરતા સમયે દીવાલોનો પર્દો તેમના પર બાકી ન રહેતો. આ જ દીવાનજીનો ક઼શ્ફ દારુલ ઉલૂમ દેવબંદ વિશે પણ વર્ણન કરવામાં આવે છે, લખે છે કે મિષાલી આલમમાં તેમના પર જાહેર થયું કે દારુલ ઉલૂમ દેવબંદના ચોતરફ લાલ દોરો વિંટેલો છે પોતાના આ ક઼શ્ફી મુશાહેદાની તાબીર પોતે (દીવાનજી) આ રીતે કરે છે કે નસ્રાનિયત (ઈસાઈયત) તથા નવી આઝાદીની નિશાનીઓ દારુલ ઉલૂમ દેવબંદમાં જાહેર થશે." *(હાશિયા સવાનેહે ક઼ાસમી, ભાગ–૨, પેજ–૭૩)*

દીવાનજીએ પોતાની ક઼શ્ફી કુવ્વતના આધારે જે વસ્તુ તરફ ઈશારો કર્યો છે તે એક જગતે પોતાના માથાની આંખોથી જોઈ લીધું. જો હજુ પણ દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલ્માએ દેવબંદને ૧૮૫૭ના બળવાના મુજાહિદોમાં ગણવામાં આવે તો આ તેમની ચોરી ઉપરથી સીનાજોરી તથા ચમકતા દિવસમાં સૂર્યને જૂઠલાવવાની કોશિશ ગણાશે.

૨૯, ૩૦ માર્ચ ૨૦૦૮માં આ વિષય પર દારુલ ઉલૂમ દેવબંદમાં સેમીનાર માટેનું એલાન પણ કરવામાં આવ્યું છે. તર્જુમાન દારુલ ઉલૂમ દિલ્હીના ઓકટોબર, નવેમ્બર તથા ડિસેમ્બરના અંકો મારી સમક્ષ છે. તંત્રીએ જે પ્રમાણેનું લખાણ લખ્યું છે તેનાથી અંદાજો થાય છે કે ઈ.સ.૧૮૫૭ના બળવા વિશે આવનાર હક઼ીક઼તોથી તેમને તકલીફ છે. કદાચ આ જ હક઼ીક઼તો પર પર્દો નાખવાના ઈરાદે દારુલ ઉલૂમ દેવબંદમાં સેમીનાર વિશે લખવામાં આવ્યું છે. અને આ જ તકલીફના કારણે અબ્નાએ ક઼દીમના કાર્યરત સદર મૌલાના અમીદુઝ્ઝમાં ક઼ાસમી કિરાનવીએ એક માસિકમાં લેખ પણ લખ્યો છે, વિષય છે, "હઝરત શાહ વલીયુલ્લાહની ઈન્કેલાબી સિયાસી તેહરીકમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીનો ભાગ" લેખકે ખૂબ જ ચાલાકી સાથે તેહરીકે દેવબંદનો રિશ્તો હઝરત શાહ વલીયુલ્લાહ સાથે જોડયો છે. પરંતુ લખાણના ઊંડાણમાં જતાં જણાય છે કે લેખક પોતે પણ તેનાથી મુત્મઈન (સંતૃષ્ઠ) નથી. લેખકે પોતાના વિષય વિશે ઓછું લખ્યું છે અને પોતાની સર્વ શક્તિ ૧૮૫૭ અને ઉલ્માએ દેવબંદની કુર્બાનીઓ પર ખર્ચ કરી નાખી છે. આ વિષય પર ચર્ચા કરતાં પહેલાં હું એ સ્પષ્ટ કરી દઉં કે દેવબંદી તેહરીક (ચળવળ)ના બાની ક઼ાસિમ નાનોત્વી તથા રશીદ અહમદ ગંગોહી હતા ન કે શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી. દેવબંદી જમાઅતના પ્રખ્યાત આલિમ મૌલાના અન્વરશાહ કશ્મીરી લખે છે :–

"આકબિરે દેવબંદ જેમની શરૂઆત મારા આધારે સૈયદુનલ ઈમામ મૌલાના મુહમ્મદ ક઼ાસિમ સાહબ અને ફક઼ીહે અકબર મૌલાના રશીદ અહમદ ગંગોહીથી છે. દેવબંદિયતની શરૂઆત શાહ વલીયુલ્લાહથી કરવાને બદલે ઉપરોક્ત બંને અઝીમ હસ્તીઓથી કરું છું." *(માહનામા અલ બલાગ, કરાંચી, માર્ચ–૧૯૬૯, પેજ–૪૮)*

અને આટલું જ નહીં કે તેહરીકે દેવબંદિયતના બાની અકાબિરે દેવબંદ હતા બલ્કે દેવબંદી ધર્મના સર્જક તથા બાની પણ દેવબંદના અકાબિર હતા.

શૈખ ઝકરિયા સહરાનપૂરીએ એક મજલિસમાં આ વાતની કબૂલાત કરતાં લખ્યું છે :–

"આપણા બુઝુર્ગો હઝરત ગંગોહી તથા થાન્વીએ જે ધર્મ કાયમ કર્યો છે તેને મજબૂતીથી પકડી રાખો. રશીદ (ગંગોહી) વ કાસિમ (નાનોત્વી) પૈદા નથી થવાના, માટે બસ તેઓની પૈરવીમાં લાગી જાવ." *(સોહબતે બા અવલિયા, મુર્ત્તિબ–તકીયુદ્દીન નદવી, પેજ–૧૨૬)*

મૌલાના અમીદુઝ્ઝમાં કીરાનવી પોતાના વિષયના હવાલાથી પોતાના લેખમાં લખે છે :–

"ભલે હાજી સાહબનું નામ ઈ.સ. ૧૮૫૭ પછી જંગે આઝાદીમાં જાહેર થનાર મુજાહિદોમાં થયું, પણ હકીકત એ છે કે તેહરીકે આઝાદી (આઝાદીની ચળવળ) કે તેહરીકે જેહાદને આગળ ધપાવવામાં અને તેના માટે યોગ્ય સંજોગો બનાવવામાં હાજી સાહબનો મહત્વનો રોલ રહ્યો. તબીયતના આધારે તેઓ હઝરત સૈયદ અહમદ શહીદ રાય બરેલ્વી જેમ જ હતા. આપના દાદા પીર હઝરત હાજી અબ્દુર્રહીમ સાહબ શહીદ વિલાયતી સૈયદ સાહબની તેહરીકે જેહાદમાં શરીક હતા." *(તર્જુમાન દારુલ ઉલૂમ દિલ્હી, ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર–૨૦૦૭, પેજ–૧૭)*

આંખોમાં ધૂળ ફેંકવાના દાખલા તમે સાંભળ્યા હતા, જો તેનો વધુ એક દાખલો જોવો હોય તો ઉપરોક્ત લખાણના ઊંડાણમાં જાવ. કેટલી બેશર્મી સાથે હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીના ખયાલાત તથા અકીદા અને મસ્લકનો રિશ્તો બર્રે સગીરમાં વહાબિયતના બાની મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી સાથે જોડવામાં આવી રહ્યો છે. જ્યારે કે **હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીના અકીદા તથા ખયાલો ઈસ્માઈલ દહેલ્વીથી બિલકુલ અલગ બલ્કે સ્પષ્ટ વિરુદ્ધ હતા. મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ જે વાતોને શિર્ક તથા બિદઅત લખી છે હાજી ઈમ્દાદુલ્લાહ તેને કરતા હતા,** અને એટલું જ નહીં બલ્કે તેનો પ્રચાર પણ કરતા હતા. બલ્કે અલ્લાહના જૂઠ બોલવાના અશક્ય હોવા વિશે, મીલાદ તથા ફાતિહા, ઈલ્મે ગૈબે મુસ્તફાની સાબિતી અને નબીને પોતાની જેમ બશર કહેવાના વિરોધ વગેરેમાં તેમના અકીદા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને બીજા જમહૂર (બહુમતિ) ઉલ્માએ અહલે સુન્નતના જેવા હતા.

નીચે અમે બંને અકીદાઓ તથા ખયાલોમાં વિરોધાભાસનો એક અનોખો મંઝર રજૂ કરીશું.

મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો અકીદો 'રિસાલા યકરોઝી'માં છે :–

"જૂઠ ન બોલવાને અલ્લાહના કલામાતમાંથી માનીએ છીએ અને તેના થકી અલ્લાહની તા'રીફ કરીએ છીએ આથી વિરુદ્ધ કોઈ માણસ ગુંગા કે પથ્થરના વખાણ અને તારીફ જૂઠ ન બોલવાના કારણે નહીં કરે. આથી સ્પષ્ટ થયું કે ખૂબી અને કમાલ તો એ છે કે કોઈ માણસ જૂઠ બોલવા પર કુદરત હોવા છતાં મસ્લેહત અને હિકમત તથા જૂઠની બુરાઈથી બચવા માટે જૂઠ નથી બોલતો, તે માણસની જ પ્રશંસા તથા તારીફ કરવામાં આવશે તે જૂઠ બોલવાના ઐબથી પાક તથા સંપૂર્ણ સત્ય સાથે સંકળાયેલ છે. તે માણસ જેમ નહીં જેની ઝબાન કાર્યરત ન હોય. *(રિસાલા યકરોઝી, પેજ–૧૪૫, મતબૂઆ દેવબંદ)*

હવે આજ અકીદા વિશે હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીનો સ્પષ્ટ જવાબ વાંચો. હાજી સાહબ મૌલ્વી નઝીર અહમદ ખાનને લખેલ પોતાના એક પત્રમાં આ રીતે લખે છે :–

"પ્રથમ જવાબમાં શક્ય તથા થવું બંનેનો તફાવત બતાવવામાં આવ્યો છે, ફકીરને તેનાથી એ જાણવા મળ્યું કે, 'જૂઠ બોલવું' તેનું બુરાઈમાં હોવામાં કોઈ બેમત નથી. પછી અલ્લાહની મુકદસ ઝાત તરફ તેની નિસ્બત કઈ રીતે જાઈઝ થઈ શકે. ભલેને મુમકિન તથા શક્ય જ માનો." *(અન્વારે સાતિઆ દર બયાને મૌલૂદો ફાતિહા, પેજ–૪૨૩)*

(વધુ આવતા અંકે.....)

# ઈસ્લામમાં હલાલ રોજીનું મહત્વ અને આપણે

*લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ*

:: રજૂકર્તા ::
**મુહમ્મદ અલ્તાફ બાપુમિયાં બુખારી**
(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ મિસ્કીનિય્યહ્-ધોરાજી

ઈસ્લામ એક સાફ અને સ્વચ્છ ધર્મ છે. ઈસ્લામે ઈન્સાનને તેના જીવનને લગતી દરેક વસ્તુની માહિતી આપી અને દરેક કામ કરવા માટેની રીત બતાવી. દા.ત. સૂવાની રીત, ખાવાની રીત, પીવાની, ચાલવાની, વાતચીત કરવાની, બેસવાની ત્યાં સુધી કે કુદરતી હાજતે જવાની રીત પણ ઈસ્લામે બતાવી છે, તેમાંથી જ એક છે 'રિઝક'. રિઝકની વ્યાખ્યા છે કે જેનાથી ફાયદો ઉઠાવવા પર કોઈ સજીવ શક્તિમાન હોય. રોજીના બે પ્રકાર છે : એક હલાલ રોજી અને હરામ રોજી. હલાલ રોજી તે છે જેને શરીઅત માન્ય રાખે અને હરામ રોજી તે છે જેને શરીઅત માન્ય રાખે નહીં.

જેવી રીતે ફૂલોની ખુશ્બુનું સારું અને ખરાબ હોવું તેના બીજ પર આધારિત છે કે જેવું બીજ હશે તેવું ફળ મળશે, તેવી જ રીતે આપણા અખ્લાક઼ અને કામો આપણા દરરોજના ખોરાક પર આધારિત છે. કારણ કે ખરાબ ખોરાકથી દિલ અને શરીર ખરાબ થાય છે જેનાથી બેહયાઈ, બુઝદિલી જેવા ખરાબ અખ્લાક઼ દિલમાં પૈદા થાય છે અને ઝિના, ચોરી, જૂગાર, વ્યાજખોરી જેવા ગુનાહ આપણા અંગોથી જાહેર થાય છે. જ્યારે સારા ખોરાકથી દિલમાં હયા, બહાદુરી તથા નમ્રતા જેવા સારા અખ્લાક઼ પૈદા થાય છે અને નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાત જેવા સત્કર્મો અંગોથી જાહેર થાય છે.

હલાલ રોજી કમાનારાઓ માટે અલ્લાહ તઆલા પોતાની રહમતના ખજાના ખોલી નાખે છે, દુનિયામાં તેને ઈજ્જતદાર બનાવે છે અને આખેરતમાં તેને ઉચ્ચ સ્થાન અર્પણ કરે છે.

અલ્લાહ તઆલા કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવે છે, (તર્જુમો) : "અય લોકો ! ખાઓ જે કંઈ પણ જમીનમાં હલાલ પાકીઝા છે." *(પારા-૨, રુકૂઅ-૫, આ. ૧૬૮)*

આ આયતે મુક઼દ્દસાની તફસીરમાં સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمة الله عليه એક હદીષે પાક તફસીર ઈબ્ને કષીરના હવાલાથી લખે છે કે, હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنه એ ફર્માવ્યું કે, મેં આ આયત હુઝૂર صلى الله عليه وسلم ની સામે પઢી તો હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસે ઉભા થઈને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم દુઆ કરી આપો કે અલ્લાહ મને મુસ્તજાબુદ્દઅવત (જેની દુઆ ક઼બૂલ થાય) કરી આપે. તો હુઝૂર ફર્માવ્યું કે, "અય સઅદ ! પોતાની ખોરાકને પાક કરો મુતજાબુદ્દઅવાત થઈ જશો. તે ઝાતે પાકની ક઼સમ ! જેના કબ્ઝામાં મુહમ્મદ صلى الله عليه وسلم ની જાન છે, ઈન્સાન પોતાના પેટમાં હરામનો કોળિયો નાખે છે તો ચાલીસ દિવસ સુધી ક઼બૂલિયતથી મેહરૂમ થઈ જાય છે.

મુસલમાનો ! વિચારો અને આપણી હાલતને જુઓ, આજે આપણી દુઆઓ ક઼બૂલ નથી થતી, એનો આપણને એહસાસ છે પણ આપણે તેના કારણ પર તો ધ્યાન દેતા જ નથી. ખૂદ ખલ્ક઼ના હાકિ઼મ, રિઝ્ક઼ના ક઼ાસિમ આપણા આક઼ા વ મૌલા صلى الله عليه وسلم ઈર્શાદ ફર્માવે છે જેનો અર્થ છે કે, **જેના પેટમાં હરામ રોજીનો એક કોળિયો પણ હોય છે તેની દુઆ ચાલીસ દિવસ સુધી ક઼બૂલ થતી નથી.** આપણે આપણી કમાણી તરફ નજર કરીએ તો આપણને ખબર પડશે કે આપણે ફક્ત એક કોળિયો નહીં પણ આખે આખી દેગ હરામ કમાઈની પકાવી ખાઈએ છીએ અને ખવડાવીએ છીએ અને કમાવાના સમયે જરાય પણ સાવચેતી નથી રાખતા કે આપણે જે કમાઈ રહ્યા

છીએ તે હલાલ છે કે હરામ! ખૂદ પાલનહારે હકીકી ઈર્શાદ ફર્માવે છે કે, (તર્જુમો) : "આપસમાં એકબીજાનો નાહક્ક માલ ન ખાવ !" *(પારા–૨, રુકૂઅ–૩)*

એટલે કે આપસમાં એકબીજાનો માલ એવી રીતે ન ખાવ જેની અલ્લાહે છૂટ આપી નથી. જેવી રીતે કે લૂટીને, ચોરી કરીને, ખોટી કસમ ખાયને, જૂગાર વડે, રિશ્વત દ્વારા, જ્યોતિષી પાસે જઈને, સારંગી વગેરે વાજિંત્રો વગાડીને, માતમ કરીને, ખોટા બહાનાંઓથી, ખયાનત કરીને, સિનેમા વગેરેની કમાઈ, ધોકાની કમાઈ..... વગેરે.

આ આયતે મુકદસાનો શાને નુઝૂલ : આ આયત તે બે વ્યક્તિના બારામાં નાઝિલ થઈ જેમનો જમીનના વિશે ઝઘડો હતો તે બંનેએ વિચાર્યુ કે ખોટી કસમ ખાઈને જમીન પર કબ્જો કરી લેવો, જેથી બંને હુઝૂર ﷺની બારગાહે અકદસમાં હાજર થયા અને આખો પ્રસંગ બયાન કર્યો. હુઝૂર ﷺએ તેમને નસીહતના અંદાઝમાં ફર્માવ્યું કે, સાંભળી લો ! હું પણ તમારી જેમ (જાહેરી રૂપે) બશર છું અને મારા પર વહી આવે છે. તમે મારી પાસે ફૈંસલા માટે આવો છો અને તમારામાંથી અમુક એવા હોય છે કે જે ચાલાકીથી દલીલો કાઈમ કરે છે અને હું પણ તેમની દલીલોથી ફૈંસલો કરી આપુ છું અને તેના સાથી પાસેથી માલ લઈને તેની દલીલથી બીજાના કબ્જામાં આપી દઉં છું. કારણ કે હું તો જેવું તમારાથી સાંભળીશ તેવો ફૈંસલો કરીશ, પણ યાદ રાખશો કે જેના માટે હું જાહેરી તૌર પર ફૈંસલો કરીશ અને હક્ક બીજા ભાઈનો હશે તો એમ સમજી લો કે તેને આગનો ટુકડો આપી રહ્યો છું." તે બંને હુઝૂર ﷺની નસીહત સાંભળીને રડી પડયા અને કહેવા લાગ્યા કે, "હુઝૂર ! હું મારી આ જમીન મારા ભાઈને આપવા ઈચ્છું છું." હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જાવ ! અલ્લાહની બારગાહમાં હાજર થવાને નજર સમક્ષ રાખીને કુર્આ અંદાઝી (ડ્રો) કરો અને એકબીજાને પોતાનો હક્ક હલાલ કરો." *(રૂહુલ બયાન, ભાગ–૨, પેજ–૧૨૬)*

જોયું, મારા ભાઈઓ ! જે નાહક્ક માલ કમાય છે તેના માટે અલ્લાહના હબીબ ﷺ ફર્માવે છે કે તે આગનો ટુકડો હાંસલ કરે છે એટલે કે તેને આગનો અઝાબ થશે. શું આપણે તે આગનો અઝાબ સહન કરી શકીશું ? જેના બારામાં ખૂદ રબ્બે કાઈનાત ઈર્શાદ ફર્માવે છે કે, "અય ઈમાનવાળાઓ ! તમો ખૂદ બચો ! અને તમારા ઘરના સભ્યોને બચાવો તે આગથી જેનું બળતણ ઈન્સાન અને પથ્થર છે." નહીં અને હરગિઝ નહીં ! આપણને આવા સખ્ત અઝાબોથી બચવા માટે જેવી રીતે નેકીઓ કરવાની જરૂરત છે તેવી રીતે આપણે આપણા ધંધા, રોજગાર તરફ પણ નજર કરવાની છે કે ક્યાંક જાણે અજાણ્યે આપણે હરામનો માલ તો ભેગા નથી કરતા અને આપણા માટે આગનો સામાન તો તૈયાર નથી કરતા ?! આપણે દુનિયામાં કેટલું રહેવું છે ? આપણે તો જિંદગીના દિવસો પૂરા કરીને જતા રહેશું, આપણા પાછળવાળાઓ તે માલ ખાશે અને આપણે અઝાબ ભોગવવાનો ! માટે સમજદારી એમાં જ છે કે આપણે હલાલ રોજી કમાઈએ જેથી આપણે રિઝ્કે હરામના અઝાબથી બચી શકીએ અને અલ્લાહ તથા તેના રસૂલ ﷺની ખુશ્નૂદી હાંસલ કરી શકીએ.

## ★ રિઝ્કે હલાલ હદીષોની રોશનીમાં ★

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "તમામ ફર્ઝ પછી અહમ ફર્ઝ રિઝ્કે હલાલ પ્રાપ્ત કરવું છે." *(મિશ્કાત શરીફ, પેજ–૨૪૨)*

સૈયદુના અબૂબક્ર رضی اللہ عنہથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, **"જે શરીરને હરામ ખોરાક આપવામાં આવે છે તે જન્નતમાં પ્રવેશશે નહીં."** *(મિશ્કાત શરીફ, પેજ–૨૪૩)*

હઝરત સૈયદુના ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે તે ફર્માવે છે, **"કોઈ દસ દિરહમમાં કાપડ ખરીદે અને તેમાં એક દિરહમ હરામની**

**કમાઈનો હોય તો જ્યાર સુધી તે કાપડ તેના બદન પર રહશે એ અલ્લાહ તઆલા તેની કોઈ નમાઝ ક઼બૂલ કરશે નહીં."** *(મિશ્કાત શરીફ)*

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! ઉપરોક્ત હદીષો વારંવાર વાંચો, મનન કરો. અને તેના પર અમલ કરવાની પૂરેપૂરી કોશિશ કરો, ઈન્શાઅલ્લાહ ! જિંદગી બદલી જશે.

પહેલી હદીષે પાકનો અર્થ છે કે જેવી રીતે નમાઝ, રોઝા... વગેરે ઈબાદતો ફર્ઝ છે તેવી જ રીતે તેમના પછી હલાલ રોજી શોધવું પણ ફર્ઝ છે, માટે દરેક મુસલમાને નમાઝ, રોઝાની સાથે સાથે હલાલ રોજી પણ પ્રાપ્ત કરવી જોઈએ.

બીજી હદીષે પાકમાં છે કે જે શરીર હરામ ખારાકથી ફૂલે ફલે છે તે જન્નતમાં પ્રવેશશે નહીં. મુસલમાનો ! વિચારો કે જો હરામની કમાણીથી આપણે દુનિયામાં ખોરાક લીધો હશે તો બનવાજોગ છે કે આપણી ચાર દિવસની દુનિયા સુધરી જાય પણ જ્યાં હમેશાં રહેવાનું છે તેને સુધારવાની આપણે કેટલી કોશિશ કરી ? અલ્લાહ આપણી આખેરત સુધારી આપે અને હરામ કમાણીથી અને હરામ ખાણાથી બચવાની તૌફીક઼ આપે. આમીન.

ત્રીજી હદીષે પાકનો અર્થ છે કે અગર કોઈના કપડાનો દસમો ભાગ હરામનો હોય અને તેને પહેરીને નમાઝ પઢવામાં આવે તો અલ્લાહ તઆલા તે (હરામના દસમા ભાગ)ના કારણે નમાઝ ક઼બૂલ કરશે નહીં. મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! જે કપડાનો દસમો ભાગ હરામનો હોય તો તેની નમાઝ ક઼બૂલ થતી નથી તો જે આખે આખાં કપડાં હરામની કમાણીનાં હોય અને તેને પહેરીને ઈબાદતો કરવામાં આવે તો તેનો અંજામ શું થશે ? આ તો કપડાની વાત થઈ પણ જેમનું પેટ જ હરામની કમાણીથી અને હરામના ખાણાથી ભરાતું હોય તેમની નમાઝો અને બીજી ઈબાદતોનું શું ?

**પડોશી વિશે વસિય્યત :** ફર્માને નબી કરીમ ﷺછે કે પોતાના પડોશીઓની સાથે સારો વર્તાવ કર ! ત્યારે તું મુસલમાન થઈશ. અને ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ علیہ السلام મને હમેશાં પડોશીઓના વિશે વસિય્યત કરતા રહ્યા ત્યાં સુધી કે હું સમજ્યો કે નજીકમાં જ (હવે) પડોશીને વારસ બનાવી દેવામાં આવશે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, **"જે શખ્સ અલ્લાહ અને ક઼િયામત પર ઈમાન ધરાવે છે તે પોતાના પડોશીની ઈજ્જત કરે."** વધુમાં ફર્માવ્યું કે, **"બંદો ત્યાં સુધી મુસલમાન નથી થતો જ્યાં સુધી કે તેનો પડોશી તેની આફતો સુરક્ષિત ન હોય."** *(મુકાશફતુલ કુલૂબ)*

માટે દરેક મુસલમાન માટે જરૂરી છે કે પોતાની કમાણી અને ખાણામાં હલાલ અને જાઈઝનો ભરપૂર ખ્યાલ રાખે અને હરામ કમાણીનો એક કોળિયો પણ પોતાના પેટમાં ન જવા દે અને ઉપયોગમાં આવનારી દરેક ચીજમાં પણ ધ્યાન રાખે કે શરીઅત મુજબ હલાલ છે કે નહીં ?

હઝરત આરિફ રૂમી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

*ઈલ્મો હિક઼મત ઝાઈદ અઝ લુકમ એ હલાલ*
*ઈશ્ક઼ો રિક્કત ઝાઈદ અઝ લુક઼મ એ હલાલ*
*ચૂં ઝે લુક઼મા તુ હસદ બીની દવામ*
*જહલો ગફ઼લત ઝાઈદ આં રા દાં હરામ*

**અર્થાત :** હલાલ કોળિયાથી ઈલ્મ અને હિક઼મત પૈદા થાય છે. ઈશ્ક઼ અને દિલની નરમી હલાલ કોળિયાથી પૈદા થાય છે. જ્યારે તું જુએ કે લુક઼ામાથી હસદ, ધોકો, જેહાલત અને ગફલત પૈદા થાય છે તો સમજી લે કે તે કોળિયો હરામનો હતો.

આ સર્વે આયાતે મુબારકા અહાદીષે મુકદસા અને બુઝર્ગાને દીનના કથનો પરથી તારણ નીકળે છે કે ઈબાદત ક઼બૂલ થવાનો દારોમદાર હલાલ રોજી પર છે. માટે અલ્લાહની બારગાહમાં દુઆ કરીએ કે અલ્લાહ આપણને હરામ કમાણીથી અને હરામ ખાણાથી બચવાની તૌફીક઼ આપે. (આમીન)

# ASSIGNMENT

**-Mahmood Ekhlas**

*Our* **BARKAT-E-KHWAJA** *(Monthly) improving day by day. (Alhamdulillah !) Due to demand of some readers we have started an English article for English readers. We welcome from our readers article in English.* ***-Editor***

Mankind is different from other creatures and the Almighty Allah has imposed certain duties and responsibilities on us. Are we implementing them of running away from them ? For an answer, read further....

Boasting, egoism, greed, hatred, jealousy, hurting sentiments of others, encroaching on the rights of others, unlawful earnings, cruelty, brutality, miserliness, treachery and all such other traits harm the society in general and an individual in particular. Islam strictly forbids those characteristic because the harm caused by any one of them is very severe.

Unfortunately, a large number of Muslims males and females are caged in one or more such forbidden traits, Every adult, mature and sane person is aware that end of life is a positive fact; Death can seize a person anywhere and any time. Neither wealth, health nor beauty and knowledge can deter it.

Assignment given to a Muslim by the Almighty Allah cannot be described in a few pages, so we are presenting them very briefly.

Always speak the truth, Do not harm anyone. Do not hurt the feelings ands sentiments of people practicing other religions. Do good work, and be gentle and not arrogant. Be kind and not cruel. Be generous and keep away from miserliness. Be just and not unjust. Keep your promises, do not borrow and if at all you need to borrow, pay the debt immediately. Swallowing money of other person is a great sin and carries very severe punishment.

Besides offering five times prayers and recitation of the Holy Qur'an, one must concentrate and pay attention to one's duties. If you are a student you should strive hard and be a good student and dedicate your time to study. If you are businessman or a trader, be honest and never cheat or lie. A little gain by cheating and lying would cause a great loss in the Hereafter.

Religious teachings should not be ignored. There are many people, young and old who waste their time in idle talk or in watching unworthy television programmers. None of those activities are fruitful. We are stressing on learning the teachings of Islam, because we came across many youngsters who are not aware of the names of the parents of Allah's Messenger ﷺ. A little effort on the part of the youngsters would make a great difference.

Remember that nobility and not notoriety will attract others towards you and your religion. Imprints of sincerity can never be wiped out.

We conclude with some verses of the Holy Qur'an : "On the day when every soul will find itself confronted with all that in hath done of good and all that in hath done of evil (every soul) will long that there might be a mighty space of distance between it and that (evil). Allah biddeth your beware of Him. And Allah is full of pity for (His) bondmen." *(3 : 30)*

"Say, (O Muhammad, to mankind) : If ye love Allah follow me, Allah will love you and forgive you your sins. Allah is Forgiving Merciful." *(3 : 31)*

The first verse warns us that every one of us will have to face and account for our good and bad deeds, no hide and seek can be played on the Day of Judgment.

In the second verse a clear guidance is given about how our sins can be forgiven and gain Allah's love. Follow Allah's Messenger ﷺ in action, deeds and speech.

Here is one more verse, "But those who keep their duty to their Lord, for them are Gardens underneath which rivers flow, wherein they will be safe for ever. A gift of welcome from their Lord. That which Allah hath in store is better for the righteous." (3 : 198) The Almighty Allah be stow good sense on every one of us. Aameen.

*-(Divine Path, Dec. 2001, Mumbai)*

## બરકાતે ખ્વાજાની ટપાલ...કાર્યાલય

### દયાદરામાં મેહફિલે મીલાદ

તા. ૧૫–૩–૦૭, ૭. રબી અવ્વલ શરીફના રોજ રાત્રે ઈશા બાદ જનાબ ઉષ્માનભાઈ ખાન તરફથી મેહફિલે મીલાદનું આયોજન મોટા ચકલા ઉપર કરવામાં આવેલ જેમાં પોરબંદરના મશ્હૂર નઅતખ્વાં જનાબ મૂસા દલ સાહબે સરકાર આ'લા હઝરતની લખેલ શાનદાર નઅતો, મન્કબતોના ગુલદસ્તા પેશ કરી તથા સાથોસાથ રદ્દે વહાબિયા અનોખા અંદાઝમાં કરીને ઈમાની તાજગી ફેલાવી હતી. ઘણા સાદાતે કિરામ, ઉલમાએ એઝામ, હુફ્ફાઝ, અઈમ્મા હઝરાત, તલબા તથા અવામે હાજરી આપી ફયૂઝ હાંસલ કર્યો હતો.

### હલદરવામાં જશ્ને નૂરી વ દસ્તારબંદી વ જશ્ને મુજદ્દિદૈન

તા. ૨૩–૧–૦૮ના રોજ ઈશા બાદ ઈદગાહ મેદાન ખાતે હલદરવા ઈદગાહ મેદાનમાં દારુલ ઉલૂમ મુસ્તફાઈયા હલદરવામાંથી ફારિગ થનાર તલબાની દસ્તારબંદીના પ્રસંગે મુફતીએ રાજસ્થાન હઝરત અલ્લામા મૌલાના મુફતી અશ્ફાકહુસૈન સાહબ (દા.ઉ ઈસ્હાકિયા–જોધપુર)ની સરપરસ્તીમાં ''જશ્ને નૂરી વ જશ્ને દસ્તારબંદી'' મનાવાયો. જેમાં હઝરત મૌલાના મસીહુદ્દીન સાહબ (શૈખુલ હદીષ દા.ઉ. ગૌષિયા–ઈટરોલા) તથા હઝરત મૌલાના મુફતી જમાલુદ્દીન (સાહબઝાદા બદરે મિલ્લત–મુંબઈ)ના ઈલ્મે દીન તથા શાને હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પર શાનદાર બયાનો થયા. અંતમાં ૧૪–હાફિઝ, ૧૩–કારી તથા ૩–આલિમ થનાર તલબાની દસ્તારબંદી કરવામાં આવી.

તેમજ તા. ૧–૩–'૦૮ના રોજ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તથા મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના ઉર્સના મોકાઓ પર 'જશ્ને મુજદ્દિદૈન' ખલીફએ મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મૌલાના મુજીબ અશરફ (નાગપુરી) સાહબે ઈમાન અફરોઝ બયાન કરી હાજરજનોને ફયઝયાબ કર્યા હતા.

### જશ્ને ઈમામ અહમદ રઝા

**દયાદરા** : મુકામે ૨૫ સફર હિ.સ. ૧૪૨૯ના રોજ મોટા ચકલા પર શાનો શૌકત સાથે જશ્ને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ મનાવાયો જેમાં વિવિધ નઅતખ્વાં હઝરાતે નઅતો મન્કબત પેશ કરી હતી. બાદમાં હઝરત મૌલાના સાદિક દહેગામી સાહબે આ'લા હઝરતની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**હાડગુડ** : મુકામે તા. ૪–૩–૦૮, ૨૫ સફરના રોજ ''જશ્ને રઝા'' જામેઅ મસ્જિદમાં મનાવાયો જેમાં મદ્રસાએ ગુલશને બગદાદના મૌલાના ઈરફાન રઝા સાહબે આ'લા હઝરતની શાનમાં શાનદાર બયાન કરી હાજરજનોને ફયઝયાબ કર્યા હતા. –રજૂ : સૈયદ મુહમ્મદ મુનાદીન હકીમ (હાડગુડ)

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા જંબુસરી લખી જણાવે છે કે, તા. ૨૪/૨/૦૮ રવિવારના રોજ અમારી ભાણી રૂકસાના બાનુની શાદી કેરવાડા યાકૂબભાઈના નેક ફરઝંદ નાસિર સાથે થયા હતા. નિકાહ સુન્નતે રસૂલ મુજબ કરવામાં આવ્યા હતા જેમાં ખલીફએ સૈયદ મુહમ્મદ નૂરાની બાવા (પેટલાદી) જનાબ સૈયદ હાજી શૌકત અલીબાવા–જંબુસરી તથા ઘણા સાદાતે કિરામની મૌજૂદગીમાં જનાબ કારી શમીમ સાહબ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના મુદર્રિસે કસીદએ બુર્દા શરીફ, કલામે પાકની તિલાવત કરી હતી અને તેમણે જ નિકાહ પઢાવ્યા હતા. નિકાહ વિશે શાનદાર બયાન મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમ્તિયાઝભાઈ ભીંવડીવાલાએ કર્યું હતું. ત્યાર પછી દુઆ થઈ. અલ્લાહ તઆલા દુલ્હા દુલ્હનના જોડાને સલામત રાખે એ જ દિલી દુઆ છે. –તંત્રી

**ચાંચવેલ** : બરકાતે ખ્વાજા (માસિક)નાં ગ્રાહક (નં. ૩૦૪૩) તથા ચાહક જનાબ અબ્દુલ અહમદ ઉમરજી તટા ચાંચવેલવાળાની નેક દુખ્તર શબાનાની શાદી તા. ૩–૩–૨૦૦૮ના રોજ યોજાઈ હતી. તેની ખુશીમાં રૂા. ૨૦૦/– (બસો) બરકાતે ખ્વાજાને મળેલ છે. જઝાકલ્લાહ !

**અંકલેશ્વર** : (દાતારનગર) થી શેખ યાસીન અ.

સમદ ટેલર તરફથી રૂા. ૧૦૧ 'બરકાતે ખ્વાજા' (માસિક)ને તેમના ત્યાં પુત્રની શાદીની ખુશીમાં સહાય પટે મળ્યા છે. જઝાકલ્લાહ ! –તંત્રી

**ઝંઘાર** : થી જનાબ અ. રહીમ મુન્શી તરફથી તેમના વાલિદા મર્હૂમા મરયમબેન આદમ મુન્શીના ઈસાલે સવાબ અર્થે ગલેન્ડા મસ્જિદ માટે રૂા. ૫,૦૦૦/– ઈમદાદ આપી છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન) –તંત્રી

**કપડવંજ** : ના 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ગ્રાહક અને ચાહક જનાબ અબ્દુલમજીદ એ. મલેક (ઠાસરાવાળા)ની નેક દુખ્તર નફીસાબાનુ તથા નેક ફરઝંદ અનવરહુસૈનની શાદી તા. ૧૮/૨/૨૦૦૮ના રોજ યોજાઈ ગઈ. જેની ખુશીમાં 'બરકાતે ખ્વાજા' (માસિક)ને રૂા. ૧૦૦/– ઈમદાદ મોકલી છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા બંને જોડાને સલામત રાખે તેમજ શાદી માટે ઘણી ઘણી મુબારકબાદ ! –તંત્રી

**ભાવનગર** : થી અમારા 'બરકાતે ખ્વાજા' માસિકના ગ્રાહક જનાબ એ.યુ. કુરૈશી, ગ્રાહક નં. ૨૫૨ના નાના ભાઈ કાસમભાઈ યુ. કુરેશી પાનવાડી તા. ૧૫–૨–૨૦૦૮ના રોજ જુમ્આના દિવસે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૦/– 'બરકાતે ખ્વાજા' (માસિક)ને મળ્યા છે.

**બીલીમારો** : 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ગ્રાહક અને ચાહક જનાબ અ. હમીદભાઈ મુલ્લાના વાલિદ જનાબ હાજી ગુલામ મુહમ્મદ હાજી અઝીમ મુલ્લા ૧૮–૨–૨૦૦૮ને સોમવારના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. તેમના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે 'બરકાતે ખ્વાજા' (માસિક)ને રૂા. ૧,૦૦૦/– ઈમદાદ મોકલેલ છે. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી ઉપરોક્ત મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) –તંત્રી


**સિમનાની કિતાબ ઘર**

હમારે યહાં કુર્આન શરીફ, મુસલ્લા, ટોપી, મખ્મલપેટી, રિયાલ, તીસ પારા પેટી, યાસીન શરીફ કી પેટી, ઈસ્લામી સ્ટીકર્સ, પંજપારા હપ્તી, પંજસૂરા, તસ્બીહ, રૂમાલ, નમાઝ, કલ્મા, દુરૂદ શરીફ ઔર દુઆઓં કી કિતાબેં, ઉલ્માએ અહલે સુન્નત કી નઅત શરીફ ઔર સલામ ઔર તકરીર કી CD ઔર ઉર્દૂ ઔર ગુજરાતી કિતાબેં ઔર ટેપ કેસેટેં, અગરબત્તી, અત્તર, સુર્મા, કાજલ, લોબાન, મહેંદી, જાફરાન, કલુંજી કા તેલ, કલુંજી કા પાવડર, ઝૈતૂન કા તેલ, સુલ્તાન તેલ ઔર દંત મંજન, દુઆએ ગજુલ અર્શ, ગુલાબજલ, નૂરનામા, અહસનુલ કવાઈદ, યસ્સર્નલ કુર્આન, અમ્માપારા, તખ્તી ઔર મદ્રસા કે બચ્ચોં કે લિયે ઉર્દૂ કિતાબેં, નૂરાની તા'લીમ, હિંદુસ્તાની કાયદા, તામીરે અદબ, નૂરાની કાયદા, બહારે ઉર્દૂ, ઉર્દૂ કી પહેલી.... વગેરહ કિફાયતી હદિયામેં મિલેગા. તથા **બરકાતે ખ્વાજા (માસિક) લવાજમ** નોંધાવવા સંપર્ક કરો :–

હમારા પતા : **સિમનાની કિતાબ ઘર**, સૈયદ લિયાકત અલીબાપુ બરોડાવાલે
બાવામિયાં પીર હોલ કે સામને, પાદરા, જિ. વડોદરા, મો. ૯૮૯૮૮ ૫૧૧૫૧


**આ કિતાબ અવશ્ય મંગાવો !**

**કિતાબ** : **કુર્બાની કા બકરા** (પેજીસ–૫૬) કિંમત : રૂા. ૧૨ (M.O. કરીને મંગાવો)

**લેખક** : મુનાઝિરે અહલે સુન્નત **હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબ**

**પ્રકાશક** : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા, ઈમામ અહમદ રઝા રોડ, મેમનવાડ, **પોરબંદર**

કુર્બાની વિરુધ્ધ 'ગુજરાત સમાચાર' દૈનિક પત્રના તા. ૩–૧૨–૦૭ના ઢંગધડા વિનાના લેખમાં ઈસ્લામના તથા કુર્આન હદીષના ફર્માન વિરુધ્ધ ગલત સલત વાતો લખીને કુર્બાની સંબંધે મુસ્લિમો તેમજ અન્ય લોકોને ગેરમાર્ગે દોરવા પ્રયાસ થયો હતો તેનો સચોટ જવાબ આ કિતાબમાં કુર્આન–હદીષ થકી રજૂ કર્યો છે. તથા એ લેખ લખનારની હઠધર્મી, અજ્ઞાનતા તથા અણઘડપણાને ઉઘાડુ પાડી તેની ખૂબ ઝાટકણી કાઢી. હક્કને જાહેર કર્યું છે. એ બદલ હમદાણી સાહબને તથા પ્રકાશક સંસ્થાને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**૫ રૂા. ની ટપાલ ટિકિટ મોકલી શજરા શરીફ મંગાવો !**

સિલસિલા કાદરિય્યહ્, રઝવિય્યહ્, અઝહરિય્યહમાં બયઅત થનાર ભાઈ બહેનોને જણાવવાનું કે ખૂબ જ સુંદર ફોર કલર ટાઈટલમાં ઉમદા કાગળ પર છપાયેલ શજરા શરીફ (પોકેટ સાઈઝ)માં મંગાવવા કવરમાં ૫ રૂા.ની ટપાલ ટિકિટ નીચેના સરનામે મોકલો :–

**બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલય,**
મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

**નોંધ :** દયાદરા M.O. કરનાર ગ્રાહકો, મેમ્બરોને વિનંતિ કે M.O. ફોર્મમાં સંદેશના સ્થાન પર સંપૂર્ણ સરનામુ ફોન નંબર તેમજ રકમ શાના માટે મોકલી તેની વિગત અવશ્ય લખે. –તંત્રી

**★ ભૂલ સુધારો ★**

બરકાતે ખ્વાજા (માસિક), માર્ચ–૨૦૦૮, પેજ નં. ૧ નઅત શરીફમાં પ્રથમ બંને લાઈનોમાં **ખર્ચ** ને બદલે **ચર્ખ** વાંચવું. પેજ નં. ૯, લીટી નં. ૧૧માં **બરેલ્વી**ને બદલે **દહેલ્વી** કરવું.


**બીમારીઓથી છૂટકારો પામો !**

આયુર્વેદિક નુસ્ખા થકી વા, શ્વાસ, લકવા, કેન્સર, હરસ, મસા, હાર્ટ, ખરજવું, થાયરોડ, ડાયાબીટીસ, શરીરનું વજન ઘટાડવા–વધારવા, પથરી ઓગળવા, દાઢ પાડયા વગર મટાડવામાં આવશે. તેમજ દરેક પ્રકારના ઈલાજ સંતોષકારક કરવામાં આવશે.

**મુનીર સાહેબ યૂસુફખાન ઠાકોર**
ઠે. મકાન નં. બી/૩૩, રોશન પાર્ક, બાયપાસ, જંબુસર ચોકડી પાસે, ભરૂચ (ગુજરાત)
મો. ૯૯૭૯૩ ૯૫૪૧૧

**ઘર બેઠાં વજન વધારો/ઘટાડો (હર્બલ)**

**૧ મહીનાની માત્ર : રૂા. ૬૦૦ અને તેથી વધુ**
વા, પગ, ગુથણનો દુઃખાવો, ચાલવાની તકલીફ, કમરનું દર્દ, ખભાનું દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ

**૧૫ દિવસની માત્ર રૂા. ૨૪૦/–**

**ઈસ્માઈલ સાલેહ**
મુા. **દયાદરા,** મોટા ચકલા, તા. જિ. ભરૂચ
ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૨૩૨૨,
**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮
*પોસ્ટ/કુરિયર દ્વારા ઉપલબ્ધ*


## બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

કાર્યાલય

**વિષય : ઈસ્લામમાં હલાલ રોજીનું મહત્વ અને આપણે**

**★ લેખ હરીફાઈમાં પ્રથમ પાંચ નંબર મેળવનારાઓનાં નામો ★**

નં ૧. **મુહમ્મદ અલ્તાફ બાપુમિયાં બુખારી** (દા.ઉ. મિસ્કીનિયા–ધોરાજી) રૂા. ૩૦૦/– (પ્રથમ ઈનામ)
નં ૨. **પટેલ સોહેલ ઈકબાલ-માંગરોલ** (દા.ઉ.નૂરે મુહમ્મદી–દયાદરા) રૂા. ૨૦૦/– (બીજુ ઈનામ)
નં ૩. **પીરવાણી મુહમ્મદ અમીન હાજી હારૂનભાઈ-વરતેજ** રૂા. ૧૦૦/– (ત્રીજુ ઈનામ)
નં ૪. **વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન-રાજપારડી** રૂા. ૫૦/– (ચોથુ ઈનામ)
નં ૫. **મકબુલહુસૈન અબ્દુલ્લાહ દયાદરવી-Polokwane, R.S.A.** રૂા. ૫૦/– (પાંચમુ ઈનામ)

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

**ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર**

**નોંધ** : આ લેખ હરીફાઈ મદ્રસાના કે સ્કૂલના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત છે.

તા. **૧૨–૦૬–૨૦૦૮** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

## જો માંગા મિલ ગયા

અઝ : ઉસ્તાદે ઝમન
હઝરત હસન રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ

આસિયોં કો દર તુમ્હારા મિલ ગયા
બે ઠિકાનોં કો ઠિકાના મિલ ગયા

ફઝ્લે રબસે ફિર કમી કિસ બાત કી
મિલ ગયા સબ કુછ જો તયબહ મિલ ગયા

કશ્ફે રાઝે *'મન્ રઆની'* યૂં હુવા !
તુમ મિલે તો હક્ક઼ તઆલા મિલ ગયા

બેખૂદી હૈ બાઈષે કશ્ફે હિજાબ
મિલ ગયા મિલને કા રસ્તા મિલ ગયા

ઉન્કે દરને સબસે મુસ્તગ્ની કિયા
બેમતલબ બે ખ્વાહિશ ઈત્ના મિલ ગયા

નાખુદાઈ કે લિયે આયે હુઝૂર !
ડૂબતોં કો સહારા મિલ ગયા !

દોનોં આલમસે મુઝે ક્યૂં ખો દિયા
નફ્સ ખૂદ મતલબ ! તુઝે ક્યા મિલ ગયા

આંખેં પુરનમ હો ગઈ સર ઝુક ગયા
જબ તેરા નક઼્શે કફે પા મિલ ગયા !

ખુલ્દ કૈસા ક્યા ચમન કિસ કા વતન !
મુઝ કો સહરાએ મદીના મિલ ગયા !

હૈ મહ઼બ્બત કિસ ક઼દર નામે ખુદા
નામે હક્ક઼સે નામેવાલા મિલ ગયા !

ઉન્કે તાલિબાને જો ચાહા પા લિયા
ઉન્કે સાઈલને જો માંગા મિલ ગયા

તેરે દર કે ટુકળે હૈં ઔર મૈં ગરીબ
મુઝ કો રોઝી કા ઠિકાના મિલ ગયા

અય **'હસન'** ફિરદોસમેં જાએં જનાબ
હમ કો સેહરાએ મદીના મિલ ગયા

## મરહબા ! મરહબા !

અઝ : જનાબ અલ્હાજ ક઼ારી રિઝ્વાન સાહબ
*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

આ ગયે મુસ્તફ઼ા મરહબા ! મરહબા ! બોલો સલ્લિ અલા
**મરહબા ! મરહબા !**

દૂર દુન્યા કે સારે અંધેરે હુએ, આયે નૂરલ હુદા
**મરહબા ! મરહબા !**

ફખ્રે આદમ હૈં ફખ્રે રુસુલ આપ હૈં, અય રસૂલે ખુદા !
**મરહબા ! મરહબા !**

ફ઼િક્રે ઉમ્મત મેં આતે હી સજદા કિયા, ઔર માંગી દુઆ,
**મરહબા ! મરહબા !**

બખ્શ દે મેરી ઉમ્મત કો મેરે ખુદા, ખુલ્દ કર દે અતા
**મરહબા ! મરહબા !**

ઝુક ગયા કા'બા ભી ઉન્કે ઘર કી તરફ઼, ઔર કહને લગા,
**મરહબા ! મરહબા !**

આજ ફ઼ારસ કા આતશકદા બુઝ ગયા, આઈ ઠંડી હવા
**મરહબા ! મરહબા !**

અય હલીમા ! હૈ ચમકા મુક઼દ્દર તેરા, ગોદમેં જબ લિયા,
**મરહબા ! મરહબા !**

તેરા કમઝોર નાક઼ા તવાના હુવા, બરકાતે મુસ્તફ઼ા
**મરહબા ! મરહબા !**

સિરકે બલ સારે બુત થરથરા કર ગિરે, કુદ્દુસિયોંને કહા,
**મરહબા ! મરહબા !**

આપ અવ્વલ ભી હૈં આપ આખિર ભી, ખાતમુલ અંબિયા
**મરહબા ! મરહબા !**

ઝિક્રે મીલાદ **'રિઝ્વાન'**ને જબ જબ કિયા, બોલે અહલે સફ઼ા
**મરહબા ! મરહબા !**

**અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !** **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ જિ. ભરૂચ** ખાતે રૂમો બનાવવાની ખાસ જરૂરત છે. જેના માટે હાલ રૂમો બનાવવા નીચેના સખી હઝરાતે સહાય કરી છે.

**★ જનાબ હાફેઝ આદમ સાહબ કંબોલીવાળા ★ જનાબ ઈલ્યાસભાઈ મુહમ્મદ બૂમ મછાસરાવાળા**

**★ જનાબ સલીમભાઈ અરગામાવાળા ★ જનાબ અઝીઝભાઈ સમનીવાળા**

**નોંધ : હજી રૂમો બનાવવા જરૂરી હોવાથી કામકાજ પ્રગતિમાં છે તો સખીદાતા સહાય કરે એવી અપેક્ષા છે.**

મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આ સખીદાતાઓના મર્હૂમોની મગફેરત ફર્માવે, તેમની તથા તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે અને સર્વે દુનિયવી ઉખરવી આફત, બલાઓ, મુસીબતો જિસ્માની રૂહાની બીમારીઓથી તેમને મેહફૂઝ રાખે. (આમીન) *લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*

**ખાનકાહે કાદરિય્યહ્ રઝવિય્યહ્–મેહબૂબનગર** ગાદીનશીન હઝરત મુહમ્મદ રફીક રઝા કાદરી નૂરી બાની દારુલ ઉલૂમ મુસ્તફા રઝા, ઠે. D. No. 2-12-21/1, SBH Road, મેહબૂબનગર–509001 (મો. : ૯૪૪૦૯ ૩૦૫૪૩, ૯૯૪૮૧ ૨૧૬૮૭)

★ દર વર્ષે મીલાદુન્નબી ﷺના મોકા પર ફજરની નમાઝ બાદ હુઝૂર ﷺના બાલ મુબારકની ઝિયારત, ઝોહર બાદ લંગર તથા દર્સે હદીષ શરીફ થાય છે.

★ દર વર્ષે ૧૧ મી શરીફની ન્યાઝનું લંગર તથા હુઝૂર સૈયેદના ગૌષે આ'ઝમ رضي الله عنهના બાલ મુબારક, ચાદર મુબારકની ઝિયારત કરાવવામાં આવે છે.

★ દર વર્ષે છટ્ઠી શરીફમાં સરકાર ખ્વાજા ગરીબ નવાઝ رضي الله عنهની ન્યાઝનું લંગર.

ઉપરાંત દર મહીને ખાસ દિવસોએ બુઝુર્ગોની ન્યાઝ તથા ઝિક્રની મેહફિલો થાય છે. વધુ માટે જણાવેલ સરનામે તથા ફોન પર સંપર્ક કરી ફયઝ ઉઠાવશો. (સ્થળ સંકોચને કારણે ટૂંકમાં વિગત છાપી છે. –*તંત્રી*)

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૦૧. શેખ યુવાન** : જ.તા. ૧૩–૯–૮૩, ઉંચાઈ : ૫.૯', વજન : ૭૦ kg., ગુજરાતી, હિંદી, અંગ્રેજી, ઉર્દૂ ભાષા જાણનાર, શોખ : રીડિંગ, ડ્રાઈવિંગ, ઈલ્મે દીન જાણવું, H.S.C. પાસ, ગેસ સ્ટવ રિપેરિંગનો ધંધો. (અમદાવાદ સાઈડ)

**૦૨. કાઝી યુવાન** : ઉમર : ૨૪ વર્ષ, નવ પાસ, કોમ્પ્યુટરથી મોબાઈલ રિપેરિંગનો જોબ. (ધોળકા સાઈડ)

**૦૩. ખલીફા યુવાન** : ઉમર : ૨૮ વર્ષ, પાંચ પાસ, આલિમ, કારી, આવક રૂા. ૫,૦૦૦ માસિક, આલિમા પસંદગી પાત્ર (ગાંધીધામ સાઈડ)

**૦૪. સૈયદ યુવાન** : એજ્યુ. ૧૧, કોમર્સ પાસ, બેઝીક કોમ્પ્યુટર, હિંદી, ગુજરાતી, અંગ્રેજી જાણનાર, વજન : ૫૦kg., ઉંચાઈ ૫.૫', ધંધો હોલસેલ ફૂટવેર, રૂા. ૧૦,૦૦૦ માસિક આવક

**૦૫. મેમણ યુવતી** : ઉમર : ૨૭ વર્ષ, ૧૦ પાસ, કોમ્પ્યુટર જાણકાર. (ભાવનગર તરફ) **૦૬. મેમણ યુવતી** : (ડાયવોર્સ્ડ) ઉમર : ૪૦ વર્ષ, ઘરે ટયુશન કલાસ (ધોરાજી તરફ)

**૦૭. મેમણ યુવતી** : ઉમર : ૩૨ વર્ષ, ૧૦ પાસ, ઘર કામમાં હોશિયાર (પોરબંદર તરફ)

**૦૮. મેમણ યુવતી** : જ.તા. ૧૪–૮–૧૯૭૪, એજ્યુ.M.Sc. Ph. D., ઊંચાઈ : ૫.૪'. (ભાવનગર)

**૦૯. સિપાઈ યુવતી** : જ.તા. ૧૦–૧૨–૧૯૭૯, ઊંચાઈ : ૫.૩' એજ્યુ.B.A., દેખાવડી (સૌરાષ્ટ્ર તરફ)

**૧૦. કાઝી યુવતી** : ઉમર : ૩૦ વર્ષ, ઊંચાઈ : ૫.૩', દેખાવડી, ૧૨ પાસ, સિલાઈકામ, કુર્આન નાઝરા પઢેલી, ધાર્મિક શોખ. (સૂરત તરફ)

**[વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક) કાર્યાલયનો સંપર્ક કરો.]**